An ISO 9001:2008 (QMS) Certified Company

ગુજરાતી તેમજ અંગ્રેજી ભાષામાં પ્રસિદ્ધ થતું એકમાત્ર આર્થિક સાપ્તાહિક



સંવર્ધક તંત્રી : સ્વ. કાન્તિલાલ એમ.શાહ
તંત્રી : દિલીપ કે. શાહ

આર્ચી પબ્લિકેશન્સ
311 & 313, નાલંદા એન્કલેવ
પ્રિતમનગર, એલીસબ્રીજ, અમદાવાદ.
Ph. : 079-26576639
Fax : 079-26579996
E-mail : smartinvest25@gmail.com
smartinvest25@yahoo.in
info@smartinvestment.in
website : www.smartinvestment.in


# સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટ


www.smartinvestment.in
સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટ વેબસાઈટ ઈન્ડેક્સ
માત્ર એક જ સપ્તાહમાં 16,000 હીટ્સ
મબલખ કમાણી કરવા માટે દરરોજ લાભ ઉઠાવો
61,81,111 હીટ્સ
ડેઈલી ટ્રેડર્સો માટે કમાણીનો કુબેર ભંડાર
Future - Options, Stock - Watch, Funda - Picks, Technical Shares, Speculative Scrips, Primary Market,



GAMC No. : 1530/2016-2018 Valid Up to 31st December 2018

Pages 16

SMART INVESTMENT

Vol : 17 | Issue No. : 19 | RNI No : GUJGUJ / 2000 / 7618 | 13th June to 19th June 2016

₹ 30/-

Published Place : 311 & 313, Nalanda Enclave, Opp. Sudama Resorts, Pritam Nagar1st Dhal, Ellisbridge, Ahmedabad.


## તેજી ફરી શરૂ થાય તે પહેલાં બજાર મજબૂત બન્યું
## સેન્સેક્સ ૨૭૧૪૮ સુધી પહોંચવામાં નિષ્ફળ

### માર્કેટ સ્કેન




Jatin Sanghavi
(Mumbai)
(M) 098205 26455
E-mail :
jatinsanghavi100@yahoo.com


:::: INDEX LEVELS ::::

| | S3 | S2 | S1 | Close | R1 | R2 | R3 |
|---|---|---|---|---|---|---|---|
| NIFTY | 7890 | 7992 | 8088 | 8170 | 8262 | 8359 | 8448 |
| SENSEX | 25549 | 25927 | 26256 | 26635 | 27008 | 27318 | 27618 |

અપેક્ષા મુજબ જ બજાર આખું સપ્તાહ મંદી તરફી રહ્યું. નિફ્ટી ૬૧.૮ ટકા રીટ્રેસમેન્ટ સ્તર પાર કરીને ૮૨૪૩ના સ્તરે પહોંચ્યો હતો, પરંતુ સેન્સેક્સ તેમ કરવામાં નિષ્ફળ રહ્યો. સેન્સેક્સે ૨૭૧૦૫ની સાપ્તાહિક ટોચ બનાવી, પરંતુ તે ૨૭૧૪૮ના ૬૧.૮ ટકાના મહત્વપૂર્ણ રીટ્રેસમેન્ટ સ્તરે પહોંચવામાં નિષ્ફળ રહ્યો. આ કારણે સપ્તાહમાં

Buy Vedanta : 116 ; SL 113 ; TGT 121-127




તેજીવાળામાં સુસ્તી જોવા મળી હતી. આ રીવર્સલના સંકેત નથી. તે માત્ર મજબૂતીના સંકેત આપે છે. તેના પરીણામે તેજીવાળોને ઉપર દર્શાવેલા મહત્વપૂર્ણ સ્તરથી આગળ વધવામાં મદદ મળશે. નજીકના સમયમાં ૭૯૮૪-૭૯૪૧ વચ્ચે બુલીશ ગેપમાં મજબૂત ટેકો મળવાની અપેક્ષા છે.

***ટેકનિકલ દ્રષ્ટિએ બજાર :-*** સેન્સેક્સ ગયા અઠવાડિયે ૨૬૮૯૭ ઉપર ખૂલ્યા બાદ ઉપરમાં ૨૭૧૦૫ સુધી અને નીચામાં ૨૬૬૨૦ સુધી ગયા બાદ છેલ્લે ૨૬૬૩૫ બંધ આવ્યો છે. સપ્તાહ દરમિયાન તેમાં ૨૦૮ પોઈન્ટનો ઊછાળો નોંધાયો છે. એ જ રીતે નિફ્ટી ૮૨૨૮ ખૂલ્યા બાદ ઉપરમાં ૮૨૯૪ અને નીચામાં ૮૧૬૨ સુધી ગયા બાદ છેલ્લે ૮૧૭૦ બંધ આવ્યો છે. સપ્તાહ દરમિયાન નિફ્ટીમાં પણ ૫૦ પોઈન્ટની તેજી જોવા મળી છે.

### આ સપ્તાહની ભલામણ

| Rec. | Name | CMP | SL | TGT-1 | TGT-2 |
|---|---|---|---|---|---|
| Buy | ReLInfra | 549 | 537 | 568 | 588 |
| Buy | JSW St. | 1418 | 1385 | 1468 | 1520 |
| Buy | CoLPaL | 872 | 853 | 901 | 931 |
| Buy | Vedanta | 116 | 113 | 121 | 127 |
| Buy | Petr. LNG | 276 | 270 | 285 | 295 |

દૈનિક ચાર્ટ્સ પર સેન્સેક્સ અને નિફ્ટી નેએ સ્મોલ બ્લેક બોડી ઈન્વર્ટેડ મર ફોર્મેશન બનાવી છે. આ બુલિશ રિવર્સલ પેટર્ન છે, જેને હજી પુષ્ટી મળી નથી. સાપ્તાહિક ચાર્ટ્સ પર બંને ભાવાંકોએ સ્મોલ બ્લેક બોડી કેન્ડલની રચના કરી છે. આમ, દૈનિક કેન્ડલ સ્ટિક પેટર્ન

(અનુ. પાના નં. ૧૨ ઉપર)

## સળંગ બે સપ્તાહની તેજી બાદ ભાવાંકનો પ્રત્યાઘાતી ઘટાડો
## બજારની ચાલનો મુખ્ય આધાર હવે ફક્ત ચોમાસાની પ્રગતિમાં

દેશનાં શેરબજારોની સળંગ બે અઠવાડિયાની તેજીની ચાલ આગળ વધી શકી નહતી અને તેથી તે બાદના ત્રીજા અને વિતેલા સપ્તાહમાં મુંબઈ શેરબજારના ભાવાંકે ફરી એકવાર ૨૭૦૦૦ ની સપાટી ઓળંગી હતી છત્તાં આ અઠવાડિયે ૨૦૭ પોઈન્ટથી ઘટીને બંધ રહ્યો હતો. સારા ચોમાસાની આગાહી છત્તાં તેના આગમનમાં થયેલાં વિલંબ, વિદેશોનાં શેરબજારોની નરમાઈ, યુરોપીય દેશોના સંગઠનમાંથી બ્રિટનના નિકળી જવાની વધેલી સંભાવના, ક્રુડ તેલના ભાવમાં વધ્યા સ્તરેથી પીછેહઠ, ઈન્ફોસિસ ટેકનોલોજીના કર્મચારીઓને ભારે મોટા પગાર વધારા થકી કંપનીના નફામાં થનાર સંભવિત ઘટાડા થકી તેના શેરમાં પડેલા ગાંબડા, અમેરિકામાં વ્યાજના દરમાં વધારો થવાની વધેલી સંભાવના અને નફારૂપી વેચવાલી જેવાં પરિબળોએ આ ઘટાડા માટેની ભૂમિકા પુરી પાડી હતી.

આ વરસના ચોમાસાની અત્યંત સારી આગાહી થકી બે અઠવાડિયાં પૂર્વે શેરબજારોમાં અણધારી અને મોટી તેજી થઈ ગઈ હતી જેમાં ભાવાંક ૧૩૦૦ પોઈન્ટથી પણ વધુ થી ઉછળી ગયો હતો પરંતુ કેરળ ખાતે ચોમાસાનું આગમન લંબાઈ જવાના કારણે તે બાદના અને ગયા અઠવાડિયે

### ચાર્ટીસ્ટની નજરે



તલકસી ગોસર (મુંબઈ)

***E-Clerx, JSW Energy***
***J.P. Power***

તેજીની માત્રા અત્યંત મોટા પ્રમાણમાં ઘટીને ફક્ત ૧૮૯ પોઈન્ટ જેવડી જ નાનકડી થઈ જતાં તે બાદના અને વિતેલા સપ્તાહમાં તો બજારના ઘટી જવાની શકયતા જ ચર્ચાતી થઈ હતી અને આવી શકયતા ખોટી પણ પડી હતી અને સાચી પણ ઠરી હતી. આ અઠવાડિયે મંગળવાર અને બુધવારે જે મુજબની તેજી થઈને ભાવાંક ૨૭૧૦૦ ની સપાટી પણ ઓળંગી જઈ શક્યો હતો તે દ્રષ્ટિએ જોતાં આ અઠવાડિયે બજારો ઘટવાની શકયતા ખોટી કરી હતી પણ તે બાદ ગુરૂવારે અને શુક્રવારે બજારો જે તૂટ્યાં હતાં તથા ગયા સપ્તાહના બંધની સામે ૨૦૭ પોઈન્ટથી ઘટીને બંધ રહ્યા હતા તેને લઈને આ અઠવાડિયે બજારો ઘટીને બંધ રહેશે એવી શકયતા જેમને દેખાઈ હતી તેઓ સાચા પણ પડ્યા હતા.

જેની સંભાવનાના આધારે ત્રણ અઠવાડિયા અગાઉ બજારોમાં જબરો ઉછાળો આવી ગયેલો તે ચોમાસું, કેરળ ખાતે તો ગયા સપ્તાહે શરૂ થઈ ગયું હતું પણ તે બાદ તેની દેશના અન્ય વિસ્તારો ભણી જે પ્રગતિ થવી જોઈતી હતી તે ધીમી પડી ગઈ હતી જેથી શેરબજારો માટે આ અઠવાડિયે સારા ચોમાસાની આગાહીની કોઈ ગણતરી પણ રહેલી નહતી અને તેના બદલે

(અનુ. પાના નં. ૧૨ ઉપર)

### આ અંકના આકર્ષણો


★ રાકેશ ઝૂનઝૂનવાલાના ફેવરિટ શેરોમાં મંદીનો માહોલ
★ ગ્રે માર્કેટમાં મહાનગર ગેસના IPOના પ્રિમિયમ ભાવે કામકાજ શરૂ ! મિનિમમ અરજીના કોષ્ટકના સોદા પણ શરૂ !
★ ભારતના મહારથીઓનું રોકાણ બફેટનો 'બ્લુ વ્હેલ' પેટર્નના માર્ગે
★ હું નથી માનતો કે મોદી સારા વડાપ્રધાન છે.... પરંતુ... (નારાયણા મૂર્થિ ની નજરે...)
★ જુન ૨૦૧૬ મોટ લાર્જ - મિડ કેપ ટોપ પિક્સ
★ ઈન્ફોસીસમાં ૯ મહિનામાં સૌથી મોટા કાડાકાનું રહસ્ય શું છે ?
★ માઈક્રો ફાયનાન્સ શેર્સ મલ્ટીબેગર્સ બન્યા
★ અલકેમ લેબ્સ, વિડિયોકોન, ડૉ. રેડ્ડી અને ટીસીએસ મહામુશ્કેલીમાં
★ ટોપ-૧૦ રેટ સેન્સિટિવ સ્ટોક્સ
★ Axis Bank V/s. ICICI Bank માંથી કયો શેર્સ પસંદ કરશો ?


## ક્રુડ વિરુદ્ધ વરસાદ

### દિવાને-ખાસ




એ. જે. દિવાન (મુંબઈ)
mail :
divanconsultancy@rediffmail.com


વરસાદ કેરાલામાં આવી ગયો અને ધારવા કરતાં વરસાદ સારો આવશે તેના પર બજારને પ્રતિકારક સપાટી ૮૨૦૦ ની અને ઈન્ડેક્સને એકવાર ૨૭૦૦૦ ની ઉપર લઈ ગયા. માર્કેટ થોડું ઓવરબોટ ઝોનમાં છે. એટલે બજારમાં વધઘટ રહેવાની શકયતા છે.

***ઈન્ફોસીસ***નું ફરી નાટક : દર વખતની જેમ ઈન્ફોસીસને ફરી નાટક કરવાનું મન થયું. શેરનો ભાવ ઉપરથી રૂ. ૫૦ જેવો તુટી ગયો. કંપનીના કહેવા પ્રમાણે આવનાર મહીનામાં ઘણા ઉતાર ચઢાવ છે પણ આપેલી ગાઈડન્સ જાળવી રાખીશું. દર વખતની જેમ ભાવ વધે ત્યારે ભાવ ઘટાડવા પ્રેસમાં જવા યછે જો શેર ૧૧૩૦ ની આસપાસ આવે તો જ રોકાણ કરવું.

***જેએસડબલ્યુ સ્ટીલ :-*** શેરનો ભાવ રૂ. ૧૪૦૦ ની ઉપર થઈ ગયો. સ્ટીલ ક્ષેત્રમાં આ શેર ઘણો જ સારો લાગે છે. લાંબાગાળાના રોકાણ માટે ધીમે ધીમે ભેગા કરવા લાયક શેર છે. જો રોકાણકાર પાસે ૫૦૦ ***ટાટા સ્ટીલ*** હોય તો તેને ૧૨૦ જીંદાલ સ્ટીલમાં રૂપાંતર કરી શકાય. આમાં ખાસ નોંધ લેવી કે આ લાંબાગાળાની ભલામણ છે. જે.પી. એસોસિએટ ગયે વખતે લકેલુ તેમ શેર કાચબાની ગતિથી ધીમે ધીમે આગળ વધે છે. કંપની પાસે નાણાં આવશે તેવી સુધારાની આશા છે. ***સુઝલોન :*** કંપનીના સારા સમયમાં શેરનો ભાવ ૫૫/૬૦ હતો. આજના જમાનામાં આવી કંપનીઓની જરૂરિયાત છે. રૂ. ૧૬ ની આસપાસ આ શેરમાં રોકાણ કરી શકાય. બજારમાં હાઈ પ્રાઈસ શેરમાં વેચવાલી જોવાઈ શકે છે. બજાર જે રીતે જેટલુ જોરથી વધેલું તેમાં થોડો નફો ઘર ભેગો થશે. એસીયન પેઈન્ટ, ટાટા સ્ટીલ, ***આઈટીસી, ટાટા મોટર્સ***માં હજી થોડી વેચવાલી આવી શકે છે. ક્રુડના વધતા ભાવ ભારતની આર્થિક પરિસ્થિતિને ખરાબ કરી શકે છે. સારો વરસાદની તેજીની બાજી બગાડી શકે છે. રઘુરામ રાજને જો એક વધુ ટર્મ આપશે તો સુબ્રમણ્યમ સ્વામી નારાજ થશે આ બીજેપી માટે મોટી સમસ્યા છે. શુક્રવારે યુ.કે.ના માર્કેટ નબળા ખુલતા ભારતના બજારો ઉપરના ભાવે વેચવાલી જોવાય. માર્કેટનો બ્રેથ નેગેટીવ હતો. પબ્લિક સેકટર બેન્કોમાં કેપીટલની જરૂર છે તો જ સુધરશે. ★★★

### BUY.... BUY....BUY

| Co. Name | Code | Price |
|---|---|---|
| JSW Energy | 533148 | 80.00 |
| Sanghi Ind. | 526521 | 72.00 |
| Sintex | 502742 | 77.00 |
| Jindal Saw | 500378 | 48.00 |
| Flex Foods | 523672 | 85.00 |
| PTC India | 532524 | 72.00 |
| Suzlon Energy | 532667 | 17.30 |
| Salzer Ele. | 517059 | 212.00 |
| VRL Logistics | 539118 | 310.00 |
| Escorts | 500495 | 177.00 |
| EROS Intl. | 533261 | 211.00 |
| Aegis Log. | 500003 | 128.00 |
| Engineers (I) | 532178 | 193.00 |
| Manglam Cem. | 502157 | 293.00 |

### TIPS OF THE WEEK

| Co. Name | Code | Price |
|---|---|---|
| Godrej Prop. | 533150 | 332.00 |
| Coal India | 533278 | 307.00 |
| Dredging Corp. | 523618 | 396.00 |
| CESC | 500084 | 565.00 |
| Igarshi Mot. | 517380 | 645.00 |
| Coromandal Int. | 506395 | 245.00 |
| TCPL Packag. | 523301 | 569.00 |
| PVR | 532689 | 935.00 |
| Alphageo | 526397 | 807.00 |
| M & M | 500520 | 1374.00 |
| Tata Motors | 500570 | 457.00 |
| Bannari Amag | 500041 | 1912.00 |
| BEML | 500048 | 863.00 |
| Motherson Sumi | 517334 | 288.00 |


શેરબજારને લગતી સૌથી સફળ વેબસાઈટ
www.smartinvestment.in
સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટ વેબસાઈટ ચાર વર્ષના ટૂંકા ગાળામાં મળી.... 61,81,111 Hits
નેટ યુઝર મિત્રો,
અમારી વેબસાઈટને અભૂતપૂર્વ પ્રતિસાદ આપવા બદલ આપ સૌનો ખૂબ-ખૂબ આભાર.
આવો જ પ્રતિસાદ અમને ભવિષ્યમાં પણ મળતો રહેશે તેવી ખાતરી છે
www.smartinvestment.in
"ક્લિક કરી મબલખ કમાણી કરતાં રહો."
આપની દરેક ક્લિક અમને વધુ નવા શિખરો સર કરવાનું બળ પૂરું પાડે છે.

Financial Weekly
SMART INVESTMENT

## બજાર કયા માર્ગે ?

**Dilip K. Shah**

# ભારતીય શેરબજારોમાં સતત બે સપ્તાહની તેજી પછી મંદીની બ્રેકથી તેજીની હેટ્રિક ધોવાઈ
## પ્રોફિટ બુકિંગના પગલે નિફટીએ ૮૨૦૦ ની અને સેન્સેક્સે ૨૭૦૦૦ ની મનોવૈજ્ઞાનિક સપાટી ગુમાવી
## વર્લ્ડ બેન્કે વૈશ્વિક આર્થિક વૃધ્ધિના અંદાજ ઘટાડતા તેમજ ચીનની નિકાસ ઘટતાં ગ્લોબલ માર્કેટ નેગેટવિ ઝોનમાં
## સાપ્તાહિક ધોરણે નિફટી ૫૦ પોઈન્ટ ઘટી ૮૧૭૦ અને સેન્સેક્સ ૨૦૭ પોઈન્ટ ઘટી ૨૬૬૩૫ ના લેવલે બંધ
## શુક્રવારે વિશ્વભરના શેરબજારો ‘RED’ માં બંધ રહેતા ગ્લોબલ માર્કેટમાં “All is Not Well”
## ભારતીય IIP ડેટા નિરાશાજનક રહેતા મેક ઈન ઈન્ડિયાને આંચકો : વ્યાજદર ઘટાડવાની માંગ ઉઠી શકે છે
## ક્રુડ ઓઈલની નરમાઈ અને નરેન્દ્ર મોદીની પાંચ દેશોની મુલાકાતથી અનેક સિધ્ધિઓ હાંસલ માર્કેટ માટે પ્લસ પોઈન્ટ
## કેરલમાં ચોમાસાનો પ્રારંભ, મહારાષ્ટ્રમાં દુકાળગ્રસ્ત વિસ્તારો તથા ગોવામાં ૪૮ કલાકમાં વરસાદની આગાહી
## આગામી સપ્તાહોમાં બજારની નજર ચોમાસાની પ્રગતિ, ૧૩ જુને ભારતના CPI ડેટા, ૧૪ જુને WPI ડેટા
## ૧૫ જુને સેન્ટ્રલ બેન્ક ઓફ જાપાનની મોનેટરી પોલીસી, ૧૬ જુને US કોર ઈન્ફલેક્શન રેટ, ૨૩ જુને બ્રેક્ઝિટનો ચુકાદો
## તેમજ ૨૪ જુને ભારતીય સંદદની મોન્સૂન સત્રના આરંભની ઘટનાઓથી ભારતીય શેરબજારોમાં તીવ્ર વોલેટીલીટી જોવાશે

સતત બે સપ્તાહથી ભારતીય શેરબજારોમાં પ્રર્વતતી તેજીની હેટ્રિક ચુકી ગયું. આ સંજોગોમાં નિફટીએ ૮૨૦૦ની અને સેન્સેક્સે ૨૭૦૦૦ની મનોવૈજ્ઞાનિ સપાટીઓ ગુમાવી દીધી હતી. જો કે, ભારતીય માર્કેટમાં સર્જાયેલ પરિસ્થિતિ બાબતે ભારતીય પરિબળો કરતાં વૈશ્વિક પરિબળો વધારે જવાબદાર રહ્યા હતા. તાજેતરમાં વર્લ્ડ બેન્કે વૈશ્વિક આર્થિક જીડીપી વૃદ્ધિનો અંદાજ અગાઉના ૨.૯ ટકાથી ઘટાડીને ૨.૪ ટકા કરતા તેની નેગેટીવ અસર અને આથીયે વધુ બ્રેક્ઝિટ ફેક્ટર પણ સેન્ટિમેન્ટને ખરાબ કરી રહ્યું છે. યુરો ઝોનમાંથી યુ.કે.ને બહાર થઈ જવા માટે ખેલાઈ રહેલા મત રેફરન્ડેમની ૨૩ જુનની તારીખ નજદીકમાં હોઈ જો યુ.કે. યુરોપની બહાર જવાના સંજોગો ઉદ્ભવે તો મોટાભાગના વૈશ્વિક નાણાંકીય બજારોમાં મોટાપાયે ખાના-ખરાબી થાય તેવી ભીતિએ વૈશ્વિક શેરબજારોના મોરલ ખરડાયા હતા. આ સાથે ક્રુડ ઓઈલના ભાવમાં આંતરરાષ્ટ્રીય સ્તરે ઘટાડો થવા સાથે ૫૦ ડોલરની અંદર ભાવ જતાં મંદીના પ્રવાહને ઈંધણ મળ્યું હતું.

આ સાથે ગ્લોબલ માર્કેટમાં સપ્તાહના આરંભથી મોટાભાગની વૈશ્વિક સેન્ટ્રલ બેન્કો આર્થિક ક્ષેત્રે વધુ મદદરૂપ બની રહેશે તેવા આશાવાદે રેલી જોવાઈ હતી પરંતુ વર્લ્ડ બેન્કના વ્યુ અને USના નબળા જોબ ડેટાએ સેન્ટિમેન્ટ પર નેગેટીવ અસર ઉપજાવી હતી એટલું જ નહીં આ પરિસ્થિતિમાં US ફેડરલ રિઝર્વ વ્યાજદરગ વધારામાં વિલંબ કરશે તેવો નિષ્ણાતોનો સૂર હતો જો કે બ્રેક્ઝિટના મત રેફરન્ડમાં બ્રિટન જો યુરોપ ઝોનમાંથી બહાર નિકળી જાય તો યુરોપના બજારોમાં ૨૫ ટકાનો જોરદાર કડાકો બોલી શકે છે. તાજેતરમાં ચીનના નબળા એક્સપોર્ટ ડેટા એવું સુચન કરે છે કે, મે મહિનામાં બહારની માંગમાં ઘટાડો નોંધાયો છે. જો કે, આની વિરુદ્ધ જાપાન માર્ચ ૨૦૧૬ ક્વાર્ટલી ડેટા અનુસાર જાપાનની ઈકોનોમિ વાર્ષિક ધોરણે અગાઉના ૧.૭ ટકાના અંદાજ સામે વધીને ૧.૯ ટકા રહ્યા છે. આ સાથે બેન્ક ઓફ જાપાનની મોનેટરી પોલીસી અંગેની મિટિંગ ૧૬ જુને મળી રહી છે જે US ફેડની મિટિંગ પછી બીજા દિવસે છે.

આ સાથે શુક્રવારે વિશ્વભરના શેરબજારોમાં મંદીનો માતમ છવાયો હતો. ડાઉ જોન્સમાં ૧૧૯.૮૫, નાસ્ડેકમાં ૬૪.૦૧, નિક્કીમાં ૬૭.૦૫, હેંગસેંગમાં ૨૫૫.૨૪, FTSEમાં ૧૧૬.૧૩, ડેક્સમાં ૨૫૪.૨૫ નો ઘટાડો નોંધાતા ઓવરઓલ ગ્લોબલ માર્કેટ ‘રેડ’ માં રહેતા સોમવારની સવાર કદાચ ભારતીય બજારો માટે ‘અશુભ’ બની રહેશે.

ગત સપ્તાહે ભારતીય શેરબજારોમાં સોમવારે સેન્સેક્સમાં ૬૫.૫૮ પોઈન્ટના ઘટાડા પછી મંગળવારે બજાર બાઉન્સબેક થતાં ૨૩૨.૨૨ પોઈન્ટનો સુધારો નોંધાયો હતો. બુધવારે બજારમાં ૧૦.૯૯ પોઈન્ટના સુધારા પછી ગુરૂવારે ૨૫૭.૨૦ પોઈન્ટનો કડાકો બોલી જવા પામ્યો હતો. શુક્રવારે માર્કેટમાં ૧૨૭.૭૧ પોઈન્ટનું ગાબડું જોવાયું હતું.

સાપ્તાહિક ધોરણે નિફટી ૫૦.૭૫ પોઈન્ટ ઘટીને ૮૧૭૦ ના લેવલે અને સેન્સેક્સ ૨૦૭.૨૮ પોઈન્ટ તુટીને ૨૬૬૩૫.૭૫ ના લેવલે બંધ રહ્યા હતા.

ભારતીય શેરબજારોમાં ૯ મી જુને જાહેર થયેલ એપ્રિલ મેન્યુફેક્ચરિંગ અને કેપિટલ ગુડઝ સેકટરનો દેખાવ નિરાશાજનક રહ્યો હતો. ઔદ્યોગિક ઉત્પાદન ઘટીને ૦.૮ ટકા આવેલ છે. ઉલ્લેખનીય છે કે, ગયા વર્ષે એપ્રિલમાં ઔદ્યોગિક ઉત્પાદન ત્રણ ટકા હતું. હાલમાં આઈઆઈપી દર પાંચ વર્ષની બોટમે પહોંચી ગયો હતો. જેના કારણે ‘મેક ઈન ઈન્ડિયા’ અભિયાનને મોટો આંચકો લાગી શકે છે. જો કે, આઈઆઈપી ના નિરાશાજનક આંકડાને પગલે વ્યાજદર ઘટાડવાની માંગ ઉઠી શકે છે. આ ઉપરાંત મુડીઝ ભારતીય બેન્કોની હાલત કફોડી હોવાના મંતવ્યથી બજાર પર નકારાત્મક અસર થઈ હતી અને અને ફેડ બેન્કીંગ શેરોમાં વેચવાલ બન્યા હતા.

આથી વિરુધ્ધ ક્રુડ ઓઈલની નરમાઈ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પાચ દેશોની મુલાકાત સારી રહેવા ઉપરાંત અનેક સિધ્ધિઓ હાંસલ કરતાં ફંડોએ ઘટાડે વેલ્યુ બાઈંગ કર્યું હતું ઉપરાંત કેરલમાં ચોમાસાનો આરંભ અને મહારાષ્ટ્રના દુષ્કાળગ્રસ્ત વિસ્તારો તથા ગોવામાં ૪૮ કલાકમાં વરસાદ પડવાની આગાહી માર્કેટ માટે પોઝીટીવ સંકેત બની રહેલ છે ઉપરાંત ભારતને NSGમાં સમાવવાથી ડીફેન્સ, કેપિટલ ગુડઝ તેમજ અનેક સેકટરોને લાભ થશે.

આગામી સપ્તાહે બજારની નજર ચોમાસાની પ્રગતિ, ૧૩ મી જુને ભારતના મે મહિનાના CPI ડેટા, ૧૪ જુને ભારતના WPI ડેટા, ૧૫ મી જુને સેન્ટ્રલ બેન્ક ઓફ જાપાનની મોનેટરી પોલિસી, ૧૬ જુને US કોર મે ઈન્ફલેશન રેટ, ૨૩ જુને યુરોપમાંથી બ્રિટનની વિદાય માટે જનમત (બ્રેક્ઝિટ) અને ૨૪ જુને ભારતીય સંસદની મોન્સુન સત્રના આરંભ પર નજર રહેશે.

આમ આગામી સપ્તાહોમાં કેટલીક મહત્વની ઘટનાઓ આકાર લઈ રહી છે જેના કારણે ભારતીય શેરબજારોમાં તિવ્ર વોલેટીલીટીની સંભાવના વધી છે.

★★★

## FII Activity (Rs. Cr.)

| Date | Buy Value | Sell Value | Net Value |
|---|---|---|---|
| 6-6-2016 | 5016.42 | 4988.12 | 28.3 |
| 7-6-2016 | 6011.96 | 5512.23 | 499.73 |
| 8-6-2016 | 4207.27 | 3678.11 | 529.16 |
| 9-6-2016 | 3552 | 3317.8 | 234.2 |
| 10-6-2016 | 3510.34 | 3309.02 | 201.32 |

## DII Activity (Rs. Cr.)

| | | | |
|---|---|---|---|
| 6-6-2016 | 1288.99 | 1519.62 | -230.63 |
| 7-6-2016 | 1657.55 | 1611.22 | 46.33 |
| 8-6-2016 | 1263.74 | 1521.5 | -257.76 |
| 9-6-2016 | 1507.03 | 1824.77 | -317.74 |
| 10-6-2016 | 1399.39 | 1565.01 | -165.62 |

## -: EVENT CALENDAR :-

- **June 13 :** India May CPI
- **June 14 :** India May WPI
- **June 15 :** Japan BOJ monetary policy statement, US FOMC interest rate decision and economic projections
- **June 16 :** US core may inflation rate yoy
- **June 23 :** Referendum on Britain leaving the EU (Brexit)

## તંત્રી સ્થાનેથી......

# બાયબેક : પ્રમોટરોનો કમાઉ દીકરો

૨૦૧૫-૨૦૧૬નું પૂરૂ થયેલુ વર્ષ ઈક્વિટી માર્કેટના શેરહોલ્ડરો અને પ્રમોટરો માટે મોટાભાગે કમાણીવાળું રહ્યું હતું, કારણ કે, નાણાપ્રધાન અરૂણ જેટલીએ સામાન્ય બજેટમાં એવી જાહેરાત કરી હતી કે, પહેલી એપ્રિલ ૨૦૧૬થી શરૂ થતાં નવા નાણાવર્ષથી જેના હાથમાં રૂા. ૧૦ લાખથી વધુની ડિવિડંડ ઈન્કમ આવશે તેના પર ૧૦ ટકા લાગુ પડશે. હાલમાં ડિવિડંડ ડિસ્ટ્રીબ્યૂશન ટેક્સ ૨૦.૩૬ ટકા તો અમલી છે જ, પરંતુ તે ટેક્સ કંપનીએ ચૂકવવાનો નથી. ડિવિડંડ મેળવનાર શેરહોલ્ડરોને તેમાંથી મુક્તિ અપાઈ છે.

૨૦૧૬ના નાણાવર્ષના છેલ્લાં ક્વાર્ટરમાં એટલે કે જાન્યુઆરીથી માર્ચમાં કંપનીઓનો ઈન્ટરીમ ડિવિડંડ ચૂકવવાની જાણે કે સ્પર્ધા હોય તેમ બજેટ પછી માર્ચ મહિનામાં સેંકડો નહીં હજારો કંપનીઓએ ઈન્ટરીમ ડિવિડંડ જાહેર કર્યું અને ફાઈનલ ડિવિડંડ વર્ષની પહેલાં જાહેર કર્યું છે. તેનું પાછળનું કારણ બજેટ દરખાસ્ત હતી. કારણ કે, પ્રમોટરોને રૂા. ૧૦ લાખથી વધુ ડિવિડંડ પર ટેક્સ ચૂકવવું ના પડે એટલે ઈન્ટરીમ - ફાઈનલ ડિવિડંડ ચૂકવી દીધું. જોકે ડિવિડંડ પાર્ટી હવે પૂરી થઈ, પરંતુ એક નવી થીમ ટેક ઓફ થઈ તે છે બાયબેક.

કેશરીચ કંપનીઓ હવે તેમના ફાજલ પડી રહેલા નાણાંનો ઉપયોગ શેર બાયબેકમાં કરવા માંડી છે. તેમાં કંપની તેના પોતાના શેર બાયબેક દ્વારા ખરીદી ફ્લોટિંગ સ્ટોક ઘટાડવા અને પ્રમોટર્સ હિસ્સો વધારવા સાથે ઈક્વિટી કેપિટલ ઘટાડો છે તેના પગલે ઈપીએસમાં વધારો થઈ શકે. કંપનીઓ ટેન્ડર માર્ગે અથવા ઓપન માર્કેટ દ્વારા શેર બાયબેક કરે છે. ટેન્ડર રૂટમાં કંપની દરેક શેરહોલ્ડરોને મેલ મોકલે છે. અને તેમને કંપનીના બાયબેક ઓફરથી માહિતી સાથે ઓફર ભાવ પણ જણાવે છે. જો શેરહોલ્ડરો સારો ભાવ મળતો હોય તો તે તેના શેર કંપનીને વેચે છે. બીજી બાજુ ઓપન માર્કેટમાંથી શેર ખરીદે છે તે શેર કોણ વેચે છે તેની પડી નથી.

ઉલ્લેખનીય છે કે, ૩૧ માર્ચે ડિવિડંડ ચૂકવવાની સિઝન પૂરી થતાં જ પહેલી એપ્રિલ - ૨૦૧૬થી બાયબેકની સિઝન શરૂ થઈ છે. વિપ્રો શેર બાયબેકની જાહેરાત કરનાર પહેલી કંપની હતી. જેણે શેરદીઠ રૂા. ૬૨૫ના ભાવ શેર બાયબેક કરવા રૂા. ૨૫૦૦ કરડો ખર્ચ્યા હતા. ત્યારબાદ પહેલી એપ્રિલથી અનેક કંપનીઓએ શેર બાયબેકની જાહેરાતો કરી છે. તેમાં કેટલીક પ્રતિષ્ઠિત કંપનીઓ જેવી કે, સન ફાર્મા, નોવાર્ટિસ, ડો. રેડ્ડી લેબોરેટરી, નાલ્કો, ભારતી એરટેલ, એક્સેલ ઈન્ડ., ADF ફૂડ્સ, જાગરણ પ્રકાશન, ભારતી ઈન્ફ્રાટેલ વગેરેનો સમાવેશ થાય છે. ૨૦૧૫-૨૦૧૬નું નાણાવર્ષ હકીકતમાં શેર બાયબેક માટે રેકોર્ડ બ્રેક પૂરવાર થયું છે. આ વર્ષમાં કુલ ૧૫ બાયબેક ઓફરો દ્વારા રૂા. ૧૭૧૩ કરોડના શેરોની ખરીદી કરાઈ હતી, જે અગાઉના વર્ષે રૂા. ૧૯૦૯ કરોડની કરાઈ હતી. ૨૦૧૬-૨૦૧૭ના ચાલુ નાણાવર્ષે કદાચ નવો રેકોર્ડ સ્થપાય તો નવાઈ નહીં. હવે સવાલ એ છે કે, શું શેર બાયબેક એ કોના માટે ફાયદાકારક છે? શેર હોલ્ડરો માટે કે પ્રમોટરો માટે? શું બાયબેક એ ડિવિડંડ કરતાં કમાણીનો સારો વિકલ્પ છે? વેલ્થ ક્રિયેશન - સંપત્તિમાં વૃધ્ધિ માટેના દૃષ્ટિકોણથી જોઈએ તો બાયબેક તમને વધુ કમાણી કરાવશે. અત્રે કેટલાક ઉદાહરણ જોઈએ. BSE-NSE ખાતે લિસ્ટેડ વાવા વૂમ લિ. ની ઈક્વિટી શેર ૫૦૦ કરોડ છે અને તે શેર રૂા. ૨૦ના ભાવે ટ્રેડ થાય છે. તેના પગલે તેની માર્કેટકેપ રૂા. ૧૦૦૦ કરોડ થવા જાય છે. ધારો કે ૨૦૧૭ના નાણાવર્ષે તેનો રેવન્યુ રૂા. ૧૦,૦૦૦ કરોડ અને નેટપ્રોફિટ રૂા. ૧૦૦ કરોડ થાય છે. જ્યારે ઈપીએસ રૂા. ૨ અને પીઈ ૧૦ છે. કંપની તેના નેટપ્રોફિટ રૂા. ૧૦૦ કરોડમાંથી શેરહોલ્ડરોને સ્પેશિયલ ડિવિડંડ આપે તો ૫૦ કોડ શેર મુજબ શેરદીઠ રૂા. ૨ ડિવિડંડ થાય. આ કંપનીઓ ધારો કે મનીષ દોષી નામના શેરહોલ્ડરો ૧૦૦૦ શેરોનું હોલ્ડિંગ ધરાવે છે તો તેની સ્પે. ડિવિડંડ રૂપે રૂા. ૨૦૦૦ મળશે. આ રકમ મનીષ માટે રૂા. ૧૦ લાખથી ઓછી છે તેથી તે ટેક્સ ફ્રી વળતર છે, પરંતુ કંપનીનો એક પ્રમોટર કે જે છ કરોડ શેર ધરાવે છે તો તેને આ સ્પે. ડિવિડંડથી રૂા. ૧૨ લાખની કમાણી થશે. આમ ડિવિડંડ રૂા. ૧૦ લાખથી વધુ થાય માટે તેને ટેક્સ બાદ રૂા. ૧૦.૮૦ લાખ જ મળશે. હવે ધારો કે કંપનીએ નેટપ્રોફિટના રૂા. ૧૦૦ કરોડનો ઉપયોગ શેર બાયબેક કરવા માટે કર્યો હોત તો આ બાયબેક એક મહિનામાં ઓપન માર્કેટમાં જુદા જુદા ભાવે પૂરી થઈ શકાય. હવે તેની ગણતરી કરીએ તો વાવા વૂમ લિ. (VVD) એ રૂા. ૧૦૦ કરોડ નફામાંથી શેરદીઠ રૂા. ૨૦ના ભાવે માર્કેટમાંથી પાંચ કરોડ શેર બાયબેક કર્યા તો તેની ફ્લોટિંગ સ્ટોક અથવા આઉટ સ્ટેન્ડિંગ ઈક્વિટી ૫૦ કરોડમાંથી ઘટી ૪૫ કરોડ થઈ. હવે ફ્લોટિંગ સ્ટોકની સંખ્યા ઘટતા શેરના ભાવ આપોઆપ જ ઊંચા જવાના. આ તબક્કે ધારો કે મનીષ દોષી કે જે ૧૦૦૦ શેરો ધરાવે છે તેને ભાવ વધવાથી ફાયદો થશે પણ તેનાથી વધુ ફાયદો પ્રમોટરને થશે, કારણ કે તેનું હોલ્ડિંગ વધુ છે. જો પ્રમોટર આ શેરો એક વર્ષથી વધુ સમય હોલ્ડિંગ જાળવે તો તેના કેપિટલ ગેઈન ટેક્સની પણ બચત થશે. આમ તેણે નફો કઈ રીતે મેળવ્યો? તે જોઈએ ૨૦૧૮ના નાણાવર્ષે કંપનીના નેટપ્રોફિટમાં કોઈ ફેરફાર નથી થયાં અને રૂા. ૧૦૦ કરોડ જ થયો. કોઈપણ નફા વૃધ્ધિ વગર EPS રૂા. બે થી વધી રૂા. ૨.૨૨ થઈ અને પીઈ પણ ૧૦ ના દરે જળવાય તો શેર ભાવ વધી રૂા. ૨૨.૨૨ થયો.

આમ ઉપરોક્ત ગણિતને ધ્યાનમાં લઈએ તો મનીષ દોષી કરતાં પ્રમોટરને કોઈ પણ મેહનત વગર તગડો ફાયદો થયો. પ્રમોટરે બાયબેક દ્વારા ઈપીએસ વધવા સાથે તેનો ઈક્વિટી હિસ્સો પણ વધ્યો. જોકે મનીષ દોષી કે જે ૧૦૦૦ શેર ધરાવે છે તે ઈપીએસ વધવાની ખુશ છે, પરંતુ તેણે બાયબેક ઓફર ન સ્વીકારી રોકાણ જાળવી રાખ્યું તેથી તેને ખરેખર ખાસ કાંઈ ફાયદો નથી થયો, પરંતુ જો તેણે તેના શેર વેચે છે તો તેનો નફો રૂા. ૨૨૨૦ થશે. જો ખરીદીના એક વર્ષની અંદર વેચે તો તેણે ૧૫ ટકા કેપિટલ ગેઈન ટેક્સ ચૂકવવો પડે એટલે તેની કરબાદ કમાણી રૂા. ૧૮૮૭ જ બચે.

આમ પ્રમોટરો માટે તેમની સંપત્તિમાં વધારો કરવા માટે બાયબેક એ સૌથી મોટું અને સરળ હથિયાર છે. કંપનીના CEO અને મેનેજમેન્ટ તેમની ઈન્કમ વધારવા માટે બાયબેકનો સરળ રસ્તો અપનાવીને તગડી કમાણી કરે છે. જોકે બાયબેક એ સંપત્તિ સર્જનનું સારું શસ્ત્ર છે પણ તેનો ઉપયોગ ફક્ત કેશરીચ કંપનીઓ જ કરી શકે છે.

## બજાર બહારની વાત — Dilip K. Shah

# ગ્લોબલ અર્થતંત્રના વિકાસ માટે BREXIT સારુ રહેશે : માર્ક ફેબર



યુરોપિયન યુનિયનમાંથી બ્રિટનને છૂટું કરવાની શું અસર થશે તે બાબતે રોકાણકાર તરીકે તેમના હાથ ઊંચા કર્યા નહી તો તેને સરપ્રાઈસ મેસેજ રૂપે Brexit કે જે માર્કેટને મંદીમાં સપડાવનાર બની શકે છે. વિશ્વના ટોચના રોકાણ ગુરૂ માર્ક ફેબરનું કહેવું છે કે, Brexit ગ્લોબલ અર્થતંત્રના વિકાસ માટે બુલિશ સાબિત થશે. હું ખરાબ રીતે મોર્ગેનાઈઝ થતા યુરોપિયન યુનિયનને છોડી દેવા માટે અન્ય દેશોને પ્રોત્સાહિત કરૂ છું. ધી ગ્લુમ, બુમ એન્ડ ડુમ રિપોર્ટના પ્રકાશક અને એડિટર એવું ભારપૂર્વક કહે છે કે, ૨૩ જુનના રોજ બ્રિટનને યુરોપિયન યુનિયનમાંથી છુટ કરવા માટે તમારો મત આપશો એ જ દેશ માટે આદર્શ પગલું હશે. ઉપરોક્ત ફેબરે જણાવ્યું હતું કે, ક્રેએશિયા, એસ્ટોનિયા અને માલ્ટા જેવા નાના દેશો કોઈ મોટા તંત્રનો ભાગ હોવાને બદલે સ્વતંત્ર દેશ તરીકે વિકસી શકે છે. હાલમાં સિંગલ માર્કેટ સાથે યુરોપિયન યુનિયનમાં ૨૮ સભ્ય દેશો છે જેમનો લક્ષ્યાંક ગુડસ અને સર્વિસીસમાં ફ્રી મુવમેન્ટસને પ્રોત્સાહિત કરવાનો છે. આમ છત્તાં માર્ક ફેબરે જણાવ્યું છે કે, બ્રિટન એવું નોંધે અને સ્વીકારે કે યુરિપયન યુનિયન એક સામ્રાજ્ય જેમાં મોટા પ્રમાણમાં બ્યુરોક્રેટ છે.

# રાકેશ ઝુનઝુનવાલાના ફેવરિટ સ્ટોક્સમાં મંદીનો સપાટો
# તેમની પસંદગીના ૧૦ શેરોમાં ૧ વર્ષમાં ૩૦ ટકાનો કડાકો



બીગ બુલ તરીકે નામના મેળવી ચુકેલા રાકેશ ઝુનઝુનવાલા જે શેરમાં રોકાણ કરે છે તેમની પાછળ ભારતીય શેરબજારના શિખાઉ રોકાણકારો આંખ મીંચીને રોકાણ કરી દે છે તેમના માટે ખાસ અગત્યનો આ લેખ બની રહેશે. ઝુનઝુનવાલાની પસંદગીમાંથી કેટલાક શેરોમાં તેમને આ વર્ષે ૩૦ ટકા સુધીનું નુકસાન સહન કરવું પડ્યું છે. એસ ઈક્વિટીના ડેટાબેઝ મુજબ ઝુનઝુનવાલાના પોર્ટફોલિયોમાં રહેલા બે ડઝનથી વધુ શેરો પૈકી ૧૦ શેરોમાં આ વર્ષે ૩૦ ટકાનું ગાબડું જોવા મળ્યું છે એક તરફ બ્રોડર માર્કેટમાં તેજીને પગલે ૨.૫ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે ત્યારે બિગબુલને શેરોમાં કરેલા રોકાણ સામે નકારાત્મક વળતર મળ્યું છે. ઝુનઝુનવાલાના પોર્ટફોલિયો પૈકીના ફક્ત પાંચ જ શેરમાં દ્વિ-અંકિય વળતર છુટ્યું છે જ્યારે એકમાં વળતર ફ્લેટ છે. ઝુનઝુનવાલા અને તેમના પત્ની રેખા બિલકેરમાં માર્ચના અંતે ૯.૩૫ ટકા હિસ્સો ધરાવે છે આ કંપનીનો શેર વર્ષમાં અત્યાર સુધીમાં ૨૮ ટકા ગગડ્યો છે. દરમ્યાન ઈન્ટેલેક્ટ ડીઝાઈન અરેનામાં ઝુનઝુનવાલા દંપત્તિનો ૫.૯૫ ટકા હિસ્સો છે અને શેર ૨૫ ટકા તુટ્યો છે. વાઈસરોય હોટેલ્સનો શેર ૧૭ ટકા સુધી ગબડ્યો છે એમને કરેલા રોકાણમાં એમની પસંદગીના ૧૦ શેરો અત્રે બોક્સમાં દર્શાવેલ છે જેમાં ફટકો પડેલો જોવાયો છે.

### પંસદગીના ૧૦ શેરોમાં નેગેટીવ રીર્ટન

| Shares | Change(%) |
|---|---|
| TV 18 Broadcast | -10.04 |
| Autoline Ind. | -11.27 |
| Aurobindo PH. | -11.61 |
| D.B. Realty | -11.96 |
| ION Exchange | -12.65 |
| Man Infra | -12.77 |
| Dewan Hsg. | -14.83 |
| Viceroy Hotels | -17.07 |
| Intelect Design | -25.23 |
| Bilcare | -28.50 |

SMART INVESTMENT
English & Gujarati Edition Every Sunday

દર બુધવારે
Gujarati Financial Weekly
સ્માર્ટ બોનાન્ઝા
SMART BONANZA

# ભારતીય માર્કેટ માટે વિવિધ નિષ્ણાતોના મંતવ્યો

## તેજીની આગેકૂચમાં નિફટીનો ટાર્ગેટ ૯૧૦૦

**- J.M. Financial**

ભારતીય શેરબજારોમાં આગામી દિવસોમાં ટેકનીકલ દ્રષ્ટિએ તેજીની આગેકૂચ જોવા મળી શકે છે. હાયર ટોપ હાયર બોટમ ફોર્મેશનની રચના જોતા હવે દરેક ઘટાડે ખરીદી કરી શકાય. જે.એમ. ફાયનાન્સીયલ ટેકનીકલ એનાલીસ્ટ ગૌતમ શાહના મત મુજબ ૨૦૧૬માં નિફટીનો ટાર્ગેટ અગાઉ ૮૭૦૦ આપેલ હતો તે હવે સુધારીને ૯૧૦૦ ટચ કરી શકે છે.

## વર્ષ અંત સુધીમાં સેન્સેક્સનો ટાર્ગેટ ૨૯,૫૦૦

**-Ambit**

કેટલાક બ્રોકરેજ હાઉસો દ્વારા ભારતીય બજારોમાં સર્જાઈ રહેલ તેજીના માહોલ અને ઉદ્‌ભવી રહેલ આર્થિક ક્ષેત્રે પોઝીટીવ ડેટાના સંદર્ભે અગાઉ સેન્સેક્સનો અપાયેલ ટાર્ગેટ જે હાલ વધારીને ૨૯૫૦૦ કરવામાં આવેલ છે. જેમાં સીટી ગ્રુપ દ્વારા ૨૮૮૦૦ અને CLSA ૧ ટકાનો વધારો કરેલ છે. ઈન્વેસ્ટર નોંધમાં અંબિતના જણાવ્યા અનુસાર અગાઉ સેન્સેક્સનો ટાર્ગેટ જે ૨૨૦૦૦ ઉપરથી હવે ૨૦૧૭ ના અંત સુધીમાં ૨૯૫૦૦ નો કરવામાં આવેલ છે.

## નજીકમાં ગ્લોબલ જોખમી પરિબળોને પગલે સેન્સેક્સ ઘટી શકે છે

**- HSBC**

ભારતીય શેરબજારો માટે હાલના તબક્કે એક કરતાં વધુ સારા સમાચાર ઉદ્‌ભવી રહ્યા છે. એશિયા પેસિફિક એચએસબીસીના ઈક્વિટી સ્ટ્રેટેજીક દેવેન્દ્ર જોષીનું માનવું છે. ૨૦૧૬ ના ૨૬૦૦૦ ના લક્ષ્યાંકને સુધારીને ૨૭૦૦૦ નો ટાર્ગેટ કરેલ છે. આમ છત્તાં આગામી થોડા સપ્તાહોમાં ઈક્વિટી માટે જોખમી પરિબળોમાં ફેડ રેટમાં વધારો, યુરોપિયન પોલીટીક્સમાં ડેવલપમેન્ટ અને ચાઈનામાં સ્લોડાઉન સહિત નેગેટીવ પરિબળો ઉદ્‌ભવી શકે છે તેના કારણે ભારતીય બજારો પણ વેચવાલીનું દબાણ આવી શકે છે.

## આર્થિક રિકવરીમાં ઝડપી મજબૂતાઈ છત્તાં બુલ માર્કેટ રાહ જોવી

**- Credit Suisse**

દેશના આર્થિક ક્ષેત્રે ઝડપી સુધારાના સંકેતો, માર્ચ ક્વાર્ટરના અપેક્ષા કરતાં વધુ સારા પરિણામો બજાર માટે પોઝીટીવ સંકેત છે તેમ છત્તાં સાવચેતી રાખવી જરૂરી છે. ક્રેડિટ સુઈસના ઈક્વિટી સ્ટ્રેટેજીના હેડ નિલકંઠ મિશ્રાનું માનવું છે કે, ફિસ્કલ વર્ષ ૨૦૧૬-૧૭ માં ૧૫ ટકા ગ્રોથની સંભાવના છે. હાલમાં પબ્લિક સેકટર બેન્કો અને જંકફુડના સ્ટોક પરત્વે સાવચેતી જરૂરી છે. ક્રેડીટ સુઈસ સૌ પ્રથમ સંસ્થા છે કે જેને હવે મેટલ સેકટર માટે પોઝીટીવ આઉટલુક ધરાવે છે. ICICI બેન્ક અને Axis Bank હાલમાં રોકાણલક્ષી શેરો કહી શકાય.

## મિડકેપ - સ્મોલકેપ કંપનીઓ વધુ સારો દેખાવ કરશે

**- Mark Mobius**

ટેમ્પલ્ટન ગ્રુપના એક્ઝિક્યુટિવ ચેરમેન માર્ક મોબિસ ભારતીય શેરબજારોને લઈ બુલિશ છે તેમાંય સ્મોલકેપ શેર આગામી સમયમાં વધુ ઝળકશે એમ તેમનું માનવું છે. ટેમ્પલ્ટન દ્વારા ભારતીય શેરબજારમાંનું રોકાણ બે અબજ ડોલર જેવું છે તેમાંથી ૬૦ કરોડ ડોલર નાની કે સ્મોલકેપ કંપનીના શેરમાં છે. માર્ક મોબિસના મતે છેલ્લાં પાંચ ક્વાર્ટરમાંથી ચાર ક્વાર્ટરના નેગેટિવ ગ્રોથ બાદ ભારતીય કોર્પોરેટ ક્ષેત્રની નફાશક્તિમાં આ વખતે સુધારો દેખાયો છે. ચોમાસું બહેતર રહેવાના એંધાણ છે. માર્ચ ક્વાર્ટરનો જીડીપી ગ્રોથ આર્થિક પંડિતોની ધારણાં કરતાં ઊંચો એવો ૭.૯ ટકા આવ્યો છે. હવે સરકાર આર્થિક સુધારાના માર્ગે ફોકસ કરશે એવી સાર્વત્રિક આશા છે તે ફળીભૂત થાય તો શેરબજારને મજબુત ટ્રીગર મળશે. સેન્સેક્સ - નિફટી અને લાર્જકેપના મુકાબલે મિડકેપ તથા સ્મોલકેપ કંપનીઓ વધુ ફાયદામાં રહેશે.

## અર્થતંત્ર યોગ્ય દિશામાં પણ GDP ૧% ઉપર-નીચે રહેશે

**- RBI Governor**

ભારતીય અર્થતંત્રના ગ્રોથ અંગે વધુ વિશ્વાસ ધરાવવા સાથે સુધારાની પ્રક્રિયામાં વેગ લાવવા અને દેશમાં આ વર્ષે સારા વરસાદ થવાનો આશાવાદ રિઝર્વ બેન્કના ગવર્નર રઘુરામ રાજને વ્યક્ત કર્યો હતો. ભારતીય અર્થતંત્ર યોગ્ય દિશામાં જઈ રહ્યું છે અને જીડીપીના આંકડામાં એક ટકો ઉપર - નીચે થાય તેવી શકયતા છે. આ સાથે સુધારાની પ્રક્રિયાને વેગ આવે અને જાહેર મુડીરોકાણમાં વધારો થશે તો અર્થતંત્ર વધુ ઝડપી વિકાસ કરશે. ખાનગી મુડીરોકાણમાં વધારો થવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. ખાનગી રોકાણમાં વધારો થશે તો આપણામાં વધુ મજબુત ગ્રોથ હાંસલ કરવાની ક્ષમતા છે. જીડીપીના આંકડા અંગે સર્જાયેલ વિરોધાભાસ અંગે તેમણે જણાવ્યું હતું કે, સ્ટેસ્ટિશિયને સારી કામગીરી કરી છે અને આર્થિક વૃધ્ધિ નોંધપાત્ર રીતે ઊંચી છે, ખર્ચ નીચો આવ્યો છે. સમગ્ર ઉદ્યોગમાં નફો એ સારી વાત નથી પણ ટોચના ક્ષેત્રોમાં સુધારો થઈ રહ્યો છે એ એક સારી વાત છે. જીડીપીના સાચા આંકડા આવશે ત્યાં એમાં એક ટકો ઉપર કે એક ટકો નીચે થવાની સંભાવના છે.

## ૨૦૧૬માં વૈશ્વિક અર્થતંત્રનો વૃધ્ધિદર ઘટી ૨.૪ ટકા થવાનો અંદાજ

**- World Bank**

વૈશ્વિક અર્થતંત્રનો વૃધ્ધિદર વર્ષ ૨૦૧૬માં ઘટીને ૨.૪ ટકા રહેવાનો અંદાજ વિશ્વાસ બેન્કે વ્યક્ત કર્યો છે. જો કે, બ્રીક દેશો પૈકી ભારતનો વૃધ્ધિદર ૭.૬ ટકા અને ચીનનો વૃધ્ધિદર ૭.૬ ટકા રહેવાની ધારણાં છે પરંતુ રશિયાનો વૃધ્ધિદર ૧.૨ ટકા અને બ્રાઝિલનો વૃધ્ધિદર ૪ ટકા ઘટવાની ધારણાં વ્યક્ત કરી છે. બેન્કે રજૂ કરેલા અહેવાલ અનુસાર જાન્યુઆરીના અંદાજો સામે વિકાસશીલ અર્થતંત્રો ૨૦૧૬ માં ૦.૬ પર્સસન્ટ પોઈન્ટ ઘટીને ૩.૫ ટકા વૃધ્ધિ નોંધાવે તેવી શકયતા છે જ્યારે વિકસિત અર્થતંત્ર જાન્યુઆરીની આગાહી કરતાં ૦.૫ પર્સન્ટ પોઈન્ટ નીચે એટલે કે, ૧.૭ ટકાના દરે વૃધ્ધિ મેળવે તેવી સંભાવના છે. વિકાસશીલ દેશોએ ઈન્ફ્રાસ્ટ્રકચર, શિક્ષણ, આરોગ્ય અને અન્ય હ્યુમન સ્કીલ્સ જેવા સેકટર્સમાં મુડીરોકાણ જેવા સુધારા ઉપર વિશેષ જોર આપવું પડસે. જ્યરે વિકસીત દેશો માટે વિશ્વ બેન્કે એળી ભલામણ કરી છે કે, જ્યાં સુધી આર્થિક મંદીનો દોર પૂરો થાય નહીં ત્યાં સુધી તેમણે ફુગાવા ઉપર વિશેષ ધ્યાન આપવું પડશે.

<u>નોંધ :</u> ગત સપ્તાહે અહીંથી મલ્ટીબેઝ ઈન્ડિયા રૂ. ૨૩૮ માં ખરીદવા જણાવ્યો હતો જેનો ભાવ વધીને રૂ. ૨૬૦ જેવો થઈ જવા પામ્યો હતો.

## Smart Intraday Positional Long Term

**Intraday : OM Metal Infra**
**Positional : ABC Bearings**
**Long Term : Dynemic Prod.**

**** Intraday :-***

***Om Metal Infra (Rs. 49.65) (BSE Code : 531092 & NSE) :***

૧૯૭૧માં સ્થપાયેલી ઓમ મેટલ ઈન્ફ્રા હાયડ્રો પાવર સેકટરમાં હાજરી ધરાવતી એન્જીનીયરીંગ કન્સ્ટ્રકશન કંપની છે. હાયડ્રો પાવર, ઈરીગેશન પ્રોજેક્ટ, રીયલ એસ્ટેટ ડેવલોપમેન્ટ અને ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ ક્ષેત્રે કાર્યરત છે. કંપનીએ દેશમાં હાયડ્રો પાવર અને ઈરીગેશન પ્રોજેક્ટ માટે ૪૫ થી વધારે હાયડ્રો મીકેનીકલ કોન્ટ્રાક્ટસ પુરા કર્યા છે. કંપનીની ઈક્વિટી માત્ર રૂ. ૯.૬૩ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ. ૫૫૧.૪૩ કરોડનું રીઝર્વ છે. કંપનીના શેરની બુકવેલ્યુ રૂ. ૫૯.૨૧ છે અને વર્તમાન ભાવે આ સ્ટોક ૦.૮૪ ના પ્રાઈઝ ટુ બુકવેલ્યુથી ક્વોટ થઈ રહ્યો છે. કંપનીમાં પ્રમોટરો ૭૦.૭૪ ટકા અને પબ્લિક ૨૯.૨૬ ટકા સ્ટેક ધરાવે છે. માર્ચ ક્વાર્ટરમાં કંપનીએ મજબુત પરિણામો દર્શાવ્યા છે જેમાં કંપનીની આવક રૂ. ૫૦.૧૪ કરોડથી વધીને રૂ. ૭૦.૧૦ કરોડ થઈ છે જ્યારે કંપનીનો નફો રૂ. ૨.૦૫ કરોડથી વધીને રૂ. ૭.૦૭ કરોડ થયો છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬ માં કંપનીએ રૂ. ૨૨૮.૬૫ કરોડની આવક ઉપર રૂ. ૨૫.૧૪ કરોડનો નફો હાંસલ કર્યો છે. દેશમાં ઈકોનોમિક માહોલ સુધરી રહ્યો છે ને આવનારા દિવસોમાં આ પ્રકારની કંપનીઓને વધારે ઓડર્સ મળી શકે છે. વર્તમાન ભાવે આ સ્ટોકમાં રૂ. ૪૪.૫ ના સ્મટોપલોસ સાથે રૂ. ૬૦ થી ૬૫ ના ટાર્ગેટ ભાવ માટે રોકાણ કરી શકાય.

**** Positional***

***ABC Bearing (Rs. 128.00) (Code : 505665) :-***

૧૯૬૧માં સ્થપાયેલી એબીસી બેરીંગ્સ ભરૂચ ખાતે હેડ ક્વાટર્સ ધરાવે છે. કંપની વિવિધ પ્રકારના બેરીંગ્સ બનાવે છે અને કંપની પ્રોડકટો કાર, મલ્ટી યુટીલીટી વ્હીકલ્સ, લાઈટ કોમર્શિયલ વ્હીકલ્સ, હેવી કોમર્શીયલ વ્હીકલ્સ અને ટ્રેક્ટર્સમાં થાય છે. કંપની ડોમેસ્ટિક માર્કેટની સાથે બાંગ્લાદેશ, શ્રીલંકા, સિંગાપુર, યુએસએ, યુકે, કેનેડા જેવા માર્કેટસમાં નિકાસ પણ કરે છે. કંપનીની ઈક્વિટી રૂ. ૧૧.૫૫ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ. ૧૧૫.૪૧ કરોડનું રીઝર્વ છે. કંપનીમાં પ્રમોટરો ૩.૭૬ ટકા ને પબ્લિક ૬૧.૨૪ ટકા સ્ટેક ધરાવે છે. માર્ચ ક્વાર્ટરમાં કંપનીની આવક રૂ. ૪૩.૮૭ કરોડથી વધીને રૂ. ૫૨.૮૨ કરોડ થઈ છે જ્યારે કંપનીનો નફો રૂ. ૧.૯૧ કરોડથી વધીને રૂ. ૩.૧૯ કરોડ થયો છે. આમ માર્ચ ક્વાર્ટરમાં કંપનીના નાણાંકીય દેખાવમાં મજબુત સુધારો જોવાયો છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬ માં કંપનીએ ૧૭૯.૬૪ કરોડની આવક ઉપર રૂ. ૫.૮૪ કરોડનો નફો હાંસલ કર્યો છે. ખાસ કરીને કાર અને કોમર્શિયલ વ્હીકલ્સના વેચાણ વધી રહ્યા છે. આ વર્ષે ચોમાસું સારૂં રહેવાની સંભાવના છે ત્યારે ટ્રેકટરના વેચાણ પણ વધતા જોવાશે. ઈકોનોમિક ગ્રોથ આગળ વધતા ઓટોમોબાઈલ્સ સેકટરનું ભાવિ વધારે મજબુત થશે. જુના વ્હિકલ્સને દુર કરવા ઉપર જલ્દી નિયમ આવી શકે છે જેનો ફાયદો પણ ઓટોમોબાઈલ્સ સેકટરને થશે ત્યારે ઓટોમોબાઈલ્સ સેકટરના સપ્લીમેન્ટરી સેકટર તરીકે ઓટો એન્સીલરી કંપનીઓને પણ લાભ મળશે. ૨૦ ટકા ડિવિડંડ જાહેર કરનારી આ કંપનીના સ્ટોકમાં વર્તમાન ભાવથી રૂ. ૧૧૫ ના સ્ટોપલોસ સાથે રૂ. ૧૫૫ થી ૧૭૦ ના ટાર્ગેટ ભાવ માટે રોકાણ કરી શકાય.

**** Long Term***

***Dynemic Products (Rs. 57.10) (532707) :-***

૧૯૯૦માં સ્થપાયેલી ડાયનેમીક પ્રોડકટસ લીમીટેડ ડાઈઝ તેમજ ડાઈઝ ઈન્ટરમીડીયેટસનું ઉત્પાદન કરે છે. આ સિવાય કંપની ફૂડ સ્ટફ, બેવેરેજીસ, એનીમલ ફીડ માટે ફૂડ કલર પણ ઓફર કરે છે. કંપની લેક કલર બનાવે છે જે ફાર્માસ્યુટીકલ્સ, કોસ્મેટીક, પર્સનલ પ્રોડકટસ, સ્પાઈસ કોમ્પોનન્ટસ, બેકરી પ્રોડકટસ, ડેરી પ્રોડકટસ અને સ્નેક ફૂડસમાં વપરાય છે. આ સિવાય કંપની ડાઈઝ ઈન્ટરમીડિયેટ બનાવે છે. જે ફૂડ કલર, એસીડ ડાઈઝ, રીએક્ટીવ ડાઈઝ, મેટલ કોમ્પ્લેક્સ ડાઈઝ અને ડાયરેક્ટ ડાઈઝમાં વપરાય છે. કંપનીની ઈક્વિટી માત્ર રૂ. ૧૧.૩૩ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ. ૫૨.૬૮ કરોડનું જંગી રીઝર્વ છે. બુક વેલ્યુ રૂ. ૫૭.૫ છે અને હાલમાં સ્ટોક માત્ર ૧ ના સાવ જ નીચા પ્રાઈઝ ટુ બુકવેલ્યુથી ક્વોટ થઈ રહી છે. કંપનીમાં પ્રમોટરો ૩૯.૩૪ ટકા અને પબ્લિક ૬૦.૬૬ ટકા સ્ટેક ધરાવે છે. છેલ્લાં નવ મહિનામાં પ્રમોટરોએ કંપનીમાં ૧.૫૭ ટકા હિસ્સો વધાર્યો છે જે ખુબજ પોઝીટીવ વાત કહી શકાય. નાણાંકીય વર્ષ ૨૦૧૬ ના માર્ચ ક્વાર્ટરમાં કંપનીએ રૂ. ૩૮.૬૦ કરોડના વેચાણ ઉપર રૂ. ૨.૪૪ કરોડનો નફો હાંસલ કર્યો છે. ક્વાર્ટલી નફામાં ૨૭ ટકાનો વધારો થયો છે જ્યારે નાણાંકીય વર્ષ ૨૦૧૬ માં કંપનીએ રૂ. ૧૨૯.૬૧ કરોડના વેચાણ ઉપર રૂ. ૭.૫૮ કરોડનો નફો અને રૂ. ૬.૬૯ ની ઈપીએસ હાંસલ કરી છે. વર્તમાન ભાવે આ સ્ટોક માત્ર ૮.૫ ના સાવજ નીચા પીઈથી ક્વોટ થઈ રહ્યો છે જે આ સેકટરમાં સૌથી નીચો પીઈ રેશિયો કહી શકાય. કંપનીએ રેગ્યુલર ડિવિડંડ પણ ચુકવે અને નાણાંકીય વર્ષ ૨૦૧૬ માટે ૧૫ ટકા ડિવિડંડ ચુકવ્યું છે. ચાઈનામાં પર્યાવરણના લીધે કેમિકલ, ડાઈઝ પ્લાન્ટ બંધ થઈ રહ્યા છે જેનો ફાયદો ભારતીય કંપનીઓને મળી શકે છે. આ સ્ટોક વર્તમાન ભાવે ખુબજ આકર્ષક લાગી રહ્યો છે રૂ. ૪૭ ના સ્ટોપલોસ સાથે આ સ્ટોકમાં રોકાણ કરી શકાય. ઉપરમાં મીડિયમ ટર્મમાં રૂ. ૭૫/૮૦ જ્યારે લોંગ ટર્મમાં રૂ. ૧૦૧ / ૧૦૫ નો આંક જોવા મળી શકે.

***Disclosures***: At the time of writing this article, author, his clients & dependent family members may have positions in the stocks mentioned above. The author, his firm, his clients or any of his dependent family members may make purchases or sale of the securities mentioned in website. Author may have positions in above stocks so have vested interest obviously in their going up or down as the case may be.

***Disclaimer***: Investing in any equity is risky. Our recommendations are based on reliable & authenticated sources believed to be true & correct, and also is technical analysis based on & conceived from charts. Investors should take their own decisions. We assume no responsibility for any transactions undertaken by them. The author won't be liable or responsible for any legal or financial losses made by anybody.

# ફ્યુચર ઓપ્શન ડાયરી

Nilesh S. Kotak (Mob. : 8866004076)

સતત બે સપ્તાહના સુધારા બાદ નિફટીએ ઘટાડો દર્શાવ્યો છે. નિફટીએ અઠવાડિક ધોરણે ૫૦ પોઈન્ટનો ઘટાડો દર્શાવ્યો છે. હવે જ્યાં સુધી નિફટી ૮૩૪૦ નું લેવલ કુદાવે નહીં ત્યાં સુધી દરેક ઉછાળે વેચવાલી જોવાય. વોલેટીલીટી ઈન્ડેક્સ વધીને ૧૫.૯૭ બંધ આવેલ છે. ઓવરઓલ નિફટીનો પુટ - કોલ રેશિયો ૧.૨૭ આવેલ છે. (કોઈપણ પોઝીશન પાંચ થી સાત દિવસના સમયગાળા માટે લેવી.) નોંધ : વેચાણની પોઝીશન દર્શાવેલા લેવલની નીચે શેરનો ભાવ જાય તો જ અને ખરીદીની પોઝીશન દર્શાવેલા ભાવની ઉપર જાય તે પછી જ લેવી.

***Future Buy of the week***

***JSW Energy (80)*** :- જુન માસનો ફયુચર ૮૦ ઉપર ૭૭ નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ૮૩ સુધી સુધારાની શકયતા છે.

***IGL (583)*** :- જુન માસનો ફયુચર ૫૮૩ ઉપર ૫૭૨ નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ૫૯૫ સુધી સુધારાની શકયતા.

***Godrej Ind. (365)*** :- જુન માસનો ફયુચર ૩૬૫ ઉપર ૩૫૫ નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ૩૭૮ સુધી સુધારાની શકયતા.

***Ambuja Cement (236)*** :- જુન માસનો ફયુચર ૨૩૬ ઉપર ૨૩૧ નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ૨૪૨ સુધી સુધારાની શકયતા.

***Canara Bank (196)*** :- જુન માસનો ફયુચર ૧૮૨ ઉપર ૧૪૨ નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ૧૯૮ સુધી સુધારાની શકયતા છે.

***Future Sell of the week***

***Indiabulls Real Estate (97)*** :- જુન માસનો ફયુચર ૯૭ નીચે ૧૦૧ નો સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ૯૨ સુધી ઘટાડાની શકયતા.

***Gail India (369)*** :- જુન માસનો ફયુચર ૩૬૯ નીચે ૩૭૮ નો સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ૩૬૦ સુધી ઘટાડાની શકયતા.

***CEAT (892)*** :- જુન માસનો ફયુચર ૮૯૨ નીચે ૯૧૦ નો સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ૮૭૦ સુધી ઘટાડાની શકયતા.

***Just Dial (633)*** :- જુન માસનો ફયુચર ૬૩૩ નીચે ૬૪૮ નો સ્ટોપલોસ રાખી વેચો આગામી દિવસોમાં ૬૨૦ સુધી ઘટાડાની શકયતા.

***Apollo Tyres (150)*** :- જુન માસનો ફયુચર ૧૫૦ નીચે ૧૫૫ નો સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ૧૪૪ સુધી ઘટાડાની શકયતા.

*Disclosures as per SECURITIES AND EXCCHANGE BOARD OF INDIA (Research Analysts) Regulation, 2014;*

*• I and / or my clients may have investment in this stocks • I/My family have no financial interest or beneficial interest of more than 1% in the company whose stocks I am recommending • I / My family have not received nay compensation from the company where I am recommending a trade or investment. • I have not served as an officer director or employee of company and have not been engaged in market - making activity of the company covered in the research report • I have no material conflict in recommendations posted here (Nilesh S. Kotak) • Research Analyst :*

*SEBI Regn No. : INH000002103*

### ઝડપી વૃધ્ધિ પામતા શેરો
**સૌથી વધુ આવક-ગ્રોથની સંભાવના ધરાવતા સ્ટોક્સ**

| Co. Name | Revenue Growth(%) |
|---|---|
| Techno Electric | 345 |
| Shree Cement | 65 |
| Oberoi Realty | 53 |
| Orient Cement | 48 |
| J. Kumar Infra | 38 |

### ઓછા ખર્ચાળ શેરો
**સૌથી નીચો સંભવિત PE ધરાવતા સ્ટોક્સ**

| Co. Name | Lowest Forward PE |
|---|---|
| IOC | 9.09 |
| Oil India | 10.58 |
| I.B. Hsg. Fin. | 12.22 |
| ONGC | 12.89 |
| Power Grid | 13.06 |

### શ્રેષ્ઠ 5 PEGs સ્ટોક્સ
**સૌથી ઓછો પ્રાઈસ અર્નીંગ ગ્રોથ ધરાવતા સ્ટોક્સ**

| Co. Name | Earning Grwoth Ratio |
|---|---|
| OBC | 0.07 |
| Cox & Kings | 0.08 |
| Hindalco Ind. | 0.09 |
| CESC | 0.19 |
| JK Cement | 0.21 |

### સૌથી વધુ વળતરદાયી શેરો
**સૌથી ઊંચુ ડિવિડંડ યીલ્ડ ધરાવતા ટોપ - ૫ સ્ટોક્સ**

*Investor Earn as Div. for Every Rs. 100/- Invested*

| Co. Name | Hig.Div. Yield |
|---|---|
| Oil India | 5.11 |
| I.B. Hsg. Fin. | 4.96 |
| OBC | 4.02 |
| DB Corp. | 2.96 |
| Tata Chemicals | 2.92 |

### ઓછા જોખમી-૫ સ્ટોક્સ
**ડાઉન સાઈડ રીસ્કની નહિવત સંભાવના ધરાવતા**

| Co. Name | Lowest Downside Risk |
|---|---|
| PGCIL | 1.01 |
| ACC | 0.93 |
| Grasim Ind. | 0.84 |
| Indusind Bank | 1.11 |
| D.B. Corp. | 0.93 |

Financial Weekly
SMART INVESTMENT

# કોલ ઈન્ડિયામાં બાયબેકની જાહેરાતને પગલે મજબૂતી
# ટાટા મોટર્સ ફરી JLR ને કારણે મજબૂત, ભારતમાં ફોકસ કરશે
# ભારત ઈલેક્ટ્રોનિક્સ : પ્રોત્સાહક પરિણામ, મજબૂત ઓર્ડર બુક
# એપલ ટીવી સાથે ડીલને પગલે ઈરોસમાં ઉછાળો
# ફોર્સ મોટર્સમાં મોટા કરેક્શન પછી આકર્ષક વેલ્યુએશન

## સ્માર્ટ બેસ્ટ બાય
- Smita N. Zaveri

**કોલ ઈન્ડિયા :** કોલ ઈન્ડિયાની પાંચ સબસિડરી કંપનીઓએ કોલ ઈન્ડિયામાં ૨૫ ટકા સુધી શેર બાયબેક કરવાની જાહેરાતને પગલે તેના શેરમાં મજબૂતી જોવા મળી છે અને રૂ.૩૦૦ને પાર કરીગયો છે. આ જાહેરાત સાથે જ કોલ ઈન્ડિયાની મોનોપોલી મજબૂત બનશે. આ કંપનીઓ કોલ ઈન્ડિયાના ૧૦ ટકા શેર બાયબેક કરશે અને રૂ.૫૦૦૦ કરોડ તેના મારફતે કોલ ઈન્ડિયાની બેલેન્સ શીટમાં આવશે. સરકાર બાયબેક દ્વારા કોલ ઈન્ડિયા પાસેથી રૂ.૬૦૦૦ કરોડ એકત્ર કરવાની યોજના ધરાવે છે. દરમિયાન કોલ ઈન્ડિયાએ કોલસાના ભાવમાં વધારો કરી દીધો છે, જે તેની મોનોપોલી દર્શાવે છે. ફ્યૂઅલ સપ્લાય એગ્રીમેન્ટ રૂટ અંતર્ગત કંપનીએ ૬.૩ ટકા ભાવવધારો કર્યો છે. શેરમાં વર્તમાન ભાવે ખરીદી કરો. ઘટાડે વધુ ખરીદી કરો.

**ટાટા મોટર્સ :** ટાટા મોટર્સે જગુઆર અને લેન્ડરોવરને ટેકઓવર કરી ત્યારે રતન ટાટા પર માછલા ધોવાયા હતા. પરંતુ આજે ટાટા મોટર્સ આ જ બ્રાન્ડને કારણે આ સ્થિતિ પર છે. જેએલઆરનું વેચાણ અને વોલ્યુમ સતત વધી રહ્યા છે. ભારતમાં તેનું વોલ્યુમ જોઈએ તેવું વધ્યું ન હોવાથી હવે કંપનીએ ભારતીય માર્કેટ પર ફોકસ કરવાનું નક્કી કર્યું છે. હાલમાં સ્થાનિક બજારમાં જેએલઆરનો ૯ ટકા હિસ્સો છે. ટાટા મોટર્સનો નેટ પ્રોફિટ ૩ ગણો ઉછળીને રૂ.૫૧૭૭ કરોડ થઈ ગયો હતો. તેની કુલ આવક ૧૮ ટકા વધીને રૂ.૭૯૯૨૬ કરોડ થઈગઈ હતી. જગુઆર લેન્ડ રોવરનું વોલ્યુમ ખાસ્સું વધ્યું હતું. નવા વર્ષમાં પણ જગુઆરની એક્સઈ અને એપ-પેસનું વેચાણ નોંધપાત્ર વધવાની શક્યતા છે. ખાસ કરીને ચીનમાં જગુઆર અને લેન્ડ રોવર બન્નેનું વેચાણ વધશે. લેન્ડ રોવરમાં તેના નવા મોડેલ ડિસ્કવરી સ્પોર્ટને કારણે વેચાણ વધશે. ઘરઆંગણે પણ કોમર્શિયલ વ્હીકલનું વેચાણ નોંધપાત્ર વધ્યું છે. આ શેરમાં મોટાભાગના બ્રોકિંગ હાઉસીસ બુલિશ છે. તેમાં ખરીદી કરો.

**ભારત ઈલેક્ટ્રોનિક્સ :** જાહેર ક્ષેત્રની કંપની ભારત ઈલેક્ટ્રોનિક્સે માર્ચના ક્વાર્ટરના સારા પરિણામ આપ્યા છે. તેનો નેટ પ્રોફિટ ૨૪ ટકા વધીને રૂ.૧૮૦૯ કરોડ થયો હતો. તેનું ટર્નઓવર ૧૨ ટકા વધીને રૂ.૭૫૨૨ કરોડ થયું હતું. તેની ઓર્ડર બુક પણ નોંધપાત્ર વધી હતી અને એપ્રિલના અંતે તે રૂ.૩૨,૦૨૨ કરોડ થઈ ગઈ હતી. કંપનીએ આ સાથે જ ડાયવર્સિફિકેશનની પણ જાહેરાત કરી હતી અને તેના ડિફેન્સ તથા નોન-ડિફેન્સ ક્ષેત્રમાંવિસ્તરણની પણ જાહેરાત કરી હતી. તેની નિકાસ ૪૭ ટકા વધીને ગત વર્ષે ૮.૫ કરોડ ડોલરની થઈ હતી. કંપનીએ માર્ચના ક્વાર્ટરમાં કેટલીક નવી પ્રોડક્ટ્સ પણ લોન્ચ કરી છે. દરમિયાન કંપનીએ માઈક્રો ATM વિકસાવવાની પણ જાહેરાત કરી છે, જેની ખાસ્સી માંગ આગામીસમયમાંવધશે. કંપનીને હરિયાણા સરકાર તરફથી પાઈલટ પ્રોજેક્ટ અંતર્ગત ૪૫૦૦ ડિવાઈસનો ઓર્ડર મળ્યો છે. અન્ય રાજ્યોએ પણ રસ દાખવ્યો છે. આ શેર વર્તમાન ભાવે ખરીદો.

**ઈરોસ ઈન્ટરનેશનલ :** ઈરોસ ઈન્ટરનેશનલના શેરમાં ગત સપ્તાહે ૧૦ ટકા જેવો ઉછાળો આવી ગયો. કંપનીએ જાહેરાત કરી છે કે તેની ડિજિટલ ઓવર-ધ-ટોપ ડિસ્ટ્રિબ્યુશન સર્વિસ ઈરોસ નાઉએ એપલ ટીવી સાથે તેની કન્ટેન્ટ દર્શાવવા અંગે ડીલ કર્યું છે. આ ડીલ મારફતે ઈરોસ નાઉ બોલિવૂડ અને રિજનલ લેંગ્વેજની ફિલ્મો અને મ્યૂઝિક વીડિયોની ઢગલાબંધ કન્ટેન્ટ ૮૦થીવધુ દેશોમાં દર્શાવી શકશે, જ્યાં એપલ ટીવી મજબૂત સ્થિતિમાં છે. મુંબઈ સ્થિત ઈરોસ ઈન્ટરનેશનલ મખ્યત્વે ફિલ્મ નિર્માતા અને ડિસ્ટ્રિબ્યુશન કંપની છે. એનલિસ્ટ્સના મતે એપલ ટીવી સાથે કંપનીનું ટાઈઅપ થવાથી કંપનીની વધારાની આવક થશે. દરમિયાન કંપનીની નવી ફિલ્મ હાઉસફુલ-૩ની ગ્રોસ આવક ૧૦૦ કરોડ રૂપિયાને પાર કરી ગઈ હોવાની પણ તેણે જાહેરાત કરી છે. ઈરોસનો શેર એક સમયે રૂ.૧૨૫ની સપાટીએ સરકી ગયો હતો, પરંતુ ત્યાર પછી તેમાં ખૂબ ઝડપી ઉછાળો આવ્યો છે અને હાલમાં તે રૂ.૨૧૧ના ભાવે બંધ આવ્યો છે. તેમાં ઘટાડે ખરીદી કરો.

**ફોર્સ મોટર્સ :** ફોર્સ મોટર્સે મે મહિનામાં ૧૫૮૮ સ્મોલ અને લાઈટ કોમર્શિયલ વ્હીકલ્સનું વેચાણ કર્યું છે. આ ઉપરાંત ૯૨૩ યુટિલિટી વ્હીકલ્સ, સ્પોર્ટ્સ યુટિલિટી વ્હીકલ્સ, ટ્રેક્ટર્સનું વેચાણ કર્યું છે. ફોર્સ મોટર્સ સંપૂર્ણ વર્ટિકલી ઈન્ટિગ્રેટેડ ઓટોમોબાઈલ કંપની છે. છેલ્લાં પાંચ દાયકામાં કંપનીએ વિશ્વની અગ્રણી ડેમલર, ઝેડએફ, રિકાર્ડો, બોશ જેવી કંપનીઓ સાથે કામ પાર પાડ્યું છે અને ઓટોમોબાઈલ ડિઝાઈન, ડેવલપમેન્ટ અને ઉત્પાદનમાં આગવું સ્થાન મેળવ્યું છે. ફોર્સ મોટર્સ એકમાત્ર એવી કંપની છે, જે બીએમડબ્લ્યુ અને મર્સિડીઝ બન્ને માટે પાવરટ્રેઈન(એન્જિન, ગીયરબોક્સ, એક્સલ, વગેરે)ની કામગીરી કરે છે. છેલ્લાં ત્રણ મહિનામાં ફોર્સ મોટર્સનો શેર રિવર્સ ગીયરમાં દોડીને રૂ.૩૫૦૦ પ્લસથી ઘટીને રૂ.૨૯૦૦ આસપાસ આવીગયો છે. જોકે આ કરેક્શનનો ખરીદી માટે તક સમજીને ઉપયોગ કરોઅને તેમાં રોકાણ કરો.

**(SEBI Registered Research Analyst)**

* Disclosure :- The author has not brought / sold any stock advised in this news paper during last one month • All stocks rates / indices on 10th June 2016 unless specified o Stoploos is useful for Short - Medium term investors only

* Disclaimer :- • Smart Investment will not be responsible / for any loss arising out of investment based on its recommendation. • Though, every care has been taken, we will not responsible for any errors / omissions • All disputes are subject to Ahmedabad jurisdiction

| Coal India | |
|---|---|
| CMP (10-6-2016) | 307.00 |
| Face Value | 10.00 |
| BSE Code | 533278 |
| 52 Wk. High | 447.25 |
| 52 Wk. Low | 272.05 |

| Tata Motors | |
|---|---|
| CMP (10-6-2016) | 457.00 |
| Face Value | 2.00 |
| BSE Code | 500570 |
| 52 Wk. High | 470.25 |
| 52 Wk. Low | 266.00 |

| Bharat Electronics | |
|---|---|
| CMP (10-6-2016) | 1264.00 |
| Face Value | 10.00 |
| BSE Code | 500049 |
| 52 Wk. High | 1416.00 |
| 52 Wk. Low | 983.00 |

| EROS Intl. | |
|---|---|
| CMP (10-6-2016) | 211.00 |
| Face Value | 10.00 |
| BSE Code | 533261 |
| 52 Wk. High | 644.40 |
| 52 Wk. Low | 125.90 |

| Force Motors | |
|---|---|
| CMP (10-6-2016) | 2918.00 |
| Face Value | 10.00 |
| BSE Code | 500033 |
| 52 Wk. High | 3785.00 |
| 52 Wk. Low | 1406.00 |

## સ્માર્ટ સુપર-ડુપર
Dilip K. Shah

**Jindal Saw (રૂા. ૪૮.૦૦) (કોડ : ૫૦૦૩૭૮)** :- જિન્દાલ શો આયર્ન એન્ડ સ્ટીલ પાઈપ્સનું ઉત્પાદન કરે છે. કંપની એનર્જી ટ્રાન્સપોર્ટેશન સેકટર, ઈન્ડસ્ટ્રીયલ એપ્લીકેશન માટે અને વોટર અને વેસ્ટ વોટર માટે વિવિધ પ્રકારની પાઈપ બનાવે છે. કંપની પોતાની પ્રોડકટોની નિકાસ કરે છે. BSE ખાતે B ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૨ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ. ૮૫.૪ અને ઘટીને રૂ. ૩૫.૬૫ જોવાયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટ કેપ રૂ. ૧૫૭૦ કરોડ છે. કંપનીમાં પ્રમોટરો ૫૧.૨૭ ટકા અને પબ્લિક ૪૮.૭૩ ટકા સ્ટેક ધરાવે છે. કંપનીના શેરની બુકવેલ્યુ રૂ. ૧૩૩ જેટલી ઊંચી છે વર્તમાન ભાવે આ સ્ટોક માત્ર ૦.૩૬ ના પ્રાઈઝ ટુ બુકથી ક્વોટ થઈ રહ્યો છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬ ના માર્ચ ક્વાર્ટરમાં કંપનીની આવક રૂ. ૨૦૮૩.૪૪ કરોડથી ઘટીને રૂ. ૧૮૦૭.૩૦ કરોડ થઈ છે જ્યારે નફો રૂ. ૭૧.૧૦ કરોડથી વધીને રૂ. ૧૦૪.૦૮ કરોડ થયો છે. કંપનીએ માર્ચ ક્વાર્ટરમાં રૂ. ૩.૩૨ ની ઈપીએસ હાંસલ કરી છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬માં કંપનીએ કોન્સોલીડેટ બેઈઝ ઉપર રૂ. ૮૩૨૪.૬૭ કરોડની સામે રૂ. ૭૬૫૪.૧૭ કરોડની આવક હાંસલ કરી છે જ્યારે કંપનીએ રૂ. ૨૫.૯૮ કરોડના નફાની સામે રૂ. ૭૮.૧૦ કરોડની નુકશાની દર્શાવી છે. કોન્સોલીડેટ બેઝ ઉપર ઊંચા વ્યાજ ખર્ચ અને અન્ય નુકશાનીને કારણે કંપનીએ નુકશાની દર્શાવી છે પણ કંપનીએ રૂ. ૨ ના શેર માટે રૂ. ૧ નું ડિવિડંડ જાહેર કર્યું છે. કંપની જે સેકટરમાં છે એનું ભાવિ સારૂં છે કંપનીના હાથ ઉપર મોટા ઓર્ડરો છે અને અહીંથી ઈકોનોમી સુધરતા આ સેકટર્સમાં સારૂં કામ થઈ શકે છે ત્યારે તળિયાના ભાવે મળતાં આ સ્ટોકમાં રોકાણ માટે વિચારી શકાય.

**DCM Shriram (રૂા. ૨૦૧.૦૦) (કોડ : ૫૨૩૩૬૭)** :- BSE ખાતે B ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસવેલ્યુ રૂ. ૨ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ. ૨૦૯.૯૦ અને ઘટીને રૂ. ૧૦૦ જોવાયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ. ૩૩૫૫ કરોડ છે. કંપનીમાં પ્રમોટરો ૬૩.૮૮ ટકા અને પબ્લિક ૩૪.૨૦ ટકા સ્ટેક ધરાવે છે. માર્ચ ક્વાર્ટરમાં કંપનીના પરિણામો સુંદર રહ્યા છે. જેમાં કંપનીની આવક રૂ. ૧૩૦૯.૨૫ કરોડથી વધીને રૂ. ૧૩૩૨.૯૮ કરોડ થઈ છે જ્યારે કંપનીનો નફો રૂ. ૫૧.૧૬ કરોડ છે જે ગત વર્ષે માર્ચ ક્વાર્ટરમાં રૂ. ૪૦.૧૯ કરોડની નુકશાની હતી. નાણાંકીય વર્ષ ૨૦૧૬ ની વાત કરીએ તો, કંપનીની આવક રૂ. ૫૬૩૯.૧૮ કરોડથી વધીને રૂ. ૫૮૪૧.૧૯ કરોડ થઈ છે જ્યારે કંપનીનો નફો રૂ. ૨૧૦.૮ કરોડથી વધીને રૂ. ૨૯૭.૨૨ કરોડ થયો છે. કંપનીએ નાણાંકીય વર્ષ ૨૦૧૬માં ૧૮.૩૦ ની ઈપીએસ હાંસલ કરી છે અને વર્તમાન ભાવે ૧૭.૫ ના નીચા P/E થી ક્વોટ થઈ રહ્યો છે. કંપનીની ઈક્વિટી રૂ. ૩૨.૬૪ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ. ૨૦૬૨.૯૯ કરોડનું રીઝર્વ છે. કંપની એગ્રી રૂરલ બિઝનેસ, યુરિયા, સુગર, ફાર્મ સોય્લુશન, હાઈબ્રીડ સીડ્સ, હરિયાળી કિસાન બઝાર સિમેન્ટ, PVC કોમ્પોનન્ટ, PVC રેઝીન્સ, કેલ્શિયમ કાર્બાઈડ, કલોર વિનાઈલ બિઝનેસ જેવા સેગમેન્ટમાં સક્રિય છે સાથે કેટલાક વેલ્યુ એડેડ બિઝનેસ પણ ધરાવે છે. કંપની ડાયવર્સિફાઈડ પ્રોડકટ પોર્ટફોલિયો ધરાવે છે અને મોટા ભાગના બિઝનેસ માટે સારા દિવસો ચાલી રહ્યા છે માટે કંપની નાણાંકીય વર્ષ ૨૦૧૭ પણ તગડો ગ્રોથ દર્શાવી શકે છે. કંપની તેના શેર હોલ્ડરોને સુંદર ડિવિડંડ પણ આપે છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬ માટે કંપનીએ ૧૬૦ ટકા ડિવિડંડ ચુકવ્યું છે. મજબુત પ્રમોટર બેક ગ્રાઉન્ડ ધરાવતી આ કંપનીના સ્ટોકમાં અહીંથી રોકાણ તબક્કાવાર કરતાં જોવાય.

**Intellect Design (રૂા. ૨૧૨.૦૦) (કોડ : ૫૩૮૮૩૫)** :- આ કંપની પોલારીસમાંથી છુટી પડેલી કંપની છે. BSE ખાતે B ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસવેલ્યુ રૂ. ૫ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ. ૩૦૨.૬૫ અને ઘટીને રૂ. ૯૮ જોવાયો હતો. માર્કેટ કેપ રૂ. ૨૧૩૨ કરોડ છે. કંપનીમાં પ્રમોટરો ૩૨.૪૬ ટકા અને પબ્લિક ૬૬.૬૩ ટકા સ્ટેક ધરાવે છે. કંપની પ્રોડકટ ડીવીઝન ધરાવે છે. કંપનીના પ્રોડકટો યુનિક બેન્કિંગ સોફટવેર છે. કંપની અત્યાર સુધીમાં નુકશાની દર્શાવી હતી પણ માર્ચ ક્વાર્ટરથી કંપનીની નુકશાની દુર થતી જોવા મળી છે. કંપની બેન્કિંગ, ઈન્સ્યોરન્સ અને અન્ય ફાયનાન્સીયલ સર્વિસ સેકટર ઉપર ફોકસ કરતી આઈ.ટી. કંપની છે. આ કંપની બેન્કિંગ સોફટવેર પ્રોડકટો માટે વન સ્ટોપ શોપ ગણાય છે. કંપનીના કલાયન્ટોમાં ૨૦૦ થી વધારે જાણીતી બેન્કોનો સમાવેશ થાય છે. જેમાં આરબીઆઈ અને સેન્ટ્રલ બેન્ક ઓફ સ્વીડનનો પણ સમાવેશ થાય છે. કંપનીની ૪૫ ટકાથી વધારે રેવન્યુ યુએસ અને યુરોપમાંથી આવે છે જ્યારે બાકીની અન્ય દેશોમાંથી આવે છે. કંપનીનો ઓપરેટીંગ માર્જીન ૫૦ ટકા આસપાસ છે. કંપની ૧૦૦ કરોડ R&D ઉપર ખર્ચ કરી રહી છે. માર્ચ ક્વાર્ટરમાં કંપનીની આવક રૂ. ૧૬૧.૨૬ કરોડથી વધીને રૂ. ૨૧૬.૬૫ કરોડ થઈ છે જ્યારે કંપનીએ રૂ. ૨૯.૬૬ કરોડની નુકશાની સામે રૂ. ૧૪.૧૪ કરોડનો નફો હાંસલ કર્યો છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬ માં કંપનીની આવક રૂ. ૬૦૮.૭૫ કરોડથી વધીને રૂ. ૮૧૦.૬૬ કરોડ થઈ છે જ્યારે કંપનીની નુકશાની ૮૨.૯૯ કરોડથી ઘટીને રૂ. ૧૬.૮૪ કરોડ રહી હતી. નાણાંકીય વર્ષ ૨૦૧૭ ના અંતે કંપની સંપૂર્ણપર્ણે નફો હાંસલ કરી શકે છે. કંપનીનો ગ્રોથ મજબુત છે ત્યારે બાવન સપ્તાહના હાઈથી લગભગ રૂ. ૯૦ નીચે મળી રહેલ આ સ્ટોકમાં ખરીદી કરી લેવાય.

**FIEM Industries (રૂા. ૮૨૩.૦૦) (કોડ : ૫૩૨૭૬૮)** :- FIEM ઈન્ડસ્ટ્રીઝ ઓટોમોટિવ લાઈટીંગ, સિગ્નલીંગ ઈક્વિપમેન્ટ અને રીયર વ્યુ મિરર્સ બનાવતી એક અગ્રણી કંપની ગણાય છે. કંપનીનો મોટાભાગનો બિઝનેસ ટુ વ્હીલર સેગમેન્ટમાંથી આવે છે. કંપની રીયર વ્યુ મિરર્સ, હેડ લેમ્પ, ટેઈલ લેમ્પ, રૂફ લેમ્પ, વ્હીલ કવર, વોર્નિંગ ટ્રાયેન્ગલ, રીયર ફેડર એસેમ્બલી, ફેમ એસેમ્બલી, મડગાર્ડ વિવિધ પ્રકારનાં શીટ મેટલ્સ અને પ્લાસ્ટિક પાર્ટસ સહિત વિવિધ પ્રકારના પ્રોડકટો બનાવે છે. કંપની ટુ વ્હીલર્સ ઉપરાંત ફોર વ્હીલર LCV, HTV અને ટ્રેકટર માટે પણ પ્રોડકટો બનાવે છે. કંપની જાપાન ખાતે FIEM Ind. જાપાન કંપની લીમીટેડ નામની સબસીડીયરી કંપની પણ ધરાવે છે. કંપની ૮ અત્યાધુનિક પ્લાન્ટ ધરાવે છે. કંપનીના ફંડામેન્ટલ્સ ખુબજ મજબુત છે. કંપનીની ઈક્વિટી રૂ. ૧૧.૯૬ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ. ૨૪૭.૩૪ કરોડનું રીઝર્વ છે. કંપની સતત ડિવિડંડ વધારી રહી છે. નાણાંકીય વર્ષ ૨૦૧૧ માં કંપનીએ ૨૫ ટકા, ૨૦૧૨ માં ૩૦ ટકા, ૨૦૧૩ માં ૪૦ ટકા, ૨૦૧૪ માં ૬૦ ટકા, ૨૦૧૫ માં ૭૦ ટકા અને ૨૦૧૬ માટે કંપનીએ ૫૦ ટકાનું વચગાળાનું ડિવિડંડ ચુકવ્યું છે અને ૩૦ ટકાનું ફાયનલ ડિવિડંડ જાહેર કર્યું છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬ માં કંપનીની આવક રૂ. ૮૨૫.૪૭ કરોડથી વધીને રૂ. ૯૮૮.૧૬ કરોડ થઈ છે જ્યારે કંપનીનો નફો રૂ. ૪૨.૪૮ કરોડથી વધીને રૂ. ૫૭.૩૩ કરોડ થયો છે. કંપનીએ નાણાંકીય વર્ષ ૨૦૧૬ માં રૂ. ૪૭.૯૩ ની ઈપીએસ હાંસલ કરી છે. એ જોતા વર્તમાન ભાવે આ સ્ટોક માત્ર ૧૭.૫ ના નીચા પીઈથી ક્વોટ થઈ રહ્યો છે. BSE ખાતે B ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસવેલ્યુ રૂ. ૧૦ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ. ૯૪૩ અને ઘટીને રૂ. ૪૭૫ જોવાયો છે. વર્તમાન ભાવે માર્કેટ કેપ રૂ. ૯૯૦ કરોડ છે. સ્ટોકમાં રોકાણ કરી લેવાય.

**Cosmo Films (રૂા. ૩૪૫.૦૦) (કોડ : ૫૦૮૮૧૪)** :- પેકેજીંગ ફિલ્મ, લેમિનેટીંગ ફિલ્મ તેમજ કોટેડ ફિલ્મ બનાવતી કોસ્મો ફિલ્મ આ સેકટરમાં જિન્દાલ પોલી બાદ અગ્રણી કંપની તરીકે જાણીતી છે. ખાસ કરીને આ સેકટર હાલમાં સાયકલીકલ તેજીમાં છે અને ક્રુડ ઓઈલના નીચા ભાવોને કારણે આ સેકટરમાં ફાયદો જોવા મળી રહ્યો છે. BSE ખાતે B ગ્રુપમાં લિસ્ટેડ આ કંપનીના શેરની ફેસવેલ્યુ રૂ. ૧૦ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ. ૪૦૭.૯૦ અને ઘટીને રૂ. ૧૦૧.૫૦ જોવાયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટ કેપ રૂ. ૬૮૦ કરોડ છે. કંપનીમાં પ્રમોટરો ૪૩.૫૧ ટકા અને પબ્લિક ૫૬.૪૯ ટકા સ્ટેક ધરાવે છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬ માં કંપનીએ બમ્પર પરિણામો દર્શાવ્યા છે. જેમાં કંપનીની આવક રૂ. ૧૬૪૬.૭૮ કરોડથી ઘટીને રૂ. ૧૬૨૦.૬૨ કરોડ થઈ છે જ્યારે નફો રૂ. ૨૭.૬૬ કરોડથી ઉછળીને રૂ. ૯૬.૨૪ કરોડ થયો છે. કંપનીએ નાણાંકીય વર્ષ ૨૦૧૬ માં રૂ. ૪૯.૫૦ ની EPS હાંસલ કરી છે એ જોતા આ સ્ટોક હાલમાં ૭ ના નીચા P/E થી ક્વોટ થઈ રહ્યો છે. કંપની તેના શેર હોલ્ડરોને સુંદર ડિવિડંડ ચુકવે છે. નાણાંકીય વર્ષ ૨૦૧૫ માટે કંપનીએ ૩૫ ટકા ડિવિડંડ ચુકવ્યું હતું જ્યારે નાણાંકીય વર્ષ ૨૦૧૬ માટે ૧૦૦ ટકાનું વચગાળાનું ડિવિડંડ ચુકવ્યું છે. કંપનીની ઈક્વિટી રૂ. ૧૯.૪૪ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ. ૪૩૭ કરોડનું રીઝર્વ છે. પાછલા ૯ મહિનામાં કંપનીમાં પ્રમોટરોએ પોતાનો સ્ટેક માર્કેટમાંથી શેરો ખરીદીને વધાર્યો છે જે કંપનીના રોકાણકારો માટે વિશ્વાસ વધારનારી વાત છે. આ સ્ટોક વર્તમાન ભાવે રોકાણ માટે આકર્ષક લાગી રહ્યો છે. આ સ્ટોકમાં તબક્કાવાર રોકાણ કરી શકાય. આવનારા ૬ મહિનામાં આ સ્ટોક રૂ. ૪૫૦ નો આંક દર્શાવતો જોવા મળી શકે છે.

***Disclosures*** as per SECURITIES AND EXCCHANGE BOARD OF INDIA (Research Analysts) Regulation, 2014; • I and / or my clients may have investment in this stocks • I/My family have no financial interest or beneficial interest of more than 1% in the company whose stocks I am recommending • Stop loss is useful for Short / Medium Term investor Only • Smart Investment will not be responsible / liable for any loss arising out of investment based on tis advices • Past performance may or may not be substainedin future

*(Dilip K. Shah) Research Analyst*
*SEBI Regn No. : INH000002152*

Financial Weekly
SMART INVESTMENT



# Technical Trading Trends

- Parag Salot (SEBI Registered Research Analyst)
M. : 91-9930011789

***નિફ્ટી*** :- સપ્તાહનો અંતે નિફ્ટી ૮૧૯૫ ના લેવલે બંધ રહેવા પામી હતી. નિફ્ટીએ ૮૩૦૦ નું લેવલ ક્રોસ કરવા માટે ઘણી મહેનત કરી હતી પરંતુ ફેઈલ નિવડી હતી. નિફ્ટી જો ૮૩૦૦ નું લેવલ ક્રોસ કરવામાં સફળ ન નિવડે તો આગામી દિવસોમાં નિફ્ટીમાં ૮૦૭૨ થી ૭૦૯૬ સુધીનું લેવલ આવી શકે છે. આગામી દિવસોમાં સાવચેતી રૂપે બાયની પોઝીશનમાંથી હળવા થઈ જવું જે નીચેના લેવલે ફરી ખરીદીનો મોકો પુરો પાડશે.

***બેન્ક નિફ્ટી ફ્યુચર*** :- સપ્તાહના અંતિમ દિવસે બેન્ક નિફ્ટી ૧૭,૭૯૦ નાં લેવલે બંધ રહેવા પામી હતી. બેન્ક નિફ્ટીએ ૧૮,૦૦૦ નું લેવલ કુદાવવામાં સફળતા મેળવેલ નહતેતી. નિફ્ટી જો આ લેવલ કુદાવવામાં સફળ રહે તો ૧૮,૪૦૦ સુધીનું લેવલ જોવા મળી શકે.

## Last Recommendation Review

| Scrip Name | BSE Code | Buy/ Sell | Enter at | Did High/ Low | Remark |
|---|---|---|---|---|---|
| Cairn India | 532792 | Buy | 143 | 150 | Target Achieved |
| DLF | 532868 | Buy | 133 | 138 | Target Achieved |
| Dr. Reddy | 500124 | Buy | 3183 | 3198 | Target Achieved |
| HDIL | 532873 | Buy | 94 | 100 | Target Achieved |
| KSCL | 532899 | Buy | 455 | 474 | Target Achieved |
### જો કે ટાર્ગેટ અંગે કંપનીએ ગાઈડન્સ જાળવી રાખતા અવરોધ વચ્ચે શેર ખરીદવાની તક

અગ્રણી ઈન્ફોર્મેશન ટેકનોલોજી કંપની ઈન્ફોસિસ મેનેજમેન્ટને માર્જિનમાં ઘટાડો થવાનો અંદાજ આપ્યા બાદ વિતેલ સપ્તાહે તેના શેરના ભાવમાં એક જ દિવસમાં સૌથી મોટો કડાકો જોવા મળ્યો હતો. રિટેઈલ, એનર્જી અને ઈન્સ્યોરન્સ ક્ષેત્રમાં નબળા ખર્ચને કારણે ત્રિમાસિક ધોરણે અવરોધ આવી શકે છે. ઈન્ફોસિસના ચીફ ઓપરેટિંગ ઓફિસર યુબી પ્રવિણે સંકેત આપ્યો હતો કે, કર્મચારીના વેતનમાં અને વિઝાના ખર્ચમાં વધારાને કારણે જૂન ક્વાર્ટરમાં કંપનીના માર્જિન્સમાં ૨૦૦ બેસિસ પોઈન્ટનો ઘટાડો થવાની ધારણા છે. જો કે સંપૂર્ણ નાણાંકીય વર્ષના ટાર્ગેટ અંગે કંપની ગાઈડન્સ જાળવી રાખ્યું છે. કંપનીએ અગાઉ ચાલુ નાણાંકીય વર્ષમાં આવકમાં ૧૧.૫ થી ૧૩.૫ ટકાનો વધારો થવાનું ગાઈડન્સ આપ્યું હતું. બીએસઈમાં ઈન્ફોસિસના શેરનો ભાવ વિતેલ સપ્તાહે એક જ દિવસમાં ૪.૨૭ ટકા તુટી જવા પામ્યો હતો. ગયા વર્ષના ૨૪ ઓગસ્ટ પછીથી કંપનીના શેરના ભાવમાં સૌથી મોટો કડાકો જોવા મળ્યો હતો તથા બીએસઈ સેન્સેક્સની કંપનીઓમાં સૌથી ખરાબ દેખાવ કર્યો હતો જો કે, એનાલિસ્ટો માને છે કે, શેરના ભાવમાં હવે નોંધપાત્ર ઘટાડો થવાની શકયતા નથી. શેર માટે રૂ. ૧૧૬૦ મહત્વનો સપોર્ટ છે. ઈન્ફોસીસના શેરના ભાવમાં ચાલુ વર્ષે અત્યાર સુધી ૭.૩ ટકાનો વધારો થયો છે અને ટીસીએસ અને ટેક મહિન્દ્રા જેવા હરીફ લાર્જ - કેપ શેરો કરતાં ચડિયાતો દેખાવ કર્યો છે. આ બન્ને શેરોના ભાવમાં આ સમયગાળામાં અનુક્રમે ૨.૫ ટકા અને ૫.૭ ટકાનો વધારો થયો છે.

## છેલ્લાં ૧ વર્ષમાં ઉજ્જિવનમાં ૬૫%, ઈક્વિટામાં ૨૮% અને SKS માઈક્રોમાં ૫૧ %નો ઉછાળો

### માઈક્રો ફાયનાન્સના શેરો ઊંચી ફલાંગ સાથે મલ્ટીબેગર્સ બનવા થનગની રહ્યા છે

### NBFC, Hsg. Fin., PSU કરતાં સારો દેખાવ : ચોમાસું સારૂં રહેતા આ શેરો વધુ દોડશે

બજાજ ફાયનાન્સ, એસકેએસ માઈક્રો ફાયનાન્સ, મન્નાપુરમ ફાયનાન્સ, ઉજ્જિવન અને ઈક્વિટાસ જેવી માઈક્રો ફાયનાન્સ કંપનીઓએ છેલ્લાં એક વર્ષમાં જંગી સરસાઈ સાથે બેન્ચમાર્ક ઈન્ડેક્સ કરતાં ચડિયાતો દેખાવ કર્યો છે. નિષ્ણાતો જણાવે છે કે, વધુ સારી વૃધ્ધિની સંભાવના સાથે આ કંપનીઓ આકર્ષક સ્થિતિમાં છે. માઈક્રો ફાયનાન્સ કંપનીઓ ધિરાણના વિસ્તરણમાં વધુ સારી સ્થિતિમાં છે આ ઉપરાંત જાહેર અને ખાનગી બેન્કોની સરખામણીમાં એનપીએની મોટી સમસ્યા પણ નથી. સંદીપ સભરવાલેના મતે 'માઈક્રો ફાયનાન્સ કંપનીઓના ફંડામેન્ટલ્સ ઘણાં સારાં છે અને ધિરાણના સંદર્ભમાં બેન્કિંગ ક્ષેત્રની નરમાઈનો લાભ NBFC ઉઠાવી રહી છે. આ કંપનીઓ બિનકાર્યક્ષમ અસ્કામતોના સંદર્ભમાં પણ મુશ્કેલીનો સામનો કરી રહી નથી તેથી હાલમાં આક્ષક સ્થિતિમાં છે. છેલ્લાં એક વર્ષમાં ઉજ્જિવન ફાય. શેરમાં ૬૫ ટકા, ઈક્વિટાસ હોલ્ડિંગમાં ૨૮ ટકા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ફાયનાન્સમાં ૩૧ ટકા, LIC હાઉસીંગ ફાયનાન્સમાં ૧૮ ટકા, બજાજ ફાયનાન્સમાં ૮૫ ટકા અને એસકેએસ માઈક્રો ફાયનાન્સમાં ૫૧ ટકાનું જંગી વળતર મળ્યું છે. જો આ વર્ષે ચોમાસું સારૂં રહેશે તો ગ્રામીણ ક્ષેત્રમાં ધિરાણને વેગ મળશે તેનો ફાયદો માઈક્રો ફાયનાન્સ કંપનીઓને મળતો જોવાશે. હાઉસીંગ ફાયનાન્સ કંપનીઓ અને એનબીએફસીએ બેન્કો અને ખાસ કરીને સરકારી બેન્કોની સરખામણીમાં શેરબજારમાં વધુ સારો દેખાવ કર્યો છે.

**જંગી રીટર્ન કમાવી આપનાર માઈક્રો ફાયનાન્સ કંપનીઓ**

| Shares | 1 Year Return |
|---|---|
| Ujjivan Fin. | 65 % |
| Equitas | 28 % |
| M & M Fin. | 31 % |
| Sundram Fin. | -1% |
| LIC Hsg. Fin. | 18% |
| Bajaj Fin. | 82% |
| Manappuram Fin. | 85 % |
| SKS Micro | 51% |

## ટાવર બિઝનેસના વેચાણની અટકળોને પગલે....

### રિલા. કોમ્યુ. માં ટ્રેડર્સના તોફાન સાથે જોરદાર સટ્ટો : ઓપન ઈન્ટરેસ્ટ નવી ટોચે

### રેટિંગમાં ઘટાડો તેમજ આઉટલુક નેગેટિવ જોતાં આ શેરમાં સાવચેતી જરૂરી

રિલાયન્સ કોમ્યુનિકેશનના શેરમાં ફરી ટ્રેડર્સનું આકર્ષણ વધ્યું છે. રિલાયન્સ કોમ્યુનિકેશન ફયુચર્સનો ઓપન ઈન્ટરેસ્ટ વિતેલ સપ્તાહે ૧૩.૩૪ કરોડની ૧૦ વર્ષની ટોચે પહોંચી જવા પામ્યો હતો જે મહિના પહેલા ૧૬.૯૬ લાખ હતો. ટાવર બિઝનેસના વેચાણ માટે વાટાઘાટો ચાલુ હોવાથી અટકળોને પગલે રિલાયન્સ કોમ્યુનિકેશનમાં સટ્ટાકીય લેવાલી જોવાઈ હતી.

કંપનીએ ટાવર બિઝનેસના વેચાણ અંગે કંઈ કહેવાનો ઈન્કાર કર્યો હતો. એનએસઈ ખાતે એફ એન્ડ ઓ કોન્ટ્રાક્ટમાં પોઝિશન મહત્તમ મર્યાદા સુધી પહોંચી છે એટલે એક્સચેન્જે નવી પોઝિશન પર પ્રતિબંધ ફરમાવ્યો છે. ગયા મહિનાથી રિલાયન્સ કોમ્યુનિકેશનના શેરમાં ૧૪ ટકા ઘટાડો નોંધાયો હતો. ઉલ્લેખનીય છે કે, ઓગસ્ટથી ડિસેમ્બરના ગાળામાં પણ રિલાયન્સ કોમ્યુનિકેશનમાં આવી જ સટ્ટાકીય લેવાલી જોવા મળી હતી એ વખતે શેર રૂ. ૫૦ થી વધીને રૂ. ૯૦ ના મથાળે પહોંચ્યો હતો. જો કે, ટાવર બિઝનેસ માટે કોઈ બિડ નહીં મળતાં તેજી ધોવાઈ ગઈ હતી.

કંપનીનું દેવું રૂ. ૪૦૦૦૦ કરોડે પહોંચ્યું છે. રેટિંગ એજન્સી મુડીઝ ઈન્વેસ્ટર સર્વિસીસે ગત સપ્તાહે જણાવ્યું હતું કે, ''મોબાઈલ ટાવર બિઝનેસના વેચાણમાં વિલંબને કારણે કંપનીની ફાયનાન્સિયલ અને ક્રિડટ પ્રોફાઈલ દબાણમાં છે'' મુડીઝ ઈન્વેસ્ટર્સ સર્વિસે રિલાયન્સ કોમ્યુનિકેશનની ૨૦૧૫-૧૬ ની નાણાંકીય કામગીરીને Ba3 કોર્પોરેટ ફેમિલી રેટિંગ આપ્યું છે. રેટિંગ આઉટલુક નેગેટિવ છે.

## આ શેર સ્ટેક સેલની જોરદાર અફવાએ ઊંચકાયો પરંતુ....

### ક્વોલિટીની બેલેન્સશીટ નબળી હોવાથી રોકાણકારોએ સાવધાની રાખવી જરૂરી

### પીઈ ૧૬ ના મલ્ટીપલમાં આકર્ષક છત્તાં નબળા નાણાંકીય દેખાવને કારણે દબાણ હેઠળ

ક્વોલિટીના હિસ્સાનું વેચાણ થવાની વાતોથી દિલ્હી સ્થિત ડેરી કંપનીઓના શેર પાછલા છ ટ્રેડિંગ સેશનમાં છ ટકા કરતાં વધારે ઊંચકાયો હતો પરંતુ રોકાણકારોએ સાવચેત રહેવાની જરૂર છે કેમ કે કંપનીની નાણાંકીય કામગીરી એટલી બધી પ્રોત્સાહક નથી.

વર્ષ દરમ્યાન અત્યાર સુધીમાં દૂધની કિંમતમાં ૮-૧૦ ટકાનો વધારો થયો છે. તેણે તાજેતરના ત્રિમાસિક ગાળા દરમ્યાન કંપનીની નાણાંકીય કામગીરી પર ખરાબ અસર કરી છે જેના કારણે ચાલુ વર્ષે કંપનીનો શેર ૨૦ ટકા જેવો ઘટ્યો હતો. કંપનીએ આગલા નાણાંકીય વર્ષના પ્રતમ છ માસિક ગાળા દરમ્યાન દેખાવમાં સામાન્ય સુધારો કરતાં મોટા રોકાણકારોએ નવી ખરીદી કરી હતી અને ૨૦૧૫ ના બીજા છ માસિક ગાળા દરમ્યાન ક્વોલિટીના શેર લગભગ ત્રણ ગણો થઈ ગયો હતો. રોકામકારોના સેન્ટીમેન્ટ પર અસર કરનારા અન્ય એક પરિબળ કન્ઝયુમર સેકટર માટે કામ કરવાની કંપનીની યોજના હતી જે ઈન્ડસ્ટ્રીયલ સેગ્મેન્ટની સરખામણીએ કાર્યકારી મુડીની નીચી જરૂરિયાત ધરાવતું હોવાના કારણે ઊંચી નફાકારકતા ઓફર કરે છે પરંતુ કન્ઝયુમર સેગમેન્ટમાં અમૂલ, મધર ડેરી તથા નેસ્લે જેવા મોટા ખેલાડીઓની હાજરી હોવાને કારણે ડેરી સેગ્મેન્ટમાં ચાવીરૂપ બાબત મિલ્ક પ્રોક્યોરિંગ પ્રોસેસની સમર્થતા હોય છે. ફાયનાન્સિયલ મોરચે ક્વોલિટીની બેલેન્સશીટ રાહત આપતી નથી. માર્ચ ૨૦૧૬ ના અંતે તેનું સંગઠિત ઋણ ૧૪૭૧ કરોડ હતું જે તેના રૂ,. ૩૮૮ કરોડના EBITDAની સરખામણીમાં ચાર ગણું હતું. રૂ. ૧૧૪.૬૦ ની બજાર કિંમત પર આ શેર તેના નાણાંકીય વર્ષ ૨૦૧૬ ના અર્નિંગના ૧૬ ગણા ભાવે ટ્રેડ થયો હતો તેના હરીફોના ૨૦ થી વધુ પીઈ ની સરખામણીમાં તે સસ્તો જણાય છે છત્તાં નબળા નાણાંકીય દેખાવને જોતા દબાણ હેઠળ જળવાઈ રહે તેવી શકયતા છે.

## કંપનીના માથે રૂ. ૪૧૦૩ કરોડનું જંગી દેવું

### પટેલ એન્જિ.ના મેનેજમેન્ટનું નિયંત્રણ હવે બેન્કો હસ્તક જશે

પટેલ એન્જિનિયરિંગને લોન આપનારી બેન્કો અને નાણાં સંસ્થાઓએ કંપનીનું નિયંત્રણ હસ્તગત કરવાનો નિર્ણય કર્યો છે. એસડીઆર હેઠળ આંશિક ડેટનું મેજોરિટી ઈક્વિટીમાં કન્વર્ઝન કરવામાં આવશે. કંપનીએ મુંબઈ શેરબજારમાં ફાઈલ કરેલી વિગતો મુજબ બેન્કોએ ચર્ચા કરીને નિર્ણય લીધો છે કે કંપનીનું મૂલ્ય જાળવી રાખવા માટે એસડીઆરનો વિકલ્પ અપનાવવો જોઈએ.

માર્ચ ૨૦૧૬ ના અંતે કંપનીનું સ્ટેન્ડ એલોન ડેટ ૪૧૦૩.૭૦ કરોડ રૂપિયા જેટલું હોવાનું જાણવા મળે છે. મુંબઈ સ્થિત પટેલ એન્જિનિયરિંગ કંપનીની સ્થાપના ૧૯૪૯ માં કરવામાં આવી હતી કંપનીએ ડેમ્સ, ટનલ્સ, માઈક્રો ટનલ્સ, હાયડ્રો ઈલેકટ્રિક પ્રોજેક્ટ, ઈરિગેશન પ્રોજેક્ટ, હાઈવેઝ, રોડ્સ, પુલો, રેલવેઝ અને રિફાઈનરીઝના પ્રોજકટસ હાથ ધર્યા છે આ ઉપરાંત કંપની રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટનો બિઝનેસ પણ કરે છે. ડેટમાં ઘટાડો કરવા માટે કંપનીએ માર્ચ ૨૦૧૪ માં ૧૦૦૦ કરોડ રૂપિયાના મૂલ્યની નોન કોર એસેટસનું વેચાણ કરવાનો નિર્ણય લીધો હતો. રિઝર્વ બેન્કે જૂન ૨૦૧૫ માં જારી કરેલા નોર્મ્સ મુજબ એસડીઆર હેઠળ બેન્કો ડિફોલ્ટિંગ કંપનીના ડેટનું મોજોરિટી ઈક્વિટીમાં કન્વર્ઝન કરી શકે છે.

**કંઈ કંપનીઓમાં બેન્કોએ SDRનો અમલ કર્યો ?**

RBIએ SDR નોર્મ્સ જાહેર કર્યા બાદ જે કંપનીઓમાં બેન્કોએ એનો અમલ કર્યો છે એની વિગત જોઈએ, બેન્કોએ અત્યાર સુધીમાં Unity Infra, Steel Strips, Ankit Metal, Rohit Ferro, IVRCL, Monnet Ispat, Tista Hydro, Jyoti Structure, Alok Ind. માં SDRનો અમલ કર્યો છે

Financial Weekly
SMART INVESTMENT

## Corporate Meetings From 13th June to 17th June

| BSE Code | Company | Agenda | Date |
|---|---|---|---|
| 531297 | ARTEFACT PROJECTS | General | 13-Jun-16 |
| 530355 | ASIAN OILFIELD SERVICES | Audited Results | 13-Jun-16 |
| 532386 | CALIFORNIA SOFTWARE CO. | Audited Results | 13-Jun-16 |
| 509550 | GAMMON INDIA | Audited Results | 13-Jun-16 |
| 531199 | GLANCE FINANCE | General | 13-Jun-16 |
| 532799 | HUBTOWN | Audited Results | 13-Jun-16 |
| 539041 | Mahabir Metallex Ltd | General | 13-Jun-16 |
| 532912 | NET 4 INDIA | Audited Results | 13-Jun-16 |
| 531500 | RAJESH EXPORTS | General | 13-Jun-16 |
| 532701 | SREE SAKTHI PAPER MILLS | Audited Results Dividend | 13-Jun-16 |
| 530783 | TRANS ASIA CORPORATION | General | 13-Jun-16 |
| 511024 | SUBWAY FINANCE & | Audited Results | 13-Jun-16 |
| 517552 | ADVANCED MICRONIC DEVICES | Audited Results | 14-Jun-16 |
| 532806 | AI CHAMPDANY INDUSTRIES | Audited Results | 14-Jun-16 |
| 506267 | ASSAM PETROCHEMICALS | Audited Results | 14-Jun-16 |
| 530801 | DIAMOND INFOSYSTEMS | General | 14-Jun-16 |
| 505720 | HERCULES HOISTS | Audited Results Dividend | 14-Jun-16 |
| 531882 | Kwality Limited | General | 14-Jun-16 |
| 532391 | OPTO CIRCUITS (INDIA) | Audited Results | 14-Jun-16 |
| 531746 | PRAJAY ENGINEERS SYNDICATE | Audited Results | 14-Jun-16 |
| 507450 | THIRU AROORAN SUGARS | Audited Results | 14-Jun-16 |
| 524818 | DYNAMIC INDUSTRIES | General | 15-Jun-16 |
| 539686 | K.P. Energy Ltd | General | 15-Jun-16 |
| 523248 | MACHINO PLASTICS | General | 15-Jun-16 |
| 539673 | Radhagobind Commercial Ltd | General | 15-Jun-16 |
| 538611 | Real Touch Finance Ltd | General | 15-Jun-16 |
| 533301 | SHEKHAWATI POLY-YARN | General | 15-Jun-16 |
| 537259 | Suyog Telematics Ltd | General | 15-Jun-16 |
| 516072 | VISHNU CHEMICALS | General | 15-Jun-16 |
| 539225 | Jiya Eco-Products Ltd | Bonus issue General | 16-Jun-16 |
| 500233 | KAJARIA CERAMICS | General | 16-Jun-16 |
| 526799 | UNION QUALITY PLASTICS | General | 16-Jun-16 |
| 532953 | V-GUARD INDUSTRIES | General | 16-Jun-16 |
| 539470 | Shree Ganesh Biotech (I) Ltd | General | 17-Jun-16 |

## Book Closure & Recored Date

| BSE Code | Company | Purpose | From | To |
|---|---|---|---|---|
| 500530 | BOSCHLTD | Dividend - Rs. - 85.00 | 11-Jun-16 | 16-Jun-16 |
| 500209 | INFY | Final Dividend - Rs. - 14.25 | 11-Jun-16 | 11-Jun-16 |
| 517059 | SALZER | Dividend - Rs. - 1.60 | 11-Jun-16 | 16-Jun-16 |
| 530017 | SIL | Dividend - Rs. - 0.75 | 13-Jun-16 | 27-Jun-16 |
| 537259 | SUYOG | Bonus issue 1:5 | 14-Jun-16 | 14-Jun-16 |
| 511288 | GRUH | Dividend - Rs. - 2.30 | 14-Jun-16 | 22-Jun-16 |
| 500355 | RALLIS | Final Dividend - Rs. - 2.50 | 14-Jun-16 | 24-Jun-16 |
| 501298 | INDPRUD | Dividend - Rs. - 100.00 | 15-Jun-16 | 16-Jun-16 |
| 534816 | INFRATEL | Buy Back of Shares | 16-Jun-16 | 16-Jun-16 |
| 532374 | STRTECH | Spin Off | 16-Jun-16 | 16-Jun-16 |
| 500165 | KANSAINER | Special Dividend - Rs. - 1.25 | 16-Jun-16 | 22-Jun-16 |
| 500165 | KANSAINER | Dividend - Rs. - 1.80 | 16-Jun-16 | 22-Jun-16 |
| 504966 | TINPLATE | Dividend - Rs. - 2.00 | 16-Jun-16 | 30-Jun-16 |
| 500315 | ORIENTBANK | Dividend - Rs. - 0.70 | 17-Jun-16 | 23-Jun-16 |

## Ex-date Details

| BSE Code | Company | Ex Date | Purpose |
|---|---|---|---|
| 501298 | INDPRUD | 13-Jun-16 | Dividend - Rs. - 100.00 |
| 537259 | SUYOG | 13-Jun-16 | Bonus issue 1:5 |
| 500165 | KANSAINER | 14-Jun-16 | Special Dividend - Rs. - 1.25 |
| 500165 | KANSAINER | 14-Jun-16 | Dividend - Rs. - 1.80 |
| 504966 | TINPLATE | 14-Jun-16 | Dividend - Rs. - 2.00 |
| 534816 | INFRATEL | 15-Jun-16 | Buy Back of Shares |
| 500315 | ORIENTBANK | 15-Jun-16 | Dividend - Rs. - 0.70 |
| 532374 | STRTECH | 15-Jun-16 | Spin Off |
| 539560 | ABHIJIT | 16-Jun-16 | Dividend - Rs. - 0.60 |
| 500820 | ASIANPAINT | 16-Jun-16 | Final Dividend - Rs. - 5.30 |
| 532406 | AVANTEL | 16-Jun-16 | Dividend - Rs. - 1.00 |
| 532457 | GULPOLY | 16-Jun-16 | Final Dividend - Rs. - 1.75 |
| 532174 | ICICIBANK | 16-Jun-16 | Dividend - Rs. - 5.00 |


## સ્માર્ટ પ્લસ ન્યુઝ લેટરની અદ્વિતિય લોકપ્રિયતા

### માત્ર ૫ જ દિવસમાં જોવાયેલ ૩૪ % નો જોરદાર ઉછાળો

| Company | Reccom. 6-6-16 | Weekly High | Ch. (%) | Company | Reccom. 6-6-16 | Weekly High | Ch. (%) |
|---|---|---|---|---|---|---|---|
| Sharda Motor Ind. | 818 | 870 | 6.4 | Rel. Infra | 523 | 559 | 6.9 |
| MOIL Ltd. | 233 | 245 | 5.2 | All Cargo | 160 | 178 | 11.3 |
| Intrasoft Techno | 419 | 437 | 4.3 | Tata Motors | 453 | 470 | 3.8 |
| Gateway Distri. | 300 | 325 | 8.3 | NMDC | 90 | 92 | 2.2 |
| Va Tech Wabag | 607 | 644 | 6.1 | Castrol India | 379 | 391 | 3.2 |
| Automobile Corp. | 472 | 490 | 3.8 | Marico | 255 | 260 | 2 |
| Akxo Nobel | 1507 | 1610 | 6.8 | GAIL | 370 | 380 | 2.7 |
| Pidilite Ind. | 711 | 723 | 1.7 | Sun Pharma | 738 | 750 | 1.6 |
| VST TRillers | 1852 | 1990 | 7.5 | Suzlon | 15 | 17 | 13.3 |
| M & M | 1354 | 1404 | 3.7 | Edelweiss | 72 | 81 | 12.5 |
| Kaveri Seeds | 455 | 472 | 3.7 | L & T Fin. | 77 | 79 | 2.6 |
| Kajaria Ceramics | 1154 | 1201 | 4.1 | PTC India | 68 | 74 | 8.8 |
| Godrej Ind. | 355 | 367 | 3.4 | Shreyans Ind. | 46 | 47 | 2.2 |
| Infbibeam Inc. | 535 | 557 | 4.1 | ABG Shipyard | 26 | 35 | 34.6 |
| Coal India | 309 | 316 | 2.3 | Emkay Global | 65 | 68 | 4.6 |
| Ajanta Pharma | 1545 | 1596 | 3.3 | NOCIL | 49 | 52 | 6.1 |
| SKS Micro | 678 | 696 | 2.7 | DCW | 28 | 30 | 7.1 |
| Essel Propack | 185 | 192 | 3.8 | Time Techno | 48 | 50 | 4.2 |
| Kirloskar Oil | 253 | 262 | 3.6 | Infinite Comp. | 211 | 221 | 4.7 |
| KEC Intl. | 135 | 141 | 4.4 | Orient Cement | 166 | 171 | 3 |
| Granules India | 139 | 145 | 4.3 | Prime Plastics | 149 | 156 | 4.7 |
| Power Grid | 150 | 155 | 3.3 | Dwarkesh Sugar | 220 | 241 | 9.5 |
| Apcotex Ind. | 352 | 398 | 13.1 | Kanpur Plasti | 137 | 146 | 6.6 |
| NTPC | 147 | 152 | 3.4 | Multibase | 237 | 260 | 9.7 |
| TCI | 302 | 312 | 3.3 | Srikalahasthi Pipes | 239 | 259 | 8.4 |
| Thomas Cook | 182 | 186 | 2.2 | U-Flex | 205 | 226 | 10.2 |
| Tata Chem. | 427 | 440 | 3 | Suryalata Spg. | 122 | 127 | 4.1 |

આજે જ લવાજમ ભરી જબરજસ્ત સ્ક્રીપોનો લાભ ઉઠાવો

*Only Subscribers will get*

SMART PLUS NEWS LETTER on their E-mail Address.

www.smartinvestment.in


# Corporate Concerns

## Alkem Labs.

## સબસ્ટાન્ડર્ડ ડ્રગ્સ બાબતે ફરી ડ્રગ રેગ્યુલેટર્સની ઝપટમાં સપડાઈ

અગ્રણી ફાર્મા કંપની આલ્કેમ લેબ્સ દ્વારા ડાયાબિટીસની દવા Glimekem ની ક્વોલિટી હલકી ગુણવત્તાવાળી છે તેવું દેશની સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (CDSCO) ની તપાસમાં બહાર આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, આલ્કેમ લેબ માટે આ પહેલી ઘટના નથી. અગાઉ છેલ્લાં એક વર્ષમાં આવું ત્રીજી વખત બન્યું છે. ફાર્મા સેક્ટરની વોચડોગ ગણાતી CDSCO એ આ ડ્રગ્સ માટે કંપનીને ચેતવણી આપી હતી. જૂન-જુલાઈ ૨૦૧૫ માં રેગ્યુલેટર્સે આ જ દવામાં નીચી ગુણવત્તા જણાતા ચેતવણી આપી હતી, અને તે બેચની દવા બજારમાંથી પાછી ખેંચવા જણાવ્યું હતું. કંપનીના પ્રવક્તાના કહેવા મુજબ અમે અમારી ફોર્મ્યુલામાં સુધારો કર્યો છે, અને નવી ફોર્મ્યુલા મુજબ ઉત્પાદન શરૂ કરીને માર્કેટિંગ શરૂ કર્યું છે. કુલ ચાર બેચ તેમાંથી બે બેચ ગયા વર્ષની અને બે બેચ ૨૦૧૬ના વર્ષની બનાવી છે. જે CDSCO ના લિસ્ટમાં છે તે જૂની ફોર્મ્યુલાવાળી છે. ટાઈપ-ટૂ ડાયાબિટીસની સારવાર માટે વપરાતી દવા ટેસ્ટમાં નિષ્ફળ રહી છે. અમે અગાઉની ઘટના બાદ બેચ બજારમાંથી પાછી ખેંચી છે. હાલમાં મે - ૨૦૧૬ની બેચની દવા માર્કેટમાં છે. અમને દવા પાછી ખેંચવાની રેગ્યુલેટર્સ તરફથી સૂચના મળી નથી, છતાં જે અમને સૂચના મળશે તો પાછી ખેંચીશું એવું કંપનીના પ્રવક્તાનું કહેવું છે.

કંપનીના અગાઉના નિવેદન મુજબ ભારતમાં કુલ વેચાણ રૂા. ૩૫૦૦ કરોડનું છે. તેમાં રેગ્યુલેટર્સ દ્વારા સસ્પેન્ડ કરાયેલ Glimekem નું વાર્ષિક વેચાણ માંડ થોડા લાખનું છે. તાજેતરમાં કોલકાતાની લેબોરેટરીમાં જે ટેસ્ટ કરાયો તે ફેબ્રુઆરી - માર્ચ ૨૦૧૫માં હિમાચલપ્રદેશના સોલન પ્લાન્ટમાં ઉત્પાદિત થયેલી બે બેચનું હતો. આમ ડ્રગ સ્ટાન્ડર્ડ સંસ્થા CDSCO અને કંપનીના નિવેદનો વચ્ચે વિરોધાભાસ છે

## *Videocon Industries Ltd.* નું

## વધતું જતું દેવું બેન્કો માટે ચિંતાનો વિષય "CARE" દ્વારા રેટિંગ ઘટાડાયું

આજકાલ બેન્ક ડિફોલ્ટર્સની જાણે કે સિઝન ચાલે છે. વિજય માલ્યા સિવાય બીજા ઘણા ઉદ્યોગ જૂથો નાણાંકીય તંગીમાં ફસાય છે અને બેન્કો પાસેથી લીધેલી લોન પરત કરવામાં ઠાગઠૈયા કરીને કરોડો અબજોનો ચૂનો લગાવ્યો છે. બજાર સૂત્રો મુજબ દેશની ટોચની ઈલેક્ટ્રીક્લ ગુડ્ઝ ઉત્પાદક કંપની વીડિયોકોન ઈન્ડસ્ટ્રીઝ લિ. નું નાણાંકીય પરફોર્મન્સ નિરાશાજનક છે. તેના પગલે રેટિંગ એજન્સી CARE દ્વારા રેટિંગ ઘટાડ્યું છે. વિડિયોકોન ઈન્ડસ્ટ્રીઝના માથે રૂા. ૪૩૦૦૦ કરોડથી વધુનું બેન્કોનું દેવું છે.

ગત ૨૦૧૫-૨૦૧૬ના પૂરા થયેલા નાણાવર્ષની બેલેન્સશીટમાં જોતાં કંપની આર્થિક તંગીનો સામનો કરી રહી છે. તેના ૫૦૦ વિડિયોકોનને ધિરાણ કરનાર બેન્કોએ કરેક્ટિવ એક્શન પ્લાન્ટ CAP અમલી કરવાનો નિર્ણય લીધો છે તેવું કંપનીના બેન્કર્સે કંપની સાથે ચર્ચા કરીને નિર્ણય લીધો છે. જ્યારે કોઈ કંપની લાંબા સમયથી બેન્કો કે ધિરાણદરોના બાકી લેણા ચૂકવી ના શકતી હોય ત્યારે CAP નો અમલ કરાય છે, જેમાં કંપનીની લોનનું રિસ્ટ્રક્ચરીંગ કરવા ઉપરાંત કંપનીની એસેટ્સ વેચી દેવું ઘટાડવા દબાણ કરાય છે.

વિડિયોકોને ૧૯૯૦ના દાયકામાં ટીવી, ફ્રિઝ જેવા ડોમેસ્ટિક એપ્લાયન્સીસના ઉત્પાદનની શરૂઆત કર્યા બાદ ૨૦૦૦ના વર્ષમાં ટેલિકોમ અને DTH TV જેવા બિઝનેસમાં ઝંપલાવ્યું હતું. ઉપરાંત ઓઈલ ક્ષેત્રે પણ ઝંપલાવ્યું હતું. ૨૦૧૪માં વિડિયોકોને ONGC અને IOC ને રૂા. ૨૪૭૫ બિલિયન ડોલરમાં તેનો મોઝામ્બિક ઓઈલ ફિલ્ડનો ૧૦ ટકા હિસ્સો વેચ્યો હતો. કંપની તેની એસેટ વેચીને દેવું ચૂકવે છે. છતાં ચાલુ મૂડીખર્ચ અને ઓપરેશનલ લોસને કારણે દેવું ઘરનું નથી તેવું ઓક્ટોબર - ૨૦૧૫ના હાઉસ ઓફ ડેબ્ટના રિપોર્ટમાં જણાવ્યું છે. કંપનીના ધિરાણદારો હવે કંપની પાસેથી બાકી લેણા વસૂલવા ભેગા થયા છે અને JLFC (જોઈન્ટ લેન્ડર્સ ફોરમ)ની રચના કરી છે, જેની મળેલી મિટિંગમાં બેન્કોએ પ્રમોટરોને પેમેન્ટની નિયમિતતા માટે CAP નો અમલ કરવા જણાવ્યું હતું. કંપનીના અધિકારીઓના કહેવા મુજબ કંપનીનું લોન એકાઉન્ટ સ્ટાન્ડર્ડ કેટેગરીનું છે. મતલબ કે ડિફોલ્ટર્સ નથી. અમે હપ્તા અને વ્યાજ ચૂકવીએ છીએ અને ચૂકવવા સક્ષમ છીએ તેથી રિસ્ટ્રક્ચરીંગનો સવાલ ઊભો નથી થતો. બીજી બાજુ અનેક બિઝનેસમાં સંકળાયેલા વિડિયોકોન ઈન્ડસ્ટ્રીઝ પૂરતી ઈન્કમ મેળવી શકતી નથી. જે હકીકત દર્શાવે છે કંપની આર્થિક મુશ્કેલીમાં છે. એપ્રિલ - જૂનના ક્વાર્ટર દરમિયાન કંપનીએ તેના ટેલિકોમના સ્પેક્ટ્રસનું વેચાણ કરાયું છે. ત્યારે તે બાકીના લેણા ચૂકવવી શકી, પરંતુ આગામી બે ક્વાર્ટર માટે પેમેન્ટની મુશ્કેલી થઈ શકે છે. માર્ચ ૨૦૧૬માં ભારતી એરટેલ વિડિયોકોન ટેલિકોમ્યુનિકેશનનો બિઝનેસ રૂા. ૪૪૨૮ કરોડમાં ખરીદયો છે, જે નાણાં એપ્રિલ - જૂન ક્વાર્ટરમાં આવશે. આમ વધુ એક ડિફોલ્ટર્સ જાહેર થાય તો નવાઈ નહીં.

## ડૉ.રેડ્ડી લેબોરેટરી માટે ચાલુ નાણાવર્ષે અનેક મુશ્કેલીઓવાળુ રહેશે

દેશની ફાર્મા કંપનીઓના માટે USFDA નું ભૂત છેલ્લાં કેટલાંક સમયથી ધૂણી રહ્યું છે. તેના કારણે અનેક ફાર્મા કંપનીઓને કન્ટેનરો પાછા ફર્યા છે. યા તો કંપનીઓને ચેતવણી અપાઈ છે યા તો તેમની પ્રોડક્ટો સામે યુએસ માર્કેટમાં પ્રતિબંધ લદાયા છે. યા પેનલ્ટી ભરવી પડી છે. તેના પગલે કંપનીઓ આર્થિક નુકસાન સહન કરવું પડ્યું છે. ડો. રેડ્ડી લેબોરેટરીઝ સામે યુએસ કન્ઝ્યુમર પ્રોડક્ટ સેફ્ટી કમિશન (CPSC) એ પેકેજિંગ અને રિપોર્ટિંગ બાબતે નિયમોનું ઉલ્લંઘન કરવા બાબતે અમેરિકાના જસ્ટિસ ડિપાર્ટમેન્ટ પાસે કંપનીને સિવિલ પેનલ્ટી ફટાકરવા મંજૂરી માગી છે. અમેરિકામાં વધુમાં વધુ પેનલ્ટી ૧૫.૧૫ કરોડ ડોલર છે. અને સર્ટિફિકેશન કલેમના ખોટી રજૂઆત માટે વધારાની પેનલ્ટી લાદી શકાય છે. બ્રોકરેજ ફર્મ સુરજિત પાલનું માનવું છે કે, ડો. રેડ્ડી લેબને પેકેજિંગના નિયમોના ઉલ્લંઘનના કેસમાં રૂા. ૨૦૦ કરોડની પેનલ્ટી થઈ શકે છે. જેના પગલે કંપનીને ચાલુ નાણાવર્ષે અર્નિંગમાં અસર પડી શકે છે. આમ છતાં કંપનીનું કહેવું છે કે, તેણે કાનૂની સલાહ લીધી છે અને પોતે તેનો સામનો કરશે. જોકે આ સમાચાર પ્રસિધ્ધ થવા સાથે ડો. રેડ્ડી લેબના શેર ગુરૂવારે બે ટકા ગગડ્યા હતા. આ બીજો પ્રસંગ છે કે, યુએસ રેગ્યુલેટર્સે નિયમોનું ઉલ્લંઘન કરતાં ડો. રેડ્ડીને પકડી છે. USFDA દ્વારા અગાઉ કંપનીના ત્રણ ઉત્પાદન યુનિટો અંગે ચેતવણી પત્ર પાઠવ્યો હતો, અને પ્રોડક્ટોની એપ્રૂવલ અટકાવી હતી. જોકે ડો. રેડ્ડી લેબ સિવાય અન્ય ભારતીય ફાર્મા કંપનીએ જેવી કે સન ફાર્મા, કેડિલા અને ઈપ્કા લેબ્સ વગેરે USFDA ના પગલાંનો ભોગ બનેલી છે. ડો. રેડ્ડીનો શેર નવેમ્બરથી અત્યાર સુધી ૨૯ ટકા તૂટ્યો છે અને હાલ ૨૦૧૮ના અંદાજોથી ૧૬ ગણા ભાવે ટ્રેડ થાય છે.

## TCSમાં ટ્રેડ યુનિયનનો પગ પેસારો

દક્ષિણ ભારતનું રાજ્ય તમિલનાડુ આમ તો ભૌગોલિક રીતે કોઈ મોટા ઉદ્યોગો ધરાવતું નથી, પરંતુ IT ઉદ્યોગ ક્ષેત્રે દક્ષિણ ભારતના રાજ્યો આગળ પડતા છે. ભારતમાં ઔદ્યોગિક ક્ષેત્રે ટ્રેડ યુનિયનો સક્રિય છે. છતાં IT સેક્ટર એક માત્ર એવું ફિલ્ડ છે કે જ્યાં અત્યાર સુધી ટ્રેડ યુનિયનોનો પગપેસારો નહતો. તાજેતરમાં મળેલ સમાચાર મુજબ તમિલનાડુએ ઈન્ડસ્ટ્રીયલ ડિસ્પ્યુટ એક્ટ ૧૯૪૭ હેઠળ IT ઉદ્યોગમાં ટ્રેડ યુનિયનોને મંજૂરી આપતા દેશનું પહેલું રાજ્ય બન્યું છે. આના માટે આપણે TCS સામે આક્ષેપ મૂડી શકીએ. ગત વર્ષે એવા સમાચાર આવ્યા હતા કે, TCS એ ૨૫૦૦૦ કર્મચારીને છૂટા કર્યા છે. બાદમાં કંપનીએ એવો ખુલાસો કર્યો હતો કે, તે ૨૫૦૦૦ નહીં પણ કંપનીએ બિનકાર્યક્ષમ એવા ૩૦૦૦ કર્મચારીને છૂટા કર્યા છે જે વર્ક ફોર્સના રિસ્ટ્રક્ચરિંગનો એક ભાગરૂપે હતું. સમાચાર જાહેર થવા સાથે TCS ના ઘણા કર્મચારીઓ ભેગા થયા અને મેનેજમેન્ટ સામે જંગે ચઢવા એક યુનિયન બનાવ્યું હતું જેનું નામ આપ્યું ફોરમ ફોર આઈટી એમ્પ્લોઈ (FITE) અને આ યુનિયન હેઠળ કંપનીની ચેન્નાઈ અને બેંગ્લુરૂ બ્રાન્ચોમાં તેમના હક્ક માટે કંપની સામે દેખાવો શરૂ કર્યા. આના પગલે જાણે કે દરવાજા ખૂલી ગયા. અગ્રણી ટ્રેડ યુનિયન CITU, BMS & INTUC વગેરે ભેગા થયા. TCS ના કર્મચારીઓને બચાવવા માટે તેના પગલે દેશના IT ઉદ્યોગમાં ટ્રેડ યુનિયનોએ મજબૂત પગદંડો જમાવી દીધો છે. CITU એ ૨૦૦૬માં IT કર્મચારીઓનું એસોસિએશન જોડાવું તેમાં સૌથી વધુ સભ્યો સરકારી છે. નવી પેઢીના IT કર્મચારીઓનું યુનિયન ૨૦૧૨થી છે અને તેના ૧૩૦૦ સભ્યો છે જ્યારે INTUC કેરાલા રાજ્યનું IT અને એલાઈડ એમ્પ્લોઈ એસો. સાથે કોઈ સભ્ય નથી.


### શેરબજાર - કોમોડીટી માર્કેટમાં મબલખ કમાણી કરવી છે

સ્માર્ટ બોનાન્ઝા SMART BONANZA

દર બુધવારે સવારે તમારા હાથમાં....

દર બુધવારે "સ્માર્ટ બોનાન્ઝા" સાપ્તાહિક અચૂક વાંચો મીડકેપ, સ્મોલકેપના માસ્ટર બીપીએસ રાજાની જોરદાર ટીપ્સનો લાભ ઉઠાવો

**સ્માર્ટ બોનાન્ઝા ઈ-મેઈલ આવૃત્તિ સબસ્ક્રીપ્શન સ્કીમ**

દર બુધવારે સવારે તમારા હાથમાં હાર્ડ કોપી ઉપલબ્ધ

દર મંગળવારે સાંજે આપના ઈન-બોક્સમાં સોફ્ટ કોપી ઉપલબ્ધ

| | |
|---|---|
| ૧૨ માસ | રૂા. ૭૦૦ |
| ૨ વર્ષ | રૂા. ૧૩૦૦ |
| ૩ વર્ષ | રૂા. ૧૮૦૦ |

www. smartchat.com

## એપ્રિલનો IIP ફરી નેગેટિવ ટેરીટરીમાં સરકી ગયો, કોર્પોરેટ જગત ચિંતામાં
## મ્યુચ્યુઅલ ફંડ્સ બે વર્ષમાં બેન્ક, આઈટી સોફ્ટવેર અને ફાર્મા કંપનીઓમાં બાયર
## કેરળમાં ચોમાસાના આગમન સાથે આશાવાદ વધ્યો
## રઘુરામ રાજન પછી હવે ફેડરલ રિઝર્વના જેનેટ યેલન પર નજર
## શંકર શર્મા કહે છે કે તે મંદીવાળા નથી, તેજીમાં જ વધુ કમાયા છે

**કે.પી :** બજારમાં ધીમું કરેક્શન આવ્યું. સેન્સેક્સ ખાસ્સી આગેકૂચ પછી ૨૦૭ પોઈન્ટ ઘટ્યો.

**નેમચંદ :** નિફ્ટી ૫૦ પોઈન્ટ ઘટીને ૮૧૭૦ બંધ આવ્યો છે. ફરી ૮૨૦૦ની નીચે બંધ આવ્યો છે.

**માલપાની :** જોકે કેરળમાં ચોમાસાનું ધમાકાભેર આગમન થઈ ગયું છે અને ઝડપથી આગળ વધી રહ્યું છે, જે દર્શાવે છે કે વરસાદ સારો થશે.

**કે.પી :** બસ, આ જ સૌથી મોટું પોઝિટિવ ટ્રિગર છે. કમ સે કમ સારો વરસાદ બજારને વધુ નીચે તો નહીં જ જવા દે.

**નેમચંદ :** રઘુરામ રાજને જો વ્યાજના દર ઘટાડ્યા હોત તો બજાર આગેકૂચ કરી ગયું હોત.

**માલપાની :** જોકે તેવી સંભાવના હતી જ નહીં. કારણ કે આટલા માછલા ધોવાયા પછી રાજન હવે કદાચ જતા-જતા નવું સાહસ કરવાના મૂડમાં ન હોય તે સ્વાભાવિક જ છે.

**કે.પી :** તમારા મતે રાજન જશે એમ ને !

**માલપાની :** ભઈ, રાજન સામે સુબ્રમણ્યન સ્વામીએ જે ગંભીર આક્ષેપ કર્યા છે તે જોતા રાજનને રિપીટ કરવાનું સાહસ તો કદાચ મોદીમાં પણ નથી. કારણ સ્વામી છે. જેમને કોઈ ગ્રહ નડે તે સ્વામી પાસે જાય, પણ સ્વામી નડે તેનું શું ?

**કે.પી :** વાત સાચી. સ્વામીને છંછેડવાનું કોઈ સાહસ કરી શકે નહીં. નહીતર ભારે પડી જાય.

**નેમચંદ :** રાજને ફુગાવામાં વધારાની ચિંતા દર્શાવી છે. તે બાબત વિચારવી પડશે.

**માલપાની :** હા. આમ પણ ક્રૂડ ઓઈલના ભાવ ફરી વધવા માંડ્યા છે અને સ્વયં સ્વામીએ કહ્યું છે કે તે ૬૦ ડોલર થઈ શકે છે.

**કે.પી :** સ્વામીએ રાજન માટે કહ્યું છેકે તેમણે ભારતીય અર્થવ્યવસ્થામાં નાણાકીય ટાઈમ બોમ્બ પ્લાન્ટ કર્યો છે, જેનો વિસ્ફોટ ડિસેમ્બરમાં થશે. આથી થોડું સાવધ રહેવું સારું.

**નેમચંદ :** કમ સપ્ટેમ્બર. રાજન જશે, પછી, એટલે કે તેઓ સત્તાવાર પદ છોડશે પછી રાજન અને સ્વામી વચ્ચે જંગ છેડાશે તેમ લાગે છે.

**માલપાની :** અરે ભઈ, આપણા બજારનું શું તે કહોને યાર.

**કે.પી :** બજાર હાલ કોન્સોલિડેટ થઈ રહ્યું છે અને વરસાદ જેમ-જેમ આગળ ધપશે તેમ-તેમ બજાર આગળ ધપતું રહેશે.

**નેમચંદ :** આવતા સપ્તાહે ફેડરલ રિઝર્વ વ્યાજના દરમાં વધારો કરે તેવી શક્યતા ઓછી છે.

**માલપાની :** રાજન અને યેલન વેઈટ એન્ડ સીની પોલિસીવાળા છે. આથી આશ્ચર્યજનક નિર્ણયની અપેક્ષા રાખી શકાય નહીં.

**કે.પી :** આમ પણ આપણે ગયા સપ્તાહેવાત થઈ હતી કે ૨૩ જૂને બ્રિટન યુરોઝોનમાંથી અલગ થવા અંગે રેફરેન્ડમ કરાવશે, જેના પરિણામ પછી જ ફેડરલ રિઝર્વ વ્યાજના દરમાં વધારો કરવા અંગે નિર્ણય લેશે તેમ લાગે છે.

**નેમચંદ :** આ પેલા એમ્બિટવાળા એન્ડ્રુએ સેન્સેક્સમાં ૨૨,૦૦૦નો ટારગેટ સમેટી લીધો છે અને હવે કહે છે કે માર્ચ સુધીમાં સેન્સેક્સ ૨૯,૫૦૦ થશે.

**માલપાની :** લ્યો બોલો. આ શંકર શર્મા જેવા પણ કહેવા લાગ્યા છે કે તે કંઈ બેઅર(મંદીવાળા) નથી.

**કે.પી :** શર્મા કહે છે કે તેમણે તો ૨૫ વર્ષમાં બે વાર૨૦૦૦ની સાલમાં અને ૨૦૦૭ની સાલમાં મંદીની વાત કરી હતી. બાકી તો વધારે પૈસા તેજીમાં જ બનાવ્યા છે. મંદી તો તેજીમાં કમાયેલા નાણાં સાચવવા માટેનો ઈન્સ્યોરન્સ છે.

**નેમચંદ :** શંકર શર્મા કહે છેકે લાર્જ કેપ કરતાં મિડ કેપ અને સ્મોલ કેપ કંપનીઓમાં વધારે વળતર મળશે.

**માલપાની :** ભઈ, આ વાતો વચ્ચે આ શુક્રવારે એપ્રિલ મહિનાનો આઈઆઈપી નેગેટિવ આવી ગયો. IIP નેગેટિવ ૦.૮ ટકા રહ્યો. માર્ચમાં તે ૦.૧ ટકા હતો.

**કે.પી :** આ તો નવા વર્ષની શરૂઆત જ ખરાબ રહી. મેન્યુફેક્ચરિંગ(-૩.૧ ટકા)ને કારણે નેગેટિવ વૃદ્ધિદર નોંધાયો.

**નેમચંદ :** કોર્પોરેટ જગતે પણ IIPના આ આંકડાને પગલે ચિંતા દર્શાવી છે અને કહ્યું છે કે વૃદ્ધિ ખરેખર પડકારજનક છે.

**માલપાની :** આ આઈઆઈએફએલમાં એફઆઈઆઈને હોલ્ડિંગ ૧૦૦ ટકા ઘટાડીને ૮૦ ટકા કરવાનો આરબીઆઈએ આદેશ કર્યો છે. વેચવાલી જોવા મળશે.

**કે.પી :** જોકે યસ બેન્કમાં FIIનું હોલ્ડિંગ ૫૧ટકાથી વધારીને ૭૪ ટકા કરવાનો આદેશ આરબીઆઈએ કર્યો છે.

**નેમચંદ :** મ્યુચ્યુઅલ ફંડ્સે છેલ્લાં બેવર્ષમાં ઈક્વિટીમાં નેટ ખરીદી કરી છે.

**માલપાની :** વાત સાચી. ફંડ્સે મુખ્યત્વે બેન્ક, ફાર્મા અને I.T. સોફ્ટવેર કંપનીઓના શેર ખરીદ્યા છે.

**કે.પી :** મતલબ ફંડોને બેન્કોની NPAની જરાય ચિંતા નથી. તેઓ બેન્કોમાં મોટાપાયે ખરીદી કરી રહ્યા છે.

**નેમચંદ :** તમે પણ જરા પોર્ટફોલિયો ચકાસો અને ફંડોની ખરીદીમાંથી તમારી પાસે કંઈ છે કે કેમ તે ચકાસો. તેમના પોર્ટફોલિયોમાં હોય તે તમારા પોર્ટફોલિયોમાં હોવું જરૂરી નથી, પરંતુ મજબૂત ફંડોના પોર્ટફોલિયોમાંથી આપણને જાણવાનું અને શીખવાનું ચોક્કસ મળે. આથી ફંડોના પોર્ટફોલિયો ખાસ ચકાસતા રહો.

**માલપાની :** બજાર હાલ તો સાધારણ ઘટી શકે, બહુ મોટી મૂવમેન્ટ હાલ તો જણાતી નથી.



બિલિયોનેર બનવાનો કીમિયો
પુસ્તક મેળવવા માટે સંપર્ક
Stadium Book Corner
7, Ground Floor, Trade Centre,
Navrangpura, Ahmedabad-9.
Phone : 26408840

*ભારત વિશ્વનું સૌથી ઝડપી વૃધ્ધિ કરતું અર્થતંત્ર છે ત્યારે નાના શેરોમાં રોકાણ એક આકર્ષક તક*

## BSE સ્મોલકેપ ઈન્ડેક્સના ૨૨ શેરોમાં એક વર્ષમાં ૧૦૦% રિર્ટન
## સૂચકાંકના ૩૨૦માંથી ૧૦૦ શેરોમાં ૧૦%થી વધુ વૃદ્ધિ નોંધાવી

વર્ષ ૨૦૧૬ માટે રોકાણની સલાહ આપતી વખતે મોટા ભાગના નિષ્ણાતો કહે છે કે, ભારતીય સ્ટોકમાં ઊંચુ વળતર મેળવવું હોય તો નાની કંપનીઓમાં રોકાણ કરો. આ એવી કંપનીઓ હોવી જોઈએ જે ભારતના બે ટ્રિલિયન ડોલરના અર્થતંત્રમાં રિકવરી વખતે શ્રેષ્ઠ દેખાવ કરી શકે. વિશ્વનું સૌથી વધારે ઝડપથી વૃધ્ધિ કરતું અર્થતંત્ર વિસ્તરણ કરી રહ્યું છે ત્યારે તેઓ નાની ભારતીય કંપનીઓના શેર પર મદાર રાખે છે. મોબિયસે જણાવ્યું કે, "તમે સુધારાને ધ્યાનમાં લો અને કોર્પોરેટ અર્નિંગ પર તેની અસરને જુઓ તો ભારતમાં એક રસપ્રદ તક છે"

માર્કેટના ડેટા પ્રમાણે એસ એન્ડ પી બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સના ૩૨૦ માંથી ૨૨ શેર છેલ્લાં એક વર્ષમાં રોકાણકારોની સંપત્તિમાં બમણો વધારો કર્યો છે જ્યારે સેન્સેક્સમાં આ ગાળામાં ૪ ટકા ઘટાડો થયો હતો. બેન્ચમાર્કને પાછળ રાખી દેનારા શેર્સમાં શિલ્પી કેબલ, ગાયત્રી પ્રોજેક્ટસ, બોડલ કેમિકલ્સ, ક્વાલિટી, GHCL, Trident અને એપીએલ એપોલો ટ્યુબ્સનો સમાવેશ થાય છે. સ્મોલકેપ ઈન્ડેક્સના ૩૨૦ માંથી ૧૦૦ કરતાં વધારે શેરો આ ગાળામાં બે આંકડામાં વળતર આપ્યું છે જેમાં ફોર્સ મોટર્સ (૯૫ ટકા), યુફ્લેક્સ (૭૪ ટકા), સુબ્રોસ (૭૩ ટકા), કલ્યાણી સ્ટીલ (૭૦ ટકા) અને ટાટા એલેક્સી (૬૨ ટકા) નો સમાવેશ થાય છે

**Big Return in Small Shares**

| Shares | M.Cap. (Rs. Cr.) | 1 Year Return (%) |
|---|---|---|
| Shilpi Cable | 1245.2 | 217.5 |
| Gayatri Projects | 2056.7 | 197.4 |
| Exchange Sol. | 869.0 | 188.9 |
| Bodal Chem. | 930.1 | 188.5 |
| Himatsingka Seide | 2178.4 | 186.8 |
| Triveni Engg. | 1231.7 | 178.4 |
| Borosil Glass | 1259.3 | 170.5 |
| Balrampur Chini | 2679.8 | 164.3 |
| 8 K Miles | 1855.6 | 160.4 |
| Kwality | 2756.2 | 153.0 |
| Meghmani Org. | 985.5 | 148.4 |
| GHCL | 1740.8 | 139.2 |
| Navin Fluorine | 2070 | 137 |
| Nilkamal | 1801 | 136 |
| Dishman Ph. | 2455 | 135 |
| Minda Ind. | 1849 | 103 |
| Guj. Narmada Valley | 2104 | 122 |

"સ્મોલ કેપ કંપનીઓમાં બોટમ અપ એપ્રોચ સાથે વેલ્યુ આધારિત રોકાણ કરવામાં આવે તો, મલ્ટિબેગર શેર્સ પસંદ થવાની શકયતા વધારે રહે છે. તમારા પોર્ટફોલિયોમાં સ્મોલ કેપ શેર્સને પસંદ કરવાથી કંપનીના સમગ્ર બિઝનેસ સાઈકલને આવરી લેવાય છે. બહુ ઓછી સ્મોલકેપ અને મિડકેપ કંપનીઓ તેમના જીવનકાળમાં મલ્ટિબેગર બનતી હોય છે. તેમાં પેજ ઈન્ડ., ટાઈટન, આઈશર મોટર્સ અને ટીટીકે પ્રેસ્ટીજ ઉદાહરણરૂપ છે.

*આઈશર મોટર્સ, એસ્સેલ પ્રોપેક, લક્ષ્મી વિલાસ બેન્ક અને કન્સાઈ નેરોલેક*

## ભવ્ય ભૂતકાળ, આકર્ષક વર્તમાન અને ઉજ્જવળ ભાવિ ધરાવતા આ ચાર સ્ટોક્સને તમારા પોર્ટફોલિયોમાં સમાવો

**Portfolio Choice**

ચાર કંપનીઓ આઈશર મોટર્સ, એસ્સેલ પ્રોપેક, લક્ષ્મી વિલાસ બેન્ક અને કન્સાઈ નેરોલેક પેઈન્ટસે સળંગ ત્રણ વર્ષથી ટકાઉ વૃધ્ધિ નોંધાવી છે અને ગ્રોથ લીડર્સ તરીકે ઉપસી આવી છે.

ટકાઉ વૃદ્ધિ એ મહત્વના માપદંડ છે અને શેર પસંદ કરતી વખતે પોર્ટફોલિયો મેનેજર્સ તેને ધ્યાનમાં લેતાં હોય છે. કંપનીના રિર્ટન ઓન ઈક્વિટીનો એક સાથે ગુણાકાર કરીને તેમાંથી ડિવિડંડ પે-આઉટ રેશિયો બાદ કરીને ગ્રોથની ગણતરી થાય છે. જો કે, આ માપદંડમાં સ્થિર પ્રોફિટ માર્જિન અને સારા ડેટ ટુ ઈક્વિટી રેશિયો તથા એસેલ ટુ સેલ્સ રેશિયોને પણ ધ્યાનમાં લેવાય છે. ઓછામાં ઓછા ત્રણ કે પાંચ વર્ષના દ્રષ્ટિકોણથી જોવામાં આવે તો લોંગ ટર્મ ઈન્વેસ્ટમેન્ટ માટે એકદમ યોગ્ય રસ્તો છે. લોંગ ટર્મ રોકાણકારો ટકાઉ વૃદ્ધિદરનો ઉપયોગ કરીને પોતાના પોર્ટફોલિયોનું ગઠન કરતાં હોય છે. આ પગલાં દ્વારા જાણી શકાય છે કે, બાહ્ય ઋણ લીધા વગર કંપનીના પોતાના સ્ત્રોત મારફત કેટલી વૃધ્ધિને ફંડ કરવામાં આવે છે. ભૂતકાળમાં વૃધ્ધિનો ઈતિહાસ ધરાવતા હોય અને ભવિષ્યમાં વૃધ્ધિની શકયતા ધરાવતા હોય તેવા શેર પસંદ કરવા માટે ટકાઉ વૃધ્ધિ એ વધારાના રિસર્ચ માટે યોગ્ય આધાર બની શકે છે. આઈશર મોટર્સ આ યાદીમાં સ્ટાર સમાન છે. કંપનીએ છેલ્લાં પાંચ વર્ષથી બે આંકડામાં વૃધ્ધિદર જાળવ્યો છે તેમાં પાંચમાંથી ચાર વર્ષ દરમ્યાન કંપનીએ વિસ્તરણ કર્યું છે. આ યાદીમાં સ્થાન ધરાવતી અન્ય કંપની કન્સાઈ નેરોલેક પેઈન્ટસે ક્રૂડ ઓઈલના ઘટતા ભાવોનો ઘણો ફાયદો ઉઠાવ્યો છે અને તેને નફો વધારવામાં મદદ મળી છે. શેર સારો દેખાવ કરશે કારણ કે તેની પાસે પુષ્કળ ક્ષમતા છે. છેલ્લાં ત્રણ વર્ષમાં આ ચાર કંપનીઓએ ઉત્તમ દેખાવ કર્યો છે. આઈશર મોટર્સે ૪૪૧ ટકા, એસ્સેલ પ્રોપેક ૩૩૯ ટકા, કન્સાઈ નેરોલેક પેઈન્ટસ ૧૩૪ ટકા વધ્યો છે. રોકાણકારોએ લાંબાગાળાના પરિપ્રેક્ષ્યમાં આ શેરોને ધ્યાનમાં રાખવા જોઈએ અને તેમનો પોર્ટફોલિયોમાં સમાવેશ કરવો જોઈએ.

*RBIએ વર્ષ ૨૦૧૭ ની બીજા ક્વાર્ટરની મોનેટરી પોલિસીમાં વ્યાજદર યથાવત રાખ્યો છે ત્યારે....*

## આગામી મહિનાઓમાં વ્યાજના દરમાં ઘટાડાની સંભાવનાને પગલે વર્તમાન તબક્કે ઝડપી લેવા જેવા Top-10 રેટ સેન્સિટીવ સ્ટોક્સ

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ નાણાંકીય વર્ષ ૨૦૧૭ ની બીજી દ્વિમાસિક નાણાંકીય નીતિમાં ચાવીરૂપ પોલિસી રેટ યથાવત રાખ્યા છે. સાથો સાથ તે ઉદાર જળવાઈ રહી છે અને ભવિષ્યમાં વ્યાજના દરમાં કાપની સંભાવનાઓ વધી રહી છે. ખરીદી માટે એવા કેટલાક વ્યાદર સંવેદી સ્ટોક્સની યાદી અત્રે રજુ કરેલ છે.

• ***Research : AMC Research : Indiabulls Hsg. Fin. (Buy), TGT : 909 :-*** ટાર્ગેટભાવ રૂ. ૯૦૯ :- કંપની જોરદાર નાણાંકીય દેખાવ કરવાનો ટ્રેક રેકોર્ડ ધરાવે છે. ભવિષ્યમાં પણ સ્વસ્થ લોન ગ્રોથ તથા નેટ ઈન્ટરેસ્ટ માર્જિનમાં વિસ્તરણ સાથે સમાન વેગ જાળવે તેવી શકયતા છે. ઈન્ડિયબૂલ્સ હાઉસીંગ ફાયનાન્સ તેની એસેટની ગુણવત્તામાં સુધારો કરવા પર પણ ધ્યાન કેન્દ્રીત કરે છે. જેની કંપનીના સમગ્રતયા દેખાવ પર હકારાત્મક અસર થઈ શકે તેણે નાણાંકીય વર્ષ ૨૦૧૭ માટે તમામ ચાવીરૂપ પરિણામો ૨૦-૨૫ ટકાની વૃધ્ધિનું ગાઈડન્સ જાળવી રાખ્યું છે.

***Exide Ind. (Buy), TGT : 174 :-*** કંપની ઈન્ડસ્ટ્રીયલ તથા ઓટોમોટીવ સેગમેન્ટમાં ખાસ કરીને સોલર, ટેલિકોમ, ઈ-રિક્શા તથા કોમર્શિયલ વ્હિકલ્સ સેગમેન્ટમાં વૃધ્ધિની તક ધરાવે છે તેની પાસે સંભાવનાઓને અંકે કરવાની વ્યુહરચનાઓ છે. જો કે, નવા હરીફોનો પ્રવેશ તથા હાલમાં અસ્તિત્વ ધરાવતાં સ્પર્ધકોના આક્રમક વિસ્તરણ સૌથી મોટો પડકાર છે. બેટરી સેક્ટરમાં કંપની સૌથી મોટા હરીફોમાંની એક હોવાના કારણે માંગની સ્થિતિ સુધરો તો તેને ફાયદો થવાની શકયતા છે.

***Welspun India (Buy), TGT 128 :-*** કંપની ૨૦૨૦ સુધીમાં તેની આવકને પોતાના ટેક્ષ્ટાઈલ્સ બિઝનેસ સાથે પાંચ અબજ ડોલર સુધી પહોંચાડવાની મહત્વાકાંક્ષી યોજના ધરાવે છે. કુલ આવકમાં તે અડધું પ્રદાન કરે તેવી શકયતા છે. કંપની નવીનતા પર ભારે ભાર મુકે છે જે અનેક પેટન્ટ તથા ટ્રેડમાર્કસમાં પ્રતિબિંબિત થાય છે અને તેના માટે અરજી કરી છે. વેલસ્પન ઈન્ડિયાની કુલ આવકના ૩૦ ટકા કરતાં વધારે કંપની દ્વારા વિકસાવવામાં આવેલી ઈનોવેટિવ પ્રોડકટસમાંથી આવે છે.

***Huhtamaki PPL (Buy), TGT : 325 :-*** કંપની આશરે ૭૫-૮૦ ટકાના ક્ષમતા વપરાશ સાથે કામ કરી રહી છે. કેલેન્ડ વર્ષ ૨૦૧૬ માટે આશરે રૂ. ૬૦ કરોડના મૂડીખર્ચનું આયોજન છે નવું વ્યુહાત્મક એક્વિઝિશન, ફલેક્સિબલ પેકેજિંગ સેગમેન્ટમાં મજબુત બજાર હિસ્સ, કન્ઝયુમર ગુડઝમાં વૃધ્ધિ, શૂન્ય ડેટ સાથે કંપનીની ટર્નઓવર તથા ચોખ્ખા નફામાં સારી વૃદ્ધિ.

***ARVIND (Buy) TGT 349 :-*** ટેક્ષ્ટાઈલ્સ સેગમેન્ટમાં કંપની વૈશ્વિક સ્તરે લીડરશિપની પોઝિશન ધરાવે છે. તથા તે ઘરઆંગણે એપરલ બ્રાન્ડનો મજબુત પોર્ટફોલિયો અને રિટેઈલ ફોર્મેટ ધરાવે છે. તૈયાર વસ્ત્રોના ઉત્પાનમાં કંપનીની ક્ષમતા સાથે તૈયાર વસ્ત્રોની માંગમાં કોઈ વધારાના સંજોગોમાં તેને ફાયદો મેળવવા સજ્જ છે. કંપની તેની રિટેઈલ હાજરીને વિસ્તારવા માટે વિસ્તરણના માર્ગે છે.

• ***Research : Vinod Nair, Geojit BNP Paribas*** :- ***Tata Motors (Buy) TGT 356 :-*** ટાટા મોટર્સ ભારતની સૌથી મોટી કોમર્શિયલ વ્હીકલ્સ ઉત્પાદક કંપની છે તથા એમ એન્ડ એચસીવી સેગમેન્ટમાં ૫૨ ટકા બજાર હિસ્સો ધરાવે છે. ઘરઆંગણાનું M&HCV સેગમેન્ટ વધારે ઝડપથી વૃધ્ધિ કરી રહ્યું છે તથા નાણાંકીય વર્ષ ૨૦૧૬ માં ૨૬.૫ ટકાનો વૃધ્ધિદર નોંધાવી રહ્યું છે. વ્યાજના દરમાં ઘટાડો ઈન્ફ્રા પ્રોજેક્ટસમાં ખાનગી ખર્ચ માટેના દરવાજા ખોલશે તથા તેના કારણે M&HCV વેચાણ માટેની માંગમાં વધારો થશે.

***KNR Construction (Buy) TGT 642 :-*** KNR કન્સ્ટ્રકશન અગ્રણી EPC ખેલાડીઓમાંની એક છે. કંપની ઈન્ફ્રાસ્ટ્રકચર સર્વિસીસમાં સક્રિય છે. હાલમાં કન્સ્ટ્રકશન સેકટર ધીમી ગતિએ આગળ વધી રહ્યું છે કેમ કે, બેન્કો તેમના ધિરાણને વધારવા માટે ઈચ્છુક નથી અને એનપીએમાં વધારો થયો છે. વ્યાજના દરમાં ઘટાડાથી વિવિધ સેકટરમાં વધારાના મૂડીખર્ચ સાથે તેજી આવશે

• ***Research : Dharmesh Kant, MOCL, Retail Research Head :- Hero Moto (Buy) TGT : 3305 :-*** આ દ્વિચક્રી વાહન ઉત્પાદક કંપની પરિણામો લગભગ અપેક્ષા અનુસાર જ હતા જેમાં ૧૫.૭ ટકાનું સ્થિર EBITDA હતું સામાન્ય ચોમાસુ Q2 નાણાંકીય વર્ષ ૨૦૧૭ માં વૃધ્ધિને વેગ આપી શકે. લગભગ ૫૦ ટકા વેચાણ ગ્રામીણ બજારમાંથી આવે છે તે ભાવ પ્રત્યે સંવેદનશીલ સેકટર માટે કામ કરે છે. સારૂં ચોમાસુ, સાતમા પગાર પંચનો અમલ તથા ખેડૂતોને તેમના લાભો સીધા તબ્દીલ કરવા જેવા પગલાં કંપની માટે ટ્રિગર બની રહેશે.

***LIC Hsg. Fin. (Buy) TGT : 581*** :- પ્રોપર્ટી સામે લોન આપવાનું ઊંચુ વળતર આપતા બિઝનેસમાં મજબુત વૃધ્ધિ આ શેર માટે વૃધ્ધિના ચાવીરૂપ પ્રેરકબળ તરીકે કામ કરી શકે. ફંડસના ખર્ચમાં ઘટાડો સુધારામાં મદદ કરી શકે

***SBI (Buy) TGT : 245 :-*** :- માર્ચ ૨૦૧૬ ના બેન્કના પરિણામો મોટાભાગે અપેક્ષા અનુસાર હતા. ભવિષ્યમાં વધારે સારા ચોમાસાના કારણએ અર્થતંત્ર મજબુત થાય તથા વિવિધ પ્રોત્સાહનો તેની અસર દેખાડતાં થાય પછી એસ,બીઆઈને સારામાં સારો લાભ થવાની અપેક્ષા છે.

Financial Weekly
SMART INVESTMENT

## Expert's Eye

(પાના નં ૧૬ નું ચાલુ)

પ્રોફિટ બુકીંગનું સૂચકાંકો પર હેવી વેઈટ દબાણ રહેતા બજાર ગગડ્યું છત્તાં રિલાયન્સ અને ઓઈલ ગેસ કાઉન્ટરોમાં ઘટાડાને અટકાવ્યો હતો. એફઆઈઆઈ કેશમાં નેટ બાયર રહ્યા હતા.

શુક્રવારે એશિયન માર્કેટના નબળા ટ્રેડિંગને પગલે બજાર નબળા લેવલે ખુલ્યું હતું. વોલેટાઈલ ટ્રેડ સાથે રેડમાં બંધ રહ્યું હતું. નિફટી ૩૩.૫૫ પોઈન્ટ ઘટીને ૮૧૭૦.૦૫ અને સેન્સેક્સ ૧૨૭.૭૫ પોઈન્ટ ઘટીને ૨૬૬૩૫.૭૫ ના લેવલે બંધ રહ્યા હતા. ક્રુડ ભાવોમાં સતત વધારાના પગલે દરેક ઉછાળે પ્રોફિટ બુકીંગને દબાણે માર્કેટ પટકાયું હતું.

પોઝિટિવ કોર્પોરેટ રિપોર્ટસને પગલે યસ બેન્ક, કેસીપી, વીએસટી ઈન્ડ., સદ્‌ભાવ ઈન્ફ્રા., લાન્કો ઈન્ફ્રા., આઈડીએફસી વગેરે કાઉન્ટરોમાં ઉછાળો જોવા મળ્યો હતો.

FII કેશમાં નેટ બાયર રહ્યા હતા. ડોલર સામે રૂપિયો સુધર્યો હતો.

RBI મોનેટરી મીટીંગના પગલે નિફટી ૫૦.૭૫ અને સેન્સેક્સ ૨૦૭.૨૮ પોઈન્ટ ઘટ્યા હતા.

અઠવાડિયા દરમ્યાન ડોલર સામે રૂપિયો સુધરી રૂ. ૬૭.૨૫ અને ક્રુડ ઉછળીને બેરલદીઠ ૫૩ ડોલરની છેલ્લાં ૧૦ મહિનાની નવી ટોચ બનાવ્યો હતો.

ઉપરોક્ત સિનેરિયો અને કેરલમાં ચોમાસાના આગમનને પગલે આ અઠવાડિયે નિફટી ૮૫૦૦-૭૯૦૦ અને સેન્સેક્સ ૨૭૩૫૦ થી ૨૫૯૦૦ની વચ્ચે ટ્રેડ થાય.

***Abbott India* (રૂ. ૪૪૬૦) (કોડ : ૫૦૦૪૮૮) (ફેઈસ વેલ્યુ : ૧૦.૦૦)** :- ફાર્માસ્યુટીકલ્સ ક્ષેત્રની આ મલ્ટીનેશનલ કંપનીએ ૩૧-૩-૨૦૧૬ ના રોજ પુરા થતા વર્ષ દરમ્યાન રૂ. ૨૬૨૮.૪૨ કરોડના ટર્નઓવર ઉપર રૂ. ૨૫૯.૬૩ કરોડનો નેટ પ્રોફિટ દર્શાવ્યો છે જે પાછલા વર્ષે સમાનગાળા દરમ્યાન રૂ. ૨૨૮૯.૩૨ કરોડના ટર્નઓવર ઉપર રૂ. ૨૨૮.૯૬ કરોડનો નેટ પ્રોફિટ દર્શાવ્યો હતો. કંપનીએ ૩૫૦ ટકાનું ડિવિડંડ જાહેર કરેલ છે. ૩૧-૩-૨૦૧૬ ના રકોજ રૂ. ૨૧.૨૫ કરોડની ઈક્વિટી શેરમુડી ધરાવતી આ કંપની પાસે રૂ. ૧૦૮૬ કરોડનું રીઝર્વ છે. મધ્યમગાળા થી લાંબાગાળા માટે ધ્યાનમાં રાખી શકાય. સ્ક્રીપનો બાવન સપ્તાહનો હાઈ ભાવ રૂ. ૬૧૫૩ અને લો ભાવ રૂ. ૩૭૩૯ છે.

***Indo Tech* (રૂ. ૨૫૧.૦૦) (કોડ : ૫૩૨૭૧૭) (ફેઈસ વેલ્યુ : ૧૦.૦૦)** :- હેવી ઈલેક્ટ્રીકલ ઈક્વિપમેન્ટના ઉત્પાદન ક્ષેત્રે પ્રવૃત્ત આ કંપનીએ નાણાંકીય વર્ષ ૨૦૧૬ દરમ્યાન રૂ. ૧૮૯.૮૭ કરોડના ટર્નઓવર ઉપર રૂ. ૪.૦૩ કરોડનો નેટ પ્રોફિટ દર્શાવ્યો છે જે પાછલા વર્ષે સમાનગાળા દરમ્યાન રૂ. ૧૫૬.૯૧ કરોડના ટર્નોવર ઉપર રૂ. ૩.૭૪ કરોડનો નેટ પ્રોફિટ દર્શાવ્યો હતો. ૩૧-૩-૨૦૧૬ ના રોજ રૂ. ૧૦.૬૨ કરોડની ઈક્વિટી શેરમુડી ધરાવતી આ કંપની પાસે રૂ. ૧૪૪ કરોડનું ફ્રી રીઝર્વ છે. સ્ક્રીપનો બાવન સપ્તાહનો હાઈ ભાવ રૂ. ૨૮૨ અને લો ભાવ રૂ. ૧૩૫ છે.

***Prima Plast* (રૂ. ૧૫૨.૦૦) (કોડ : ૫૩૦૫૮૯) (ફેઈસ વેલ્યુ : ૧૦.૦૦)** :- પ્લાસ્ટીક્સ પ્રોડક્ટસ ક્ષેત્રની આ કંપનીએ નાણાંકીય વર્ષ ૨૦૧૬ દરમ્યાન કોન્સોલીડેટ ધોરણે રૂ. ૧૨૯.૧૮ કરોડના ટર્નઓવર ઉપર રૂ. ૧૨.૨૮ કરોડનો નેટ પ્રોફિટ દર્શાવ્યો છે જે પાછલા વર્ષે સમાનગાળા દરમ્યાન રૂ. ૧૧૮.૧૬ કરોડના ટર્નઓવર ઉપર રૂ. ૬.૭૦ કરોડનો નેટ પ્રોફિટ દર્શાવ્યો હતો. કંપનીએ ૨૦ ટકાનું ઈન્ટ્રીમ ડિવિડંડ (ફાઈનલ ડિવિડંડ) ચુકવેલ છે. ૩૧-૩-૨૦૧૬ ના રોજ રૂ. ૧૧ કરોડની ઈક્વિટી શેરમુડી ધરાવતી આ કંપની પાસે રૂ. ૫૩ કરોડનું જંગી રીઝર્વ છે. સ્ક્રીપને લાંબાગાળા માટે ધ્યાનમાં રાખી શકાય. સ્ક્રીપનો બાવન સપ્તાહનો હાઈ ભાવ રૂ. ૧૭૨ અને લો ભાવ રૂ. ૫૦ છે.

***DISCLAIMER*** : No financial information whatsoever published anywhere here should be construed as an offer to buy or sell securities, or as advice to do so in any way whatsoever. All matter published here is purely for educational and information purposes only and under no circumstances should be used for making investment decisions. Readers must consult a qualified financial advisor prior to making any actual investment decisions, based on information published here. Any reader taking decisions based on any information published here does so entirely at own risk. Above information is based on the details available as on date along with market perceptions. Author has no holdings or plans to invest in any scrip referred above. (Email: dilip_davda@rediffmail.com )

## Last Week Sensex & Nifty Moves

| Date | Open | High | Low | Close | Diff |
|---|---|---|---|---|---|
| 06-Jun-16 | 8228.75 | 8234.7 | 8186.05 | 8201.05 | -19.75 |
| 07-Jun-16 | 8235.55 | 8294.95 | 8216.4 | 8266.45 | 65.4 |
| 08-Jun-16 | 8285.5 | 8288.9 | 8252.05 | 8273.05 | 6.6 |
| 09-Jun-16 | 8273.35 | 8273.35 | 8184.6 | 8203.6 | -69.45 |
| 10-Jun-16 | 8180.25 | 8265.6 | 8162.85 | 8170.05 | -33.55 |
| | | Net | Weekly | Loss | -50.75 |

| Sensex | Open | High | Low | Close | Diff |
|---|---|---|---|---|---|
| 06/06/2016 | 26,897.84 | 26,901.42 | 26,729.54 | 26,777.45 | -65.58 |
| 07/06/2016 | 26,833.54 | 27,082.63 | 26,829.53 | 27,009.67 | 232.22 |
| 08/06/2016 | 27,085.24 | 27,105.41 | 26,973.71 | 27,020.66 | 10.99 |
| 09/06/2016 | 26,994.48 | 26,994.91 | 26,692.35 | 26,763.46 | -257.20 |
| 10/06/2016 | 26,742.26 | 26,972.06 | 26,620.50 | 26,635.75 | -127.71 |
| | | Net | Weekly | Loss | -207.28 |

## ચાર્ટીસ્ટની નજરે...

(પાના નં ૧ નું ચાલુ)

મંગળવારે રિઝર્વ બેન્કની મિટિંગમાં વ્યાજનો દર ઘટવાની આશા રાખ્યા વિના મધ્યસ્થ બેન્ક તરફથી અન્ય કોઈ નીતિ વિષયક બયાન કરવામાં આવે છે કે કેમ તેના પર નજર મંડાઈ હતી અને એ મુજબ જ , રિઝર્વ બેન્ક વ્યાજનો દર ઘટાડ્યો નહતો અને સારા વરસાદ થઈ જશે તો ઓગસ્ટ તા. ૯ મી ની મિટિંગમાં વ્યાજનો દર ઘટાડી શકાશે એવું આશ્વાસન બજારોને ખાતરી દાયક શબ્દોમાં આપ્યું હતું જેથી રિઝર્વ બેન્કની મિટિંગના દિવસે પુનઃ તેજીની ચાલ શરૂ થઈ હતી જે ગુરૂવારના રોજ ગાબડું પડ્યું તે સમય સુધી જળવાયેલી જોવા મળી હતી.

વિતેલા સપ્તાહની નરમાઈની ચાલની અસર નવા સપ્તાહમાં પણ આગળ વધે તેવી વિશ્વનાં શેરબજારોની નકારાત્મક ચાલ છેલ્લે જોવાઈ છે છત્તાં જો ચોમાસાની પ્રગતિના સમાચાર સારા આવી જશે તો બજારો વિદેશોનાં શેરબજારોની કે ત્યાંના અર્થતંત્રોની મંદીની અસરોમાંથી મુક્ત રીતે થોડી ઘણી પણ તેની ચાલ નવી સપ્તાહમાં પણ દર્શાવી શકશે અને એમ થઈ શકશે તો એવું પણ સમજવું રહેશે કે, સારા ચોમાસાના કારણે જે તેજીની ચાલ શરૂ થશે તે જુલાઈ મધ્યથી તો પૂર્ણપર્ણે દ્રશ્યમાન થવી શરૂ થશે. વિતેલા સપ્તાહની સમગ્રતયા મંદીની ચાલની વચ્ચે ખાંડ કંપનીઓના અને લોજિસ્ટિક્સ કંપનીઓના શેરોમાં જે રીતના વ્યાપક ઉછાળા આવ્યા છે તે જોતાં નવા સપ્તાહમાં જો કોઈ પ્રતિકુળતા પેદા નહીં થશે તો આ બન્ને ઉપરાંત ટી પ્લાન્ટેશન કંપનીઓના શેરો પણ તેજી માર્ગે આગળ વધતાં જોવા મળશે તો નવાઈ લાગશે નહીં. યાદ રાખશો કે દરેક નવી તેજીમાં ભાગ લેનારા અને અગ્રસ્થાન રહેનારા શેરો બદલાતા રહે છે અને આ વખતની તેજીમાં કદાચ ખાંડ અને લોજિસ્ટિક્સ ક્ષેત્રની કંપનીઓના ઝળકવાનો વારો અને તેમને સાથ આપવા માટેની કામગીરી ટી કંપનીઓની અને સિમેન્ટ કંપનીઓની હોવાની સંભાવના વધુ છે.

**E-Clerx (Rs. 1533.00) (Code : 532927) (F. V. : 10.00) :-** ઈ-કલર્કસનો શેર ૨૦૦૮ ના ઓક્ટોબરમાં નીચામાં રૂ. ૩૬.૧૫ ની સપાટી જેટલે ઉતરી ગયેલો તે ત્યાંથી તેજીની દિશા પકડી ગયો હતો અને ત્યારબાદ આઠ વરસ પુરા થવામાં છે ત્યારે પણ તેની એ દિશા બદલાઈ નથી. બલ્કે તેમાં જે તાકાત વધવાની દેખાઈ રહી છે તે જોતાં હવે તો તીવ્ર ઉછાળો પણ આવી શકશે એમ જણાય છે. રૂ. ૩૬.૧૫ ના તળિયાના ભાવથી વધવા તરફી ચાલ પકડી લેનાર ઈ-કલર્કસનો શેર ક્રમે ક્રમે કરીને ૨૦૧૫ના ડિસેમ્બરમાં જ રૂ. ૧૬૪૦ ની અપૂર્વ ઊંચી સપાટીએ પહોંચી ગયો હતો અને તા. ૧૭ મી ડિસેમ્બરની એ ઊંચી સપાટીથી પ્રત્યાઘાતી ઘટાડામાં ૨૯ માર્ચના દિવસ સુધીમાં નીચામાં ૧૧૯૦ થઈને ત્યાંથી પુનઃ વધવા તરફી ચાલ પકડી ગયો છે જેમાં વિતેલા સપ્તાહના ગુરૂવાર અને શુક્રવારે તો બજારો ઘટીને બંધ રહ્યા હતા તે બન્ને દિસે એ જ એ તીવ્રપણે ઉછળીને શુક્રવારે રૂ. ૧૫૫૬.૪૦ થઈને છેવટે રૂ. ૧૫૩૩.૩૦ માં બંધ રહ્યો છે. જે આમાં બજારથી પણ સ્વતંત્રપણે વધવાની તાકાત દર્શાવતો સંગીન સંકેત છે આની થોડીક ખરીદી બજારભાવે કરી લઈને તે બાદ ઘટે તો વધુ અને ઘટ્યા વગર વધી જાય તો તે બાદના પ્રત્યાઘાતી ઘટાડામાં સમાન સંખ્યામાં ખરીદવો એવી સલાહ છે.

**JSW Energy (Rs. 80.10) (Code : 533148) (F. V. : 10.00) :-** જેએસડબલ્યુ એનર્જીનો શેર ૨૦૧૦ ના જાન્યુઆરીમાં મુંબઈ શેરબજાર પર રૂ. ૧૦૨ ના ભાવમાં લિસ્ટ થયો હતો અને તે બાદ તેમાં તેજી થઈને ભાવ એ જ વરસના સપ્ટેમ્બરમાં રૂ. ૧૩૬.૩૦ જેટલે ઊંચકાઈ ગયો હતો. જો કે તે બાદ તેમાં કારમી મંદી થઈને ભાવ તૂટતો રહીને ૨૦૧૧ ના ડિસેમ્બરમાં તો છેક રૂ. ૩૫.૭૫ ની નીચી સપાટી સુધી ઉતરી ગયો હતો. અલબત્ત રૂ. ૩૫.૭૫ ના નીચા ભાવથી તેમાં પ્રત્યાઘાતી ઉછાળો પણ આવ્યો હતો જેમાં ભાવ ૨૦૧૨ ના ફેબ્રુઆરીમાં જ રૂ. ૭૬.૮૦ સુધી વધી શક્યો હતો પણ તે બાદ તેમાં સતત નફારૂપી યા છૂટકારા રૂપી વેચવાલી આવી જતાં ભાવ તેનાથી ઘણા વખત સુધી વધી શક્યો નહતો અને ૨૦૧૩ ના ઓગસ્ટમાં શેરબજારોએ મંદીનાં તળિયાં બનાવ્યા ત્યારે તો તેમાં રૂ. ૩૩.૮૦ જેવો ભાવે પણ વેચાઈ ગયો હતો જે તેની લિસ્ટીંગ બાદની સૌથી નીચી સપાટી હતી. અલબત્ત, રૂ. ૩૩.૮૦ ના ભાવથી આમાં જે તેજી થઈ તેમાં ભાવ વધીને ૨૦૧૫ ના ફેબ્રુઆરીમાં ફરી વાર રૂ. ૧૦૦ ની સપાટી ઓળંગીને ઊંચામાં રૂ. ૧૨૬.૪૦ જેવો પણ થયો હતો પણ તે બાદ તેમાં પુનઃ બજારની મંદીની અસર થઈ જતાં ભાવ ત્યાંથી ઘટીને ૨૦૧૫ ના ઓગસ્ટમાં રૂ. ૫૯.૫૦ ના સ્તરે જેટલે નીચે ચાલી ગયો હતો. અહીંથી ઉછળીને રૂ. ૯૬.૧૫ જેટલો વધી શકેલો આ શેર પુનઃ ઘટ્યો ત્યારે ૨૦૧૬ ના ફેબ્રુઆરીમાં નીચામાં રૂ. ૫૯.૧૦ જેવો થયો હતો અને એ રીતે ગયા વરસના ઓગસ્ટની રૂ. ૫૯.૫૦ ની સામે સહેજ જ નીચી એવી રૂ. ૫૯.૧૦ ની સપાટી દ્વારા તેમાં ડબલ બોટમની રચના થતાં તે બાદ તેમાં તેજીની ચાલ શરૂ થઈ ગઈ હતી જે વિતેલા સપ્તાહમાં પણ આગળ વધી હતી. બલ્કે, ઝડપથી આગળ વધી હતી અને તેથી ભાવ શુક્રવાર સુધીમાં ઉછળીને રૂ. ૮૩.૮૫ થઈને છેવટે રૂ. ૮૦.૧૦ માં બંધ રહ્યો છે જે ભાવની આસપાસમાં આની લાંબાગાળાના રોકાણ માટેની ખરીદી કરી લેનારને ફાયદો થવાની શકયતા વધુ રહેશે.

**Jaiprakash Power Venture (Rs. 4.51) (Code : 532627) (F. V. : 10.00) :-** જયપ્રકાશ ગ્રુપની જે.પી. પાવર કંપનીનો શેર મુંબઈ શેરબજાર ઉપર ૨૦૦૫ ના એપ્રિલમાં રૂ. ૩૬.૮૦ ના ભાવમાં લિસ્ટ થયો હતો અને લિસ્ટીંગના આરંભના મહિનાઓમાં તે આ સપાટી આસપાસની સાંકડી રેન્જમાં અથડાઈ રહ્યા બાદ ૨૦૦૭-૨૦૦૮ ની શેરબજારની તેજીમાં ભાગ લેવા ઉછાળો મારી ગયો હતો જેમાં ભાવ ૨૦૦૮ ના જાન્યુઆરીમાં રૂ. ૧૪૪ જેવી ઊંચી સપાટી સુધી ઉછળી ગયો હતો. શેરબજારની ૨૦૦૭-૨૦૦૮ ની તેજીનો પરપોટો ફુટી ગયો તેની સાથે આ શેરમાં પણ ધબડકો બોલાઈ ગયો હતો જેમાં ભાવ ૨૦૦૮ ના ઓક્ટોબરમાં રૂ. ૨૨.૬૫ ની નીચી સપાટીએ ઉતરી ગયો હતો. રૂ. ૨૨.૬૫ ના તળિયેથી આમાં પુનઃ તેજી થઈને ભાવ ૨૦૦૯ ના જુલાઈમાં જ રૂ. ૧૦૩.૭૦ જેટલે ઊંચે ગયો હતો અને ત્યાંથી જે મંદી આમાં શરૂ થઈને તે ખૂબ જ લાંબી ચાલીને વિતેલા સપ્તાહની એક અઠવાડિયું અગાઉના ગુરૂવારે તેનો ભાવ રૂ. ૩.૬૫ ની અપૂર્વ નીચી સપાટીએ ચાલી ગયો ત્યાં સુધી આગળ વધી હતી. અલબત્ત, તે બાદ આમાં ભાવ વધુ ઘટતો અટક્યો હતો અને વિતેલા સપ્તાહના બુધવારથી લઈને શુક્રવાર સુધીના કામકાજના છેલ્લાં ત્રણ દિવસે સડસડાટ વધીને શુક્રવારે રૂ. ૪.૭૨ થઈને છેલ્લે રૂ. ૪.૫૧ નો બંધ રહ્યો છે તે દ્વારા એવું સમજાય છે કે, આમાં હવે તેજી આગળ વધી શકે એવા કોઈ સંજોગો નિર્માણ થયા છે અને તેથી આની ટુંકાગાળાની ઝડપી નફા માટે થોડી ખરીદી કરી લેવામાં હરકત હોવી જોઈએ નહી.

## માર્કેટ સ્કેન

(પાના નં ૧ નું ચાલુ)

સોમવારની કેન્ડલસ્ટિક ફોર્મેશનના આધારે હળવી મંદીના સંકેત આપે છે જ્યારે સાપ્તાહિક ફોર્મેશન્સ તટસ્થ ફોર્મેશનના સંકેત આપે છે.

બંને ભાવાંકો હવે સેન્સેક્સમાં ૩૦૦૨૪થી ૨૨૪૯૪ અને નિફ્ટીમાં ૯૧૧૯થી ૬૮૨૫ના સંપૂર્ણ ઘટડાનો પીછો કરી રહ્યા છે. આ રીટ્રેસમેન્ટને સુસંગત સ્તર સેન્સેક્સમાં ૨૫૩૭૧-૨૬૨૫૯-૨૭૧૪૮ અને નિફ્ટીમાં ૭૭૦૨-૭૯૭૨-૮૨૪૩ છે.

આ સપ્તાહે નિફ્ટી ૬૧.૮ ટકા રીટ્રેસમેન્ટ સ્તર ૮૨૪૩થી ઉપર આવવામાં બંધ થયો હતો, પરંતુ સેન્સેક્સ તેમ કરવામાં નિષ્ફળ ગયો હતો. બજારમાં વર્તમાન મંદી ૬૧.૮ ટકા રીટ્રેસમેન્ટ સ્તર ૨૭૧૪૮ પાર કરવામાં સેન્સેક્સની નિષ્ફળતાના કારણે છે. આમ, સેન્સેક્સ આ સ્તરથી ઉપર બંધ આવે ત્યારે કરેક્શનના તબક્કાનો અંત આવશે અને સેન્સેક્સમાં ૩૦૦૨૪ અને નિફ્ટી ૯૧૧૯ની સર્વોચ્ચ સપાટીની પરીક્ષા કરશે.

એમએસીડી અને પ્રાઈસ આરઓસી બંને હકારાત્મક છે અને તેમણે ખરીદીના સંકેતો યથાવત્ રાખ્યા છે. આરએસઆઈ (૫૯) તેજી ચાલુ રહેવાના સંકેત આપે છે. સ્ટોકેસ્ટિક ઓસિલેટર પર્સન્ટેજ કે ૯૪ના સ્તર પર ઓવરબોટ સ્થિતિ દર્શાવે છે, પરંતુ તે વેચાણના મોડમાં છે, કારણ કે તે પર્સન્ટેજ ડીથી નીચે છે. એડીએક્સ ૨૬ના સ્તરે છે, જે હાલ તેજીનો ટ્રેન્ડ મજબૂત થઈ રહ્યો હોવાનું સૂચવે છે. ડિરેક્શનલ ઈન્ડિકેટર્સ ખરીદીના સંકેતો યથાવત્ રાખ્યા છે. બોલિંગ બેન્ડમાં પણ છેલ્લા બે સપ્તાહથી ખરીદીના સંકેત જોવા મળે છે. એમએફઆઈ (૬૨) બજારમાં નાણાંનો પ્રવાહ હકારાત્મક હોવાનું સૂચવે છે. ઓબીવી ખરીદીના મોડમાં છે, અને તેણે હાયર ટોપ્સ હાયર બોટમ્સ બનાવી છે. આમ, મોટાભાગના ઓસિલેટર્સ નજીકના સમયમાં તેજી સૂચવે છે.

આ સપ્તાહે મંદી છતાં બંને ભાવાંકો ટૂંકાગાળાની ૨૦ દિવસની મુવિંગ એવરેજ (સેન્સેક્સ - ૨૬૨૬૩ અને નિફ્ટી - ૮૦૪૩), મધ્યમગાળાની ૫૦ દિવસની મુવિંગ એવરેજ (સેન્સેક્સ - ૨૫૭૬૯ અને નિફ્ટી - ૭૮૯૦)થી ઉપર બંધ રહેવામાં સફળ થયા છે તથા તે લાંબાગાળાની ૨૦૦ દિવસની મુવિંગ એવરેજ (સેન્સેક્સ - ૨૫૫૪૬ અને નિફ્ટી - ૭૭૭૧)થી પણ ઉપર રહેવામાં સફળ રહ્યા છે. આમ, ટૂંકા, મધ્યમ અને લાંબાગાળાનો ટ્રેન્ડ તેજી તરફી યથાવત્ છે.

જૂન સિરીઝ માટે ઓપ્શન ડેટા પરથી માલૂમ પડે છે કે નિફ્ટીમાં ૮૩૦૦ના સ્ટ્રાઈકથી સૌથી વધુ કોલ જોવા મળ્યા છે, જ્યારે ૮૦૦૦ના સ્ટ્રાઈકથી સૌથી વધુ પુટ જોવા મળ્યા છે. આમ, આ સિરીઝ દરમિયાન નિફ્ટી આ ૩૦૦ પોઈન્ટની ટૂંકી રેન્જમાં અથડાતો રહેશે.

### વિતેલ સપ્તાહની ભલામણોનો ધડાકો

| Stocks | Reco.Price | TGT | Reached | Lot Size | Profit |
|---|---|---|---|---|---|
| Buy BajAuto | 2639 | 2724 | 2658 | 200 | 3,800 |
| Buy KotakBk | 769 | 795 | 779 | 700 | 7,000 |
| Buy PowerGrid | 150 | 156 | 155 | 4000 | 20,000 |
| Buy Dwarkesh | 220 | 253 | 243 | 3000 | 69,000 |
| Buy PTC | 68 | 72 | 75 | 8000 | 56,000 |
| | | | | | 1,55,800 |

## Stock Wave

(પાના નં ૧૬નું ચાલુ)

દૈનિક ધોરણે ઓવરબોટ તરફ, અઠવાડીક તેમજ માસીક ધોરણે ન્યુટ્રલ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૪૮૫ કુદાવતા ૪૯૧ થી ૫૦૫ સુધીની શકયતા. નીચામાં ૪૭૪ સપોર્ટ ગણાય. ૪૭૪ નીચે ૪૬૮ અને ૪૬૩ સપોર્ટ ગણાય.

***ONGC* (૨૧૮.૨૦) :-** ૧૮૭ ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક ધોરણે ઓવરબોટ, અઠવાડીક તેમજ માસીક ધોરણે ન્યુટ્રલ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૨૩૦ અને ૨૩૬ પ્રતિકારક સપાટી ગણાય. નીચામાં ૨૧૩ સપોર્ટ ગણાય. માસીક ધોરણે ૨૨૬ ઉપર બંધ આવશે તો આ શેર લાંબાગાળાની તેજીમાં જશે.

***Oriental Bank* (૯૦.૧૦) :-** ૭૬.૭૫ ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક ધોરણે ઓવરબોટ, અઠવાડીક ધોરણે ન્યુટ્રલ તેમજ માસીક ધોરણે ઓવરસોલ્ડ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૯૩ ઉપર ૧૦૧ મુખ્ય પ્રતિકારક સપાટી ગણાય. નીચામાં ૮૫ સપોર્ટ ગણાય.

***Reliance* (૯૭૬.૭૦) :-** ૯૨૫.૬૫ ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક અને અઠવાડીક ધોરણે ન્યુટ્રલ તેમજ માસીક ધોરણે ઓવરબોટ થી ન્યુટ્રલ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૯૮૨ ઉપર ૯૯૫ કુદાવશે તો ૧૦૨૪ સુધીની ધારણા રાખી શકાય. નીચામાં ૯૫૬ સપોર્ટ ગણાય.

***Reliance Infra* (૫૪૮) :-** ૪૯૦.૧૦ ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક, અઠવાડીક તેમજ માસીક ધોરણે ઓવરબોટ તરફની પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૫૬૦ કુદાવશે તો ૫૭૩ થી ૫૮૪ ની રેન્જ ગણાય. નીચામાં ૫૩૬ સપોર્ટ ગણાય.

*(ડિસકલેમર : ઉપરોક્ત અભિપ્રાય ટેકનીકલ એનાલીસીસ આધારીત છે. એમાં લેખકનું કોઈ જ અંગત હિત નથી)*

## માર્કેટ મુવમેન્ટ

(પાના નં ૧૫ નું ચાલુ)

***(૧૦) કાકટીયા સિમેન્ટસ (૪૫૮)*** :- રૂ. ૪૭૪ ની આસપાસ ઓવરબોટ પોઝિશન નોંધાવતો આ સ્ટોક રૂ. ૪૮૧ ના સ્ટોપલોસે વેચાણ લાયક. સાપ્તાહિક ટ્રેડિંગ લક્ષી રૂ. ૪૩૬ થી રૂ. ૪૧૯ નો ભાવ દર્શાવે તેવી સંભાવની. રૂ. ૪૮૮ ઉપર તેજી તરફી ધ્યાન.

***ડિસ્કલોઝર : આ કોલમમાં પ્રસિદ્ધ કરાયેલ સ્ક્રિપમાં લેખકનું રોકાણ નથી તેમજ લેખકનો અભિપ્રાય અંગત છે., વાંચકવર્ગ, રોકાણકાર વર્ગે રોકાણ કરતાં અગાઉ આ સેકટરના નિષ્ણાતની સલાહ લેવી. , સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટના તંત્રી - મેનેજમેન્ટ નુકશાની માટે જવાબદાર રહેશે નહી.***

GaneshaSpeaks.com™
accuracy • reliability • trust
FOR ASTROLOGY DIAL 55181*

Senior Astrologer
Dharmesh Joshi
Mob. : 9909941816
E-mail : stockmarket@ganeshaspeaks.com

## જ્યોતિષની દ્રષ્ટિએ શેરબજાર....

- દરેક ફળકથનમાં દસ મિનિટનો ગાળો પ્લસ - માઇનસ સમજીને પ્રિડીક્શન સમજવું. - ફળકથનને આગળના વાક્ય અને સમયની સરખામણીમાં સમજવું.

**૧૩-૦૬-૨૦૧૬ સોમવાર :-** - ચંદ્ર આજે કન્યા રાશિમાં છે. - શુક્ર આજે રાશિ પરિવર્તન કરીને મિથુન રાશિમાં આવી ગયા છે. - આ વીકમાં ધીરે ધીરે જે સ્ક્રીપ્ટમાં પ્રોફિટ થતો હોય તેમાં નીકળો કારણ કે, નેક્સ્ટ વિક નીફ્ટી સોફ્ટ થશે જે આપ મંથલી ગ્રાફમાં જોઈ શકો છો. - ઓપનિંગથી ૧૧.૫૦ નિફ્ટીમાં મોટો વ્યૂ પોઝિટિવ છે. - ૧૧.૫૦થી ૧૩.૫૦ નિફ્ટી સોફ્ટ સાઇડ રહે. - ૧૩.૫૦થી ૧૫.૩૦ નિફ્ટી પોઝિટિવ સાઇડ જાય.

**૧૪-૦૬-૨૦૧૬ મંગળવાર :-** - ચંદ્ર આજે હસ્ત નક્ષત્રમાં છે, જે તેનું પોતાનું જ નક્ષત્ર છે. જેને કારણે કેશ માર્કેટમાં કામ સારૂ જોવા મળશે. - ડિલિવરીની કેપેસિટી સાથે બિઝનેસ કરશો, નહીંતર આજનો દિવસ બ્રેક લઈ લો. - ૧૦.૧૦ની આસપાસ નિફ્ટી બાય કરો, ૧૧.૧૦ ની આસપાસ એક્ઝિટ થઈ જાવ. - ૧૩.૧૩ની આસપાસ નિફ્ટી બાય કરો અને ૧૫.૦૦ની આસપાસ અથવા આપને પ્રોફિટ થતાં નીકળી જાવ.

**૧૫-૦૬-૨૦૧૬ બુધવાર :-** - સૂર્ય રાશિ પરિવર્તન કરીને હવે મિથુન રાશિમાં શુક્ર સાથે આવી ગયા છે. - ૯.૧૫થી ૧૫.૧૫ નિફ્ટી સરફેસની આજુબાજુ અથવા અપ સાઇડ જોબિંગ કરે. - ૧૦.૧૫થી ૧૩.૫૦નો સમય બહુ ક્રુસિયલ છે, કારણ કે, આપને બંને સાઇડ મોટી મૂવમેન્ટ જોવા મળશે માટે તે પ્રમાણે પ્રાઇઝ લીમીટ મૂકીને કામ કરો. - ૧૩.૫૦થી ૧૫.૩૦ દરમિયાન યુરોપિયન માર્કેટની પોઝિટિવ અસર જોવા મળે.

**૧૬-૦૬-૨૦૧૬ ગુરૂવાર :-** -ચંદ્ર આજે રાહુના નક્ષત્ર સ્વાતિમાં હોવાથી માર્કેટમાં કન્ફ્યુઝીંગ રહેશે. - ૯.૧૫થી ૯.૪૦ નિફ્ટી અપ રહે. - ૯.૪૦થી ૧૦.૩૦ નિફ્ટીમાં કરેક્શન આવે. - ૧૦.૩૦થી ૧૧.૩૦ નિફ્ટી અપ રહે. - ૧૧.૩૦થી ૧૩.૩૦ નિફ્ટી હાઈ વોલેટીલીટી જોવા મળે. બની શકે તો આ સમય એવોઇડ કરો. - ૧૩.૩૦ પછી નિફ્ટી સ્ટેપ બાય સ્ટેપ અપ જાય.

**૧૭-૦૬-૨૦૧૬ શુક્રવાર :-** - આજે દિવસના બે પાર્ટ કરો. - જેમાં પહેલો પાર્ટ એલટે કે ૯.૧૫થી ૧૩.૧૫ નિફ્ટીમાં જોબિંગ સાથે સારા રૂપિયા કમ ઈ શકો છો. - ૧૩.૧૫થી ૧૫.૩૦ દરમિયાન એ ગ્રૂપના સ્ટોકમાં બાઇંગ આવે જેની પોઝિટિવ અસર નિફ્ટી પર જોવા મળે. - નેકસ્ટ વીકમાં સટ્ટાવાળા કે ન્યૂઝ બેઝ સ્ટોકથી દૂર રહેવાની સલાહ ગણેશજી અત્યારથી જ આપે છે.

## TOP DIVIDEND - PAYING COMPANIES

| | DPS* (Rs.) | Dividend Amt. (Rs. Cr.) | Promoter Stake (%) | Retail Stake (%) | Institutions Stake (%) # |
|---|---|---|---|---|---|
| Coal India | 27.4 | 17306.8 | 79.7 | 1.8 | 18.5 |
| Hind. Zinc | 27.8 | 11746.4 | 64.9 | 2.3 | 3.3 |
| TCS | 43.5 | 8571.4 | 73.4 | 4.2 | 22.3 |
| ONGC | 8.5 | 7272.2 | 68.9 | 13.6 | 17.5 |
| ITC | 8.5 | 6840.1 | -- | 10.1 | 900 |
| Infosys | 24.3 | 5570.1 | 12.8 | 10.5 | 76.8 |
| NMDC | 11.0 | 4361.2 | 80.0 | 2.1 | 17.9 |
| Hind. Unilever | 16.0 | 3462.3 | 67.2 | 13.8 | 19.0 |
| Reliance Ind. | 10.5 | 3402.4 | 45.2 | 15.7 | 39.1 |
| IOCL | 14.0 | 3399.1 | 58.6 | 4.8 | 36.5 |

* Dividend per Shares, # Includes total foreign, Institutions and non - promoter corporate holdings

## ધડાકો

**સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટ સાપ્તાહિકના અંક ૧૮ માં વિવિધ કોલમોમાં ભલામણ કરાયેલ શેરોમાં આવેલ ઉછાળાની વિગત**

| કંપનીનું નામ | ભલામણ ભાવ | અઠવાડિક હાઈ | તફાવત ટકા |
|---|---|---|---|
| ***સ્માર્ટ ટીપ્સ*** | | | |
| મેઘમણી ઓર્ગેનીક્સ | ૩૯ | ૪૧ | ૫.૧૩ |
| ફર્સ્ટ શોર્સ | ૪૧ | ૪૮ | ૧૭.૦૭ |
| હિન્દાલ્કો | ૧૦૫ | ૧૧૨ | ૬.૭ |
| એમ્કે ગ્લોબલ | ૬૫ | ૭૧ | ૯.૨ |
| આઈટીડી સીમેન્ટેશન | ૧૨૬ | ૧૩૫ | ૭.૧ |
| ***શ્યોર શોટ્સ*** | | | |
| હિંમતસીંગકા સીડ્સ | ૨૨૧ | ૨૨૪ | ૧.૪ |
| ગોકલદાસ એક્સપોર્ટ | ૧૧૦ | ૧૩૨ | ૨૦.૦ |
| ઈન્ટ્રા સોફ્ટ ટેકનો | ૪૧૯ | ૪૩૭ | ૪.૩ |
| એપકોટેક્સ | ૩૫૨ | ૩૯૮ | ૧૩.૧ |
| એશિયન પેઈન્ટસ | ૧૦૨૫ | ૧૦૩૭ | ૧.૨ |
| ***ધ્યાનમાં રાખવા જેવા શેરો*** | | | |
| ઓરબિંદો ફાર્મા | ૭૮૯ | ૭૯૯ | ૧.૩ |
| કજરીયા સિરામીક્સ | ૧૧૫૬ | ૧૧૯૪ | ૩.૩ |
| એચએસઆઈએલ | ૨૬૯ | ૨૮૫ | ૫.૯ |
| મધરસન સુમિ | ૨૭૬ | ૨૯૩ | ૬.૨ |
| જેટ એરવેઝ | ૫૫૭ | ૫૭૪ | ૩.૧ |
| ***માર્કેટ ટીપ્સમાં ફરતાં શેરો*** | | | |
| કિર્લોસ્કર ઓઈલ | ૨૫૩ | ૨૬૧ | ૩.૨ |
| મોઈલ | ૨૩૩ | ૨૫૫ | ૯.૪ |
| ટીસીઆઈ | ૩૦૨ | ૩૧૨ | ૩.૩ |
| કેએનઆર કન્સ્ટ્ર. | ૫૮૦ | ૫૮૫ | ૦.૯ |
| એસએમએલ ઈસુઝુ | ૧૦૫૦ | ૧૦૮૮ | ૩.૬ |
| ***હાઈ રીસ્ક હાઈ રીર્ટન શેર્સ*** | | | |
| કજરીયા સીરામીક્સ | ૧૧૫૪ | ૧૧૯૪ | ૩.૫ |
| જ્યોતિ લેબ્સ | ૨૯૨ | ૨૯૫ | ૧.૦ |
| એકઝો નોબલ | ૧૫૦૭ | ૧૬૧૦ | ૬.૮ |
| ગેટવે ડિસ્ટ્રીપ્ક | ૩૦૦ | ૩૧૯ | ૬.૩ |
| એનએમડીસી | ૯૦ | ૯૨ | ૨.૨ |
| કોલ ઈન્ડિયા | ૩૦૯ | ૩૧૫ | ૧.૯ |
| યસ બેન્ક | ૧૦૪૮ | ૧૦૮૫ | ૩.૫ |
| એચયુએલ | ૮૮૪ | ૯૦૭ | ૨.૬ |
| થિરૂમલાઈ | ૨૫૬ | ૨૯૩ | ૧૪.૫ |

| કંપનીનું નામ | ભલામણ ભાવ | અઠવાડિક હાઈ | તફાવત ટકા |
|---|---|---|---|
| ટેક મહિન્દ્રા | ૫૫૨ | ૫૫૭ | ૦.૯ |
| બીપીસીએલ | ૧૦૨૨ | ૧૦૩૨ | ૧.૦ |
| ગુજરાત આલ્કલી | ૨૧૨ | ૨૨૧ | ૪.૨ |
| એન્જી. ઈન્ડિયા | ૧૯૧ | ૧૯૯ | ૪.૨ |
| જય કોર્પ. | ૭૧ | ૭૩ | ૨.૮ |
| લવેબલ લીંગરી | ૨૫૯ | ૨૮૬ | ૧૦.૪ |
| ***ગપસપ*** | | | |
| ધનલક્ષ્મી બેન્ક | ૨૦ | ૨૨ | ૧૦.૦ |
| પ્રિકોલ | ૬૫ | ૭૮ | ૨૦.૦ |
| એમ્કે ગ્લોબલ | ૬૫ | ૭૧ | ૯.૨ |
| એમ્ટેક | ૩૩ | ૩૬ | ૯.૧ |
| એલ.ટી. ફાય. | ૭૮ | ૮૦ | ૨.૬ |
| એડલવેઈઝ | ૭૧ | ૮૦ | ૧૨.૭ |
| રેડીંગ્ટોન | ૧૧૨ | ૧૧૫ | ૨.૭ |
| ડીશ ટીવી | ૮૬ | ૯૨ | ૭.૦ |
| નોસીલ | ૪૯ | ૫૨ | ૬.૧ |
| મોરપેન | ૨૪ | ૨૫ | ૪.૨ |
| માન ઈન્ફ્રા. | ૩૯ | ૪૨ | ૭.૭ |
| પેનીનસુલા | ૨૦ | ૨૧ | ૫.૦ |
| એફએસએલ | ૪૧ | ૪૮ | ૧૭.૧ |
| એવરોન | ૨૦ | ૨૧ | ૫.૦ |
| કેસોરામ ઈન્ડ. | ૧૧૨ | ૧૩૧ | ૧૭.૦ |
| ***સ્માર્ટ બેસ્ટ બાય*** | | | |
| ઓટો મોબાઈલ | ૪૭૨ | ૪૯૦ | ૩.૮ |
| ગ્રાઈન્ડવેલ નોર્ટન | ૬૮૬ | ૬૯૩ | ૧.૦ |
| ટાટા મોટર્સ | ૪૫૩ | ૪૭૦ | ૩.૮ |
| સન ફાર્મા | ૭૩૮ | ૭૫૧ | ૧.૮ |
| શ્રી સિમેન્ટ | ૧૩૬૧૬ | ૧૪૧૭૭ | ૪.૧ |
| ***સુપર ડુપર*** | | | |
| શ્રીકલાહસ્થી | ૨૩૯ | ૨૫૯ | ૮.૪ |
| પ્રાઈમા પ્લાસ્ટીક | ૧૪૯ | ૧૫૬ | ૪.૭ |
| અશોકા બિલ્ડકોન | ૧૩૨ | ૧૩૫ | ૨.૩ |
| લોઈડ ઈલે. | ૨૪૮ | ૨૫૨ | ૧.૬ |
| બર્જર પેઈન્ટસ | ૨૮૪ | ૨૮૯ | ૧.૮ |

## સ્માર્ટ ગાઈડ - M.N. Gandhi

### ઈક્વિટીમાં રોકાણ એટલે લાભનો સોદો

## નિફ્ટીમાં છેલ્લાં ત્રણ વર્ષમાં રોકાણકારોની મૂડી બમણી થઈ ગઈ છે

### બેન્ક FD, કિસાન વિકાસ પત્ર કે પોસ્ટમાં મૂડી બમણી કરવા આઠ વર્ષનો સમય લાગે

બેન્ક એફડી કે કિસાન વિકાસપત્ર (KVP)માં મૂકેલી મૂડીને બમણી થતાં આઠથી નવ વર્ષ લાગે છે, જ્યારે નિફ્ટીમાં છેલ્લાં ત્રણ વર્ષમાં રોકાણકારોને બમણું વળતર મળ્યું છે. ત્રણ વર્ષ અગાઉ તમે FD કે KVPમાં નાણાં રોક્યાં હોત તો દોઢ ગણા પણ થયાં ન હોત, પરંતુ ટોચના ૧૦૦ શેરમાં મૂડી રોકી હોત તે બમણી થઈ ગઈ હોત. અમારી ગણતરી પ્રમાણે ૧૦ જૂન, ૨૦૧૩ના રોજ નિફ્ટી ૧૦૦ સ્ટોક્સના એક યુનિટને ખરીદવા માટે રૂા. ૮૦,૫૪૧ રોકવા પડ્યા હોત. આ રકમ બમણી થઈને રૂા. ૧.૬૩ લાખ થઈ ગયા હોત. એટલે કે રોકાણકારો તેમાં ૨૬.૨૪ ટકાના દરે વળતર મેળવી શક્યા હોત. ટ્રેડબુલ્સના ડિરેક્ટર અને સીઓએ ધ્રુવ દેસાઈએ જણાવ્યું કે, આપણે સૌ આ તબક્કાથી વાકેફ છીએ. તમામ મૂડી એક બાસ્કેટમાં રાખવી ન જોઈએ, તે રીતે ડાઇવર્સિફાઇડ પોર્ટફોલિયોથી વધારે ઊંચુ વળતર મળ્યું હોત. આપણે જોખમને સંપૂર્ણપણે ટાળી ન શકીએ, પરંતુ રિસ્કના સ્તરને સંતુલિત કરી શકીએ. સમાનગાળામાં મોટા ભાગનું ફંડ હાઉસિસે મલ્ટિકેપ ફંડમાં જે વળતર આપ્યું તેના કરતાં નિફ્ટી ૧૦૦ શેરોમાં મળેલુ વળતર વધારે છે. ઉદાહરણ તરીકે આઇશર મોટર્સ ૧૦ જૂન ૨૦૧૩ના રોજ રૂા. ૩૬૦૦ના સ્તરે હતો જે ૫.૨ ગણો વધીને રૂા. ૧૮૮૦૦ થયો છે. બજાજ ફાયનાન્સનો શેર છેલ્લાં ૫.૧ ગણો વધીને રૂા. ૭૭૦૦ના સ્તરે છે જે ત્રણ વર્ષ અગાઉ રૂા. ૧૫૦૦ હતો. બ્રિટાનિયા ઇન્ડસ્ટ્રીઝ, શ્રી સિમેન્ટ અને બજાજ ફિનસર્વ પણ અન્ય હાઈવેલ્યુ સ્ટોક્સ છે, જેમાં ત્રણ વર્ષની અંદર ત્રણથી ચાર ગણો વધારો થયો છે. એપિક રિસર્ચના સીઈઓ મુસ્તફા નદીમે જણાવ્યું કે, આઇશર મોટર્સ જેવા કેટલાક ગ્રોથ સ્ટોક્સે સારો દેખાવ કર્યો છે, કારણ કે, તે વિશિષ્ટ બિઝનેસ ધરાવે છે અને તેમાં પ્રભુત્વની સ્થિતિમાં છે, તેથી તેમાં ઊંચું વેલ્યુએશન ધરાવે છે.

## Axis Bank V/s. ICICI Bank : આ બન્નેમાંથી કોણ તમારો નફો વધારશે ?

હાલમાં તો NPAને લઈને PSU બેન્કોની કામગીરી છેલ્લાં ક્વાર્ટરમાં નબળી રહેવા પામી છે એનાલિસ્ટો પણ બેન્કિંગ સ્ટોક્સથી દૂર રહેવાની સલાહ આપે છે. જો કે, NPA બાબતે ખાનગી બેન્કો પણ બાકાત નથી આમ છત્તાં કામગીરી મોરચે પીએસયુ બેન્કો કરતાં આગળ છે. Axis Bank અને ICICI બેન્ક બન્ને ખાનગી સેકટરની ટોચની બેન્કો છે. આ બન્નેમાંથી કંઈ બેન્કો તમારા નફામાં સન્માનજનક વધારો કરશે ? આ બાબતે એક્વિઝિશનની સલાહ છે. રોકાણકારો Axis ના બદલે ICICI BANKના શેરમાં લાંબાગાળાનું રોકાણ કરે તો ફાયદો છે. આ બન્નેના વેલ્યુએશનમાં તફાવત છે. જો કે, બ્રોકરેજ ફર્મ Macquarieનું કહેવું છે કે, શોર્ટ ટર્મ રિર્ટન માટે ICICI બેન્કમાં સારી તક છે. ICICI Bank શેર Axis ની સરખામણીએ ૩૦ ટકા હાઈ લેવલે ટ્રેડ થાય છે જેણે ૧૨ વર્ષના ગાળામાં બન્ને વચ્ચેના ૧૧ ટકા ગેપ સરભર કર્યો છે. Macquarieના મતે બન્ને બેન્કોને નજીકના ગાળામાં મુડીની જરૂર પડે તેમ નથી કારણ કે પહેલેથી જ સારી સ્થિતિમાં છે. ગત નાણાંકીય વર્ષે ICICIનો Tier-1 રેશિયો ૧૩.૧ ટકા હતો જ્યારે Axis Bank નો ૧૨.૫ ટકા હતો. તાજેતરમાં પુરા થયેલા ચોથા ક્વાર્ટરમાં Axis Bank બેડ લોનના હાઈ પ્રોવિઝનના પગલે છેલ્લાં ૪૦ ક્વાર્ટર બાદ પહેલી વખત નેટ પ્રોફિટમાં ઘટાડો દર્શાવ્યો હતો. બેન્કોની એસેટ ક્વોલિટી જો કે, સ્થિર છે. ગ્રોસ NPA અને NPA અનુક્રમે ૧.૬૭ ટકા અને ૦.૭ ટકા છે. ICICI બેન્કની વાત કરીએ તો, બેન્કે ચોથા ક્વાર્ટરમાં નેટ પ્રોફિટમાં ૭૬ ટકાના તીવ્ર ઘટાડા બાદ ૭૦૨ કરોડ દર્શાવ્યા છે. આ ઘટાડો રૂ. ૩૬૦૦ કરોડના એક્સેન્શનલ પ્રોવિઝનની અસર રૂપે છે પરંતુ અન્ય ઈન્કમ અને ઓપરેટિંગ પ્રોફિટ તથા ટેક્સ રિફંડ વગેરેની મદદથી બેન્કે નફો કર્યો છે. માર્ચ ક્વાર્ટરમાં ગ્રોસ નેટ પર્ફોમિંગ એસેટ તિવ્ર પણે ૫.૮૨ ટકા વધી હતી જે નેટ NPA વધી ૨.૯૮ ટકા હતી. Macquarieના મતે ICICI Bank માટે મુખ્ય મુદ્દો તેનો લોન ગ્રોથ Axis Bank કરતાં જે કાયમ ૩૦૦-૪૦૦ bps નીચો હોય છે. ICICI Bank નો ૨૧ ટકા બિઝનેસ વિદેશી શાખામાંથી આવે છે. અમારૂં માનવું છે કે, વર્તમાન લેવલે ICICI Bankનો શેર ૮ ટકાના અપસાઈડ ટાર્ગેટ સાથે ખરીદો જ્યારે એક્સીસમાં ૭ ટકા ડાઉન સાઈડની શકયતા.

## પરદે કે પીછે.... - ચકોર પંડિત

### સેબીએ ત્રિભુવન એગ્રો પ્રોજેક્ટના પ્રમોટરોને

## RPS & NCD દ્વારા ઉઘરાવેલા નાણાં ૧૫ ટકા વ્યાજ સાથે ચૂકવવા હુકમ કર્યો : કોઈ પણ પ્રકારનું ટ્રેડિંગ કરવા ૪ વર્ષનો પ્રતિબંધ

ત્રિભુવન એગ્રો પ્રોજેક્ટ કંપની રોકાણકારો પાસેથી રીડિએબલ પ્રેફરન્સ શેર (RPS) અને સિક્યુર્ડ રીડીએબલ નોન કન્વર્ટિબલ ડિબેન્ચર્સ (NCD) દ્વારા ભંડોળ એકત્ર કર્યુ હતું. આ માટે કંપનીઓ કોઈપણ કાનૂની - કાયદાકીય પ્રક્રિયા પૂરી કરી નહતી. ડિબેન્ચર ટ્રસ્ટી મુજબ ત્રિભુવન એગ્રો ડિબેન્ચર ટ્રસ્ટ (તેમના ટ્રસ્ટ દ્વારા સંચાલન - જેના ટ્રસ્ટીઓમાં સુકુમાર મોનડલ, સંજય નાયક, સુજિતકુમાર ગોસ્વામી, રજીબદાસ અને મોહંમદ સનવાસ અલીનો સમાવેશ થાય છે.) આ લોકો સામે સેબીએ આગામી ચાર વર્ષ માટે શેરબજારમાં કોઈપણ પ્રકારના મધ્યસ્થી સાથે કે સીધા શેરોની ખરીદી - વેચાણ કે સોદા કરવા પર પ્રતિબંધ મૂક્યો છે. સેબીએ કંપની અને તેના પ્રમોટરો ડિરેક્ટરોને તાત્કાલિક અસરથી શેરમાર્કેટની દરેક પ્રવૃત્તિઓથી દૂર રહેવા સાથે કોઈપણ માધ્યમ દ્વારા જાહેર જનતા પાસેથી તેમની લિસ્ટેડ કે એસોસિયેડટ કંપની દ્વારા નાણાં એકત્ર કરવા અને તે અંગેની જાહેરાતો આપવા સામે પ્રતિબંધ મૂક્યો છે. આ ઉપરાંત સેબીએ ત્રિભુવન એગ્રો પ્રોજેક્ટના પ્રમોટરો - ડિરેક્ટરોને તેમની કંપની દ્વારા રીડીએબલ પ્રેફરન્સ શેર અને સિક્યોર્ડ રિડીએબલ નોન કન્વર્ટિબલ ડિબેન્ચર્સ દ્વારા રોકાણકારો પાસેથી ઉઘરાવેલા નાણાં અને આજ સુધી નાણાં એકત્ર કરવા છતાં NCD ઈસ્યૂ કર્યા નથી તે બધાં નાણાં વાર્ષિક ૧૫ ટકાના વ્યાજ સહિત છ મહિનાના હપ્તેથી ચૂકવવા હુકમ કર્યો છે.

### ATM એગ્રો ઇન્ડસ્ટ્રીઝ ઇન્ડિયાને

## સેબીએ ઉઘરાવેલા NCD & RPS દ્વારા ઉઘરાવેલા નાણાં છ મહિનામાં ચૂકવવાનો આદેશ

ATM એગ્રો ઈન્ડસ્ટ્રી ઈન્ડિયા આવી બીજી કંપની જેણે રોકાણકારો પાસેથી રીડિએબલ પ્રેફરન્સ શેર અને સિક્યુર્ડ રિડિએબલ નોન - કન્વર્ટિબલ ડિબેન્ચર દ્વારા ઉઘરાવેલા નાણાં આગામી છ મહિનામાં પરત કરવા જણાવ્યું છે. ઉપરાંત જે NCD માટે નાણાં ઉઘરાવ્યા છે, પરંતુ આજ તારીખ સુધી NCD ઈસ્યૂ નથી કર્યા તેવા કેસમાં કંપનીને વાર્ષિક ૧૫ ટકાના વ્યાજ સાથે તે નાણાં છ મહિનામાં હપ્તે ચૂકવવા હુકમ કર્યો છે. આ ઉપરાંત કંપનીના પ્રમોટરો - ડિરેક્ટરોને એવો હુકમ કર્યો છે કે, તેમણે તાત્કાલિક અસરથી શેરબજારમાં કોઈપણ ઈક્વિટીના ખરીદ - વેચાણ સીધા કે પરોક્ષ રીતે કે તેની સહયોગી દ્વારા કરવા સામે પ્રતિબંધ લાદયો છે, અને કંપની તેની લિસ્ટેડ કે એસોસિયેટેડ કંપનીની પ્રોસેપેક્ટ્કસ, ઓફર ડોક્યુમેન્ટ અથવા તો નાણાં એકત્ર કરવાની કોઈપણ જાહેરાત આપી શકશે નહીં.

## L&T નો નોન કોર બિઝનેસ કંપનીના ચેરમેન માટે માથાનો દુખાવો

L&T ના ચેરમેન ૭૩ વર્ષીય એ.એમ. નાયક છે તેમાંથી નિવૃત્ત લેવાનો સમય લંબાતો હતો, પરંતુ અંતે તેમણે નિવૃત્તિ જાહેર કરીને તેમના ડેપ્યુટી એન.એન સુબ્રમણ્યમનો ચેરમેન બનવાનો માર્ગ મોકળો કર્યો છે. એ.એમ. નાયક નિવૃત્ત થવાના હતા તે અંતિમ વર્ષમાં તેમણે કંપનીની બેલેન્શસીટને બને એટલી મજબૂત બનાવવાના પ્રયત્નો કર્યા તે માટે કંપનીનો લોસ ઘટાડવા યા તો કંપનીનો નોનકોર બિઝનેસ વેચી દેવો યા તો પછી કોઈ ફાયનાન્સિયલ ભાગીદાર શોધવો. તેના ભાગ રૂપે કંપનીએ તેના રોડ પોર્ટફોલિયોને વેચવાનું આયોજન કર્યું, તેનું નેગોસિયેશન પ્રારંભિક તબક્કામાં છે, જ્યારે તેના જનરલ ઈન્સ્યુરન્સ બિઝનેસ અને પાવર પ્લાન્ટના વેચાણ માટેની ચર્ચા ચાલુ છે. L&T એ ત્રણ વર્ષ પહેલાં ડિફેન્સ બિઝનેસમાં પણ રોકાણ કરેલું છે. કંપની તેના ફોરેન બિઝનેસનું પણ રિસ્ટ્રક્ચરિંગ કરવાનું વિચારે છે. હૈદરાબાદ મેટ્રો પ્રોજેક્ટ અમુક હિસ્સો સંભવતઃ ચાલુ નાણાવર્ષમાં શરૂ થશે. આ પ્રોજેક્ટનો ઘસારા અને વ્યાજને કારણે મૂડીખર્ચ વધશે તેની અસર પરિણામોમાં જોવા મળશે. હાલમા રાજ્ય સરકાર અને L&T વચ્ચે મેટ્રો પ્રોજેક્ટના અમુક હિસ્સાને યુનિટથી અલગ કરવા અને તેના કમિશન અંગે ચર્ચા ચાલુ છે. આ પ્રોજેક્ટ મેટ્રો પ્રોજેક્ટનો હિસ્સો નથી, તેને IDPL પોર્ટફોલિયો સાથે સેટ કરી તેનું અલગ પ્લેટફોર્મ મેળવાશે. કંપનીએ કહ્યું કે, રેવન્યુ અને બેકલોગમાં તેના આંતરરાષ્ટ્રીય બિઝનેસનો હિસ્સો ચાવીરૂપ સાધન છે. જો ડોમેસ્ટિક બિઝનેસ ઘટશે તો L&T તેના આંતરરાષ્ટ્રીય બિઝનેસને એક તકના ભાગરૂપે ઉપયોગ કરશે. L&T ઈન્ટરનેશનલ બિઝનેસને ૩૫ ટકાથી વધુની અપેક્ષા રાખતું નથી. આમ કંપની તેના ઈન્ટરનેશનલ બિઝનેસમાં મધ્ય - પૂર્વનો હિસ્સો ૬૫થી ૭૦ ટકા સુધી ઘટાડવા માગે છે. કંપનીએ આફ્રિકાના સાત દેશોમાં ઓફિસો સ્થાપી છે. અને ફાર - ઈસ્ટમાં પણ નવી તકો શોધી રહી છે. આમ છતાં તેની સૌથી મોટી ચિંતા રિયલ એસ્ટેટ બિઝનેસની છે. જેમાં તે ૧૫ વર્ષથી સક્રિય છે. ૨૦૧૫-૨૦૧૬ના નાણાવર્ષમાં કંપનીનો રિયલ એસ્ટેટ પ્રોજેક્ટમાંથી રૂા. ૭૦૦ કરોડ નફો થયો હતો. તેની પાસે ૭૦ કરોડ સ્કવેરફરીટ રિયલ એસ્ટેટ સ્પેસ છે તેમાં ૧૮ કરોડ સ્કવેરફીટ હૈદરાબાદ મેટ્રોનો સમાવેશ થાય છે. અન્ય પ્રોજેક્ટોમાં બેંગલુરૂ, ચેન્નાઈ અને મુંબઈના અંધેરી પ્રોજેક્ટનો સમાવેશ થાય છે.

Financial Weekly
SMART INVESTMENT

## સ્માર્ટ ટીપ્સ

(પાના નં ૧૬ નું ચાલુ)

એચડીએફસી બેન્ક અને એક્સિસ બેન્ક જેવી પ્રતિષ્ઠિત બેન્કોને ધનલક્ષ્મી બેન્કમાં રસ ન પડે પણ નીચા ખર્ચના ડિપોઝિટ બેઝ વિકસાવી રહેલા રિટેઈલ ગ્રાહકો મેળવવા માંગતા અન્ય ખાનગી ધિરાણકારો આ બેન્કમાં રસ ધરાવી શકે છે. RBL કે યસ બેન્ક જેવી શેરબજારમાં લિસ્ટેડ કંપનીઓ તેમનો બિઝનેસ વિકસાવવા આવી બેન્કોને ભંડોળ આપવા આગળ આવી શકે છે. હજી કોઈ નક્કર સમાચાર નથી બેન્કનો કેપિટલ એડિકવન્સી રેશિયો ૯ ટકાથી નીચો છે. માર્ચમાં પુરા થયેલા ક્વાર્ટરમાં બેન્કે ૧૩૨ કરોડની ખોટ નોંધાવી હતી. પરિણામે આરબીઆઈએ નક્કી કરેલા ૯ ટકાના CAR કરતાં પણ તેનો સીએઆર ઘટીને ૭.૫૧ ટકા પહોંચી ગયો હતો. બેન્કના કોઈ પ્રમોટર ન હોવાથી સંભવિત રોકાણકારોને વાટાઘાટમાં મુશ્કેલી પડી શકે છે. બેન્કમાં કેટલાક વ્યક્તિગત રોકાણકાર ઉપરાંત ગલ્ફમાં વળતા કેરળના બિઝનેસને રવિ પિલ્લાઈ અને એમએ યુસુફુ અલી અનુક્રમે ૪.૯૯ ટકા અને ૪.૩૧ ટકા હિસ્સો ધરાવે છે. મોર્ગન ગ્લોબલ કેપિટલ ફંડ, અંતરા ઈન્ડિયા એવરગ્રીન ફંડ, ઈલોરા ઈન્ડિયા ઓપોર્ચ્યુનિટિ પણ હિસ્સો ધરાવે છે. મોર્ગેજ કંપની DHFLનું સંચાલન કરતાં કપિલ કુમાર વાધવાન સામે પણ ૩.૫ ટકા સ્ટેક છે. શેર કેપીટલ રૂ. ૧૭૭.૪૪ કરોડ, નેટવર્થ ૭૨૩.૮૫ કરોડ, ટોટલ ડેબ્ટ ૧૩૩૨૩.૦૩ કરોડ, માર્કેટ કેપ ૩૮૧.૫૦ કરોડ, બુકવેલ્યુ રૂ. ૨૮.૯૯ છે.

***Sintex Ltd. (રૂા. ૭૭.૦૦) (કોડ : ૫૦૨૭૪૨)*** :- પ્લાસ્ટીક પ્રોડકટસનું ઉત્પાદન ક્ષેત્રે કાર્યરત A ગ્રુપની આ કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૧ છે. શેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને રૂ. ૧૨૧ અને ઘટીને રૂ. ૬૩ જોવાયો છે. ગુજરાત સ્થિત સીન્ટેક્ષ લિ. પ્લાસ્ટીક અને ટેક્ષ્ટાઈલ્સ ક્ષેત્રે કાર્યરત આ કંપની ૧૯૩૧ માં સ્થપાયેલી આ કંપની અગાઉ ભારત વિજય મીલ નામે ઓળખાતી હતી ત્યારબાદ કંપનીનું નામ સિન્ટેક્ષ લી. કરવામાં આવ્યું. કંપની વોટર ટેન્કના ઉત્પાદન ક્ષેત્રે અગ્રસ્થાન ધરાવે છે. કંપની હાલમાં યુરોપ, અમેરીકા, આફ્રિકા, ફ્રાન્સ, જર્મની તેમજ એશિયાન માર્કેટમાં હાજરી ધરાવે છે. સિન્ટેક્ષ છેલ્લાં ૮૨ વર્ષથી તેના શેર હોલ્ડરોને સતત ડિવિડંડની ચૂકવણીનો ટ્રેક રેકોર્ડ ધરાવે છે. દેશમાં પાણીની તંગીને કારણે વોટર ટેન્કની માંગ વધતા તેનો સીધો લાભ કંપનીને મળતો રહેશે. ઉપરાંત કેન્દ્ર સરકારની ''ક્લિન ઈન્ડિયા'' ઝુંબેશને કારણે આ કંપનીને લાભ થશે સાથે-સાથે કેન્દ્ર સરકારના સ્માર્ટ સીટી અભિયાનનો પણ લાભ મળતો જોવાશે. વોટર ટેન્કની સાથે કંપની બિલ્ડીંગ મટીરીયલ્સનું પણ પ્લાસ્ટીક મોલ્ડીંગ દ્વારા કેટલીક પ્રોડકટસનું ઉત્પાદન કરે છે. તાજેતરમાં કંપનીએ ડેવલપ કરેલ વ્હાઈટ કવરની થ્રી લેયર ટેન્કને બજારમાંથી સારો દેખાવ મળ્યો છે. અગાઉ કંપની બ્લેક ક્લીટની ટુ લેધર ટેન્ક ઉત્પાદન કરતી હતી. કંપની ટેક્ષ્ટાઈલ્સ સેગમેન્ટમાં સ્પીનીંગની ક્ષમતા વધારવા વિસ્તરણ યોજના હાથ ધરી રહી છે જે અંગેની મુડી કન્વર્ટીબલ ડિબેન્ચર્સ દ્વારા ઊભી કરશે. માર્ચ ૨૦૧૬ ના પુરા થતાં ક્વાર્ટરમાં કંપની ૧૩૯૦.૭૮ કરોડની આવક સામે ૨૦૫.૬૫ કરોડનો નેટ પ્રોફિટ અને ૪.૬૧ નો ઈપીએસ દર્શાવ્યો છે. નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ ના અંતે કંપનીએ ૪૮૪૦.૬૨ કરોડની આવક સામે ૫૪૯.૬૧ કરોડનો નેટ પ્રોફિટ અને ૧૨.૪૪ નો ઈપીએસ તેમજ આ જ ગાળામાં ઓપરેટીંગ પ્રોફિટ માર્જીન ૨૨.૯૩ ટકા અને નેટ પ્રોફિટ માર્જીન ૧૧.૩૫ ટકા જોવાયા છે. ઈક્વિટી ૪૨.૪૪ કરોડ, નેટવર્થ ૪૨૩૩.૨૫ કરોડ, ટોટલ ડેબ્ટ ૩૪૧૪.૪૭ કરોડ, માર્કેટ કેપ રૂ. ૩૪૪૫ કરોડ, બુકવેલ્યુ રૂ. ૧૦૭ છે. ગત વર્ષે કંપનીએ ૭૦ ટકા ડિવિડંડ જાહેર કર્યું છે. આ સ્ટોક આગામી બે થી ત્રણ ક્વાર્ટરમાં રૂ. ૧૦૦ ની સપાટી કુદાવી નવી ટોચ બનાવતો જોવાય.

***Ashok Leyland (રૂા. ૧૦૫.૦૦) (કોડ : ૫૦૦૪૭૭)*** :- કોમર્શીયલ વ્હીકલ્સ ક્ષેત્રે કાર્યરત A ગ્રુપની આ કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૧ છે. શેરનો ભાવ વધીને ૧૧૨ અને ઘટીને રૂ. ૬૪ જોવાયો છે. હિન્દુજા ગ્રુપની આ કંપનીની કામગીરી આર્થિક મંદીને કારણે નબળી જોવાઈ હતી જો કે, છેલ્લાં જો કે એક જ વર્ષમાં કંપનીએ મજબુત દેખાવ દર્શાવ્યો છે. કંપનીને ૮૦૦ કરોડ ડિફેન્સનો ઓર્ડર મળ્યો છે અને કંપનીનું મેનેજમેન્ટ હજી પણ ડિફેન્સ સેકટરમાંથી હજી પણ સારા ઓર્ડરની આશા છે આ સિવાય ઈકોનોમી પણ મજબુત બની રહી છે જેનો ફાયદો કંપનીને મળી રહ્યો છે. કંપનીના હાથ ઉપર ૧૭૫૧ કરોડની કેશ છે જે પાછલા સમાનગાળા કરતાં બે ગણી છે. માર્ચ ૨૦૧૬ ના ક્વાર્ટરમાં ૫૯૫૫.૨૮ કરોડની આવક સામે રૂ. ૭૭.૦૨ કરોડનો નેટ પ્રોફિટ અને ૦.૨૭ નો ઈપીએસ દર્શાવ્યો છે. નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ ના વર્ષમાં કંપનીએ સમાનગાળાની તુલનામાં ૩૯ ટકા વધીને ૧૮૮૨૧.૫૮ કરોડની આવક સામે ૭૨૧.૭૮ કરોડનો નેટ પ્રોફિટ અને ૨.૫૪ નો ઈપીએસ અને ઓપરેટીંગ પ્રોફિટ માર્જીન ૧૦.૦૨ ટકા અને નેટ પ્રોફિટ માર્જીન ૩.૮૩ ટકા જોવાયા છે. કંપનીમાં પ્રમોટર્સ હોલ્ડિંગ ૫૦.૩૮ ટકા અને પબ્લિકનું ૪૯.૬૨ ટકા છે. ઈક્વિટી રૂ. ૨૮૪.૫૯ કરોડ, નેટવર્થ ૫૧૧૮.૭૦ કરોડ, ટોટલ ડેબ્ટ ૨૫૯૧.૩૪ કરોડ, માર્કેટ કેપ રૂ. ૨૯૮૬૭.૪૮ કરોડ, બુકવેલ્યુ રૂ. ૧૬.૯૩ છે. ગત વર્ષ કંપનીએ ૪૫ ટકા ડિવિડંડ ચુકવ્યું છે. આ સેકટરની હરીફ કંપનીઓ ૧૦૨ ના પીઈ મલ્ટીપલમાં ટ્રેડ થઈ રહી છે ત્યારે ચાલુ વર્ષની અંદાજીત ઈપીએસના ૩૭ ના પીઈથી ટ્રેડ થતા આ સ્ટોક ટુંકાગાળે બાવન સપ્તાહની સપાટી કુદાવી નવી ટોચ બનાવતો જોવાય.

***AVT Natural Pro. (રૂા. ૨૯.૦૦) (કોડ : ૫૧૯૧૦૫)*** :- અન્ય એગ્રો પ્રોડકટસનું ઉત્પાદન કરતી B ગ્રુપની આ કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૧ છે. શેરનો ભાવ વધીને ૪૫ અને ઘટીને ૨૬ જોવાયો છે. એવીટી નેચરલ પ્રોડકટ એવી થોમસ ગ્રુપ દ્વારા પ્રમોટ કરવામાં આવી છે. આ કંપની નેચરલ શોર્સના કલર્સ અને ફલાવર્સને Extraction માં સ્પે. ધરાવે છે. હાલમાં આ કંપની ફૂડ સેફટી માટે જરૂરી સ્ટાન્ડર્ડસના કુદરતી ગ્રેડની પ્રોડકટસનુ ઉત્પાદન કરે છે. આ કંપનીએ તેની વિસ્તરણ યોજના માટે સારૂં એવું રોકાણ કર્યું છે. કંપનીએ વેલ્યુ એડેડ ટી બિઝનેસમાં ઝંપલાવ્યું છે. કંપનીમાં પ્રમોટર્સ ૭૪.૩૪ ટકા હોલ્ડિંગ ધરાવે છે. નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ ના અંતે કંપની ૨૫૭ કરોડની આવક ઉપર રૂ. ૩૦ કરોડનો નેટ પ્રોફિટ અને ૧.૫૮ નો ઈપીએસ નોંધાવ્યો હતો. એગ્રીકલ્ચર પ્રોડકટસનું ઉત્પાદન કરતી આ કંપનીએ માર્ચ ૨૦૧૬ ના ક્વાર્ટરમાં ૬૧ કરોડના વેચાણ ઉપર ૫.૮૦ કરોડનો નેટ પ્રોફિટ નોંધાવ્યો હતો. નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ ના અંતે કંપની ૩૨૦ કરોડના વેચાણ ઉપર ૩૪ કરોડનો નેટ પ્રોફિટ અને ૨.૪ નો EPS નોંધાવે તેવી સંભાવના છે. અંદાજીત રૂ. ૧૬ અને RONW ૧૭ ટકા જોવાશે. આમ ચાલુ નાણાંકીય વર્ષે ૧૪.૪ ના પીઈ મલ્ટીપલમાં ટ્રેડ થતો આ સ્ટોક ટુંકાથી મધ્યમગાળે ૨૦ થી ૨૫ ટકા રીર્ટન આપી રહેશે.

**(SEBI Registered Research Analyst)**

***Disclosure*** :- The author has not brought / sold any stock advised in this news paper during last one month • All stocks rates / indices on 10th June 2016 unless specified o Stoploos is useful for Short - Medium term investors only

***Disclaimer :-*** • Smart Investment will not be responsible / for any loss arising out of investment based on its recommendation. • Though, every care has been taken, we will not responsible for any errors / omissions o All disputes are subject to Ahmedabad jurisdictioner

## શ્યોર શોટ્સ

(પાના નં ૧૬ નું ચાલુ)

વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ. ૭૦૦ અને ઘટીને રૂ. ૪૩૬ જોવાયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટ કેપ રૂ. ૫૦૨ કરોડ છે અને કંપનીમાં પ્રમોટરો ૫૮.૪૨ ટકા અને પબ્લિક ૪૧.૫૪ ટકા સ્ટેક ધરાવે છે. કંપનીની ઈક્વિટી માત્ર રૂ. ૮.૭ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ. ૧૦૫ કરોડનું રીઝર્વ છે. માર્ચ ક્વાર્ટરમાં કંપનીની આવક રૂ. ૧૨૮.૯૬ કરોડથી વધીને રૂ. ૧૫૭.૭૫ કરોડ થઈ છે જ્યારે નફો રૂ. ૮.૬૮ કરોડથી વધીને રૂ. ૯.૪૨ કરોડ થયો છે. જ્યારે નાણાંકીય વર્ષ ૨૦૧૬ ની વાત કરીએ તો, કંપનીની આવક રૂ. ૪૯૭.૮૪ કરોડથી વધીને રૂ. ૫૯૨.૬૧ કરોડ થઈ છે જ્યારે નફો રૂ. ૩૨.૧૯ કરોડથી ઉછળીને રૂ. ૩૮.૨૮ કરોડ થયો છે. કંપનીએ નાણાંકીય વર્ષ ૨૦૧૬ માટે રૂ. ૪૪ ની EPS હાંસલ કરી છે. એ જોતા આ સ્ટોક હાલમાં ૧૩ ના P/E રેશિયોથી ક્વોટ થઈ રહ્યો છે. પેકેજીંગ સેકટરમાં કંપની મજબુત ક્ષમતા ધરાવે છે અને આ સેકટરમાં વૃધ્ધિદર ઘણો ઊંચો છે કંપની છેલ્લાં ઘણા સમયથી મજબુત દેખાવ કરી રહી છે પણ નાણાંકીય વર્ષ ૨૦૧૫ કંપની માટે બમ્પર રહ્યું હતું અને કંપની આ પ્રકારનો દેખાવ આગળ પણ જાળવતી જોવા મળી શકે છે. કંપનીએ નાણાંકીય વર્ષ ૨૦૧૪ માટે ૨૫ ટકાનું ડિવિડંડ ચુકવ્યું હતું. નાણાંકીય વર્ષ ૨૦૧૫ માટે ૬૦ ટકા અને નાણાંકીય વર્ષ ૨૦૧૬ માટે કંપનીએ ૭૩.૫ ટકા ડિવિડંડ જાહેર કર્યું છે જેના માટે ૨૯ જુલાઈથી બુક બંધ છે.

***Mangalam Cement (રૂા. ૨૯૩.૦૦) (કોડ : ૫૦૨૧૫૭)*** :- મંગલમ સિમેન્ટની શરૂઆત ૧૯૭૮ માં B.K. બિરલા ગ્રુપ દ્વારા કરવામાં આવી હતી. કંપની કોટા નજીક પોતાનો સિમેન્ટ પ્લાન્ટ ધરાવે છે અને ક્ષમતા ૨ મિલિયન ટન પ્રતિ વર્ષથી વધારે છે. કંપની બિરલા ઉત્તમ સિમેન્ટ બ્રાન્ડથી સિમેન્ટનું વેચાણ કરે છે. આ સિવાય કંપની ૪૮.૬૫ મેગાવોટનો કેપ્ટિવ પાવર પ્લાન્ટ પણ ધરાવે છે. કંપનીએ ઉત્તર પ્રદેશના અલીગઢ ખાતે ૧.૨૫ mtpaની ક્ષમતાનો ગ્રીન ફિલ્ડ પ્રોજેક્ટ સ્થાપ્યો છે અને આ પ્લાન્ટ માટે કંપનીએ કુલ ૪ બિલિયનનું રોકાણ કર્યું છે. કંપનીની ઈક્વિટી રૂ. ૨૬.૬૯ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ. ૪૬૪.૦૭ કરોડનું રીઝર્વ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૫ અને ૨૦૧૬ સિમેન્ટ કંપનીઓ માટે નબળું રહ્યું હતું જેમાં આ કંપનીએ પણ નબળા પરિણામો દર્શાવ્યા હતા નાણાંકીય વર્ષ ૨૦૧૬ માં પણ કંપનીની આવક રૂ. ૯૨૧.૮૫ કરોડથી ઘટીને રૂ. ૮૪૧.૭૬ કરોડ થઈ છે જ્યારે કંપનીએ રૂ. ૧૭.૯૨ કરોડના નફા સામે રૂ. ૨૦.૪૭ કરોડની નુકશાની દર્શાવી છે. જો કે, માર્ચ ક્વાર્ટરમાં કંપનીએ રૂ. ૨.૭૨ કરોડના નફાની સામે રૂ. ૧૪.૧૦ કરોડનો નફો હાંસલ કરીને મજબુત ભવિષ્યમાં મજબુત કામગીરીના સંકેત આપ્યા છે. કંપનીમાં પ્રમોટરો ૧૩.૨૮ ટકા અને પબ્લિક ૮૬.૭૨ ટકા સ્ટેક ધરાવે છે. વર્તમાન ભાવે માર્કેટ કેપ રૂ. ૭૮૨ કરોડ છે. BSE ખાતે B ગ્રુપમાં લિસ્ટેડ આ કંપનીના શેરની ફેસવેલ્યુ રૂ. ૧૦ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ. ૩૦૨ અને ઘટીને રૂ. ૧૫૧ જોવાયો છે. છેલ્લાં થોડા દિવસોમાં સિમેન્ટ સેકટરમાં મજબુત ઉછાળો જોવાયો છે અને આ સ્ટોક નીચા મથાળેથી રૂ. ૧૩૦ વધી ચુક્યા છે છત્તાં સ્ટોકને ધ્યાનમાં રાખી શકાય.

***Omkar Speciality (રૂા. ૧૬૯.૦૦) (કોડ : ૫૩૩૩૧૭)*** :- સ્પેશ્યાલીટી કેમિકલ્સ બનાવતી BSE ખાતે B ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસવેલ્યુ રૂ. ૧૦ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ. ૨૪૯ અને ઘટીને રૂ. ૧૪૪ જોવાયો છે. કંપનીની ઈક્વિટી રૂ. ૨૦.૫૮ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ. ૧૭૪.૯૮ કરોડનું રીઝર્વ છે. કંપનીમાં પ્રમોટરો ૬૫.૭૦ ટકા, પબ્લિક ૩૪.૩ ટકા સ્ટેક ધરાવે છે. સ્પેશ્યાલીટી કેમિકલ્સ બનાવતી આ કંપનીએ નાણાંકીય વર્ષ ૨૦૧૬ ના માર્ચ ક્વાર્ટરમાં સાધારણ પરિણામ દર્શાવ્યુ છે. કંપનીની ટોપ લાઈન રૂ. ૭૩.૮૯ કરોડથી વધીને રૂ. ૧૧૩.૩૪ કરોડ થઈ છે. જ્યારે બોટમ લાઈન રૂ. ૫.૪૨ કરોડથી ઘટીને રૂ. ૪.૦૩ કરોડ થઈ છે કંપનીએ માર્ચ ક્વાર્ટરમાં રૂ. ૧.૯૬ ની EPS હાંસલ કરી છે. નફામાં ઘટાડો ખાસ કરીને કંપનીએ ગત વર્ષે રૂ. ૨.૦૬ કરોડની ટેક્સ ક્રેડીટ લીધી હતી એની સામે આ વર્ષે રૂ. ૧૨.૪૭ કરોડનો ટેક્સ ભર્યો છે એના લીધે જોવાયો છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬ ની વાત કરીએ તો, કંપનીની આવક રૂ. ૨૬૫ કરોડથી વધીને રૂ. ૪૧૩.૪૧ કરોડ થઈ છે જ્યારે કંપનીનો નફો રૂ. ૨૪.૨૮ કરોડથી વધીને રૂ. ૩૦.૬૧ કરોડ થયો છે. કંપનીએ નાણાંકીય વર્ષ ૨૦૧૬ માટે રૂ. ૧૪.૮૮ ની EPS હાંસલ કરી છે એ જોતા આ સ્ટોક વર્તમાનભાવે આકર્ષક વેલ્યુએશનથી ક્વોટ થઈ રહ્યો છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬માં ગત વર્ષના રૂ. ૩.૯૭ કરોડની સામે રૂ. ૨૧.૮૦ કરોડનો ટેકસ ભર્યો છે છત્તાં કંપનીએ સારો દેખાવ કર્યો છે. કંપની પાસે રૂ. ૧૭૫ કરોડનું રીઝર્વ છે. વર્તમાન ભાવે માર્કેટ કેપ રૂ. ૩૫૬ કરોડ છે. આ સેકટરનું ભાવિ ઘણું જ ઉજ્જવળ છે ત્યારે આ સ્ટોકમાં વર્તમાન ભાવે રોકાણ માટે વિચારી શકાય.

***Sharda Motor Ind. Ltd. (રૂા. ૮૬૦.૦૦) (કોડ : ૫૩૫૬૦૨)*** :- બી ગ્રુપની આ ઓટોપાર્ટસ એન્ડ ઈક્વિપમેન્ટ ક્ષેત્રે કાર્યરત શારદા મોટર્સ કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૧૦ છે. બાવન સપ્તાહ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ. ૧૧૯૦ અને ઘટીને રૂ. ૭૨૬ જોવાયો હતો. કંપની Belgium ની Bosal Holding, UK ની Ricardo સાથે એક્ઝોસ્ટ સિસ્ટમ્સ માટે ટેકનીકલ કોલોબ્રેશન અને કોરિયાની Sejong Ind. Corpo. સાથે એક્ઝોસ્ટ સિસ્ટમ્સ માટે ટેકનીકલ કોલોબ્રેશન થકી ભારતમાં સાત રાજ્યોમાં ૧૩ સ્થળ એ નાસિક, ચાનક, ચેન્નાઈ, ગુરગાંવ, સુરજપુર, સાણંદ, બિનોલા અને હરિદ્વાર સહિતમાં ૧૪ મેન્યુ. સવલતો થકી ઓટો કોમ્પોનન્ટસ અને વ્હાઈટ ગુડઝ કોમ્પોનન્ટસના બિઝનેસમાં સક્રિય છે. કંપની તેના ઉત્પાદનો અને સર્વિસીસ વિવિધ ઓટોમોબાઈલ્સ અને ઈલેકટ્રોનિક્સ ઓઈએમને પુરા પાડે છે. ટેલાન ગ્રુપ અન્ય લિસ્ટેડ કંપની ભારત શીટ્સ લિ., સુઝુકી મોટર કોર્પો. જાપાન, મારૂતિ સુઝુકી (ઈ) સાથે સંયુક્ત સાહસ ધરાવે છે. મહિન્દ્રા - મહિન્દ્રા, હ્યુન્ડાઈ મોટર્સ, ગ્રીઝ કોટન, ટાટા મોટર્સ, ભારત શીટ્સ, મારૂતિ સુઝુકી, સેમસંગ, કેરિયર પેનાસોનિક વિગેરે કંપનીના મુખ્ય ગ્રાહકો છે. કંપનીમાં પ્રમોટર્સ હોલ્ડિંગ ૭૪.૯૫ ટકા, એચએનઆઈ ૧.૧૭ ટકા, કોર્પોરેટ ૪.૭૦ ટકા અને પબ્લિક ૧૯.૧૮ ટકા છે. કંપનીએ ૨૦૧૪-૧૫ માં ૧૦૦ ટકા અને ૨૦૧૬ ના નાણાંકીય વર્ષમાં ૧૨૫ ટકા ડિવિડંડ ચુકવ્યું છે. માર્ચ ૨૦૧૬ ક્વાર્ટરમાં કંપનીએ ૨૪૮.૪૭ કરોડની આવક સામે રૂ. ૮.૪૧ કરોડનો નેટ પ્રોફિટ અને ૧૪.૧૩ નો ઈપીએસ નોંધાવ્યો છે. નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ વર્ષાંતે કંપનીએ રૂ. ૯૨૬.૮૫ કરોડની આવક ઉપર રૂ. ૩૪.૨૨ કરોડનો નેટ પ્રોફિટ અને ૫૭.૫૬ નો ઈપીએસ નોંધાવ્યો છે. કંપની નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ વર્ષાંતે રૂ. ૧૦૨૫.૪૯ કરોડના વેચાણ સામે રૂ. ૪૧.૮૯ કરોડનો નેટ પ્રોફિટ અને ૭૦.૨ નો ઈપીએસ દર્શાવે તેવી ધારણા છે. પ્રતિષ્ઠિત ઓટોમોબાઈલ્સ અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ કંપનીઓની ગ્રાહક પાર્ટનર લીસ્ટ ધરાવતી આ કંપનીમાં ટુંકાથી મધ્યમગાળે ૧૫ થી ૨૦ ટકા અને લાંબાગાળે ૨૫-૩૦ ટકા રીર્ટન આપી રહે.

***Disclosures*** as per SECURITIES AND EXCCHANGE BOARD OF INDIA (Research Analysts) Regulation, 2014; • I and / or my clients may have investment in this stocks • I/My family have no financial interest or beneficial interest of more than 1% in the company whose stocks I am recommending • Stop loss is useful for Short / Medium Term investor Only • Smart Investment will not be responsible / liable for any loss arising out of investment based on tis advices • Past performance may or may not be substainedin future ***" (Dilip K. Shah) Research Analyst : SEBI Regn No. : INH000002152***

## ન્યુઝ ટ્રેક

### યુનિવર્સલ સોમ્પો જનરલ ઈન્સ્યોરન્સે અમદાવાદમાં બ્રાન્ચ ખોલી



અલ્હાબાદ બેન્ક, ઈન્ડિયન ઓવરસીઝ બેન્ક, કર્ણાટક બેન્ક લિ. ડાબર ઈન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન અને સોમ્પો જાપાન નિપોનકાનું સંયુક્ત સાહસ યુનિવર્સલ સોમ્પો જનરલ ઈન્સ્યોરન્સ કંપની લિ. એ અમદાવાદમાં સી.જી. રોડ ખાતે તેની બ્રાન્ચનો આરંભ કર્યો છે. આ બ્રાન્ચ સાથે કંપની ગુજરાતમાં ચાર બ્રાન્ચો અને ભારતમાં કુલ ૧૦૯ બ્રાન્ચો ધરાવે છે. અમદાવાદ બ્રાન્ચનું ઉદ્ઘાટન યુનિવર્સલ સોમ્પો જનરલ ઈન્સ્યોરન્સ કંપની લિ. ના એક્ઝિક્યુટિવ ચેરમેન શ્રી ઓએન સિંઘ દ્વારા ઝોનલ હેડ્સ અને કંપનીનાં કર્મચારીઓની હાજરીમાં કરવામાં આવ્યું હતું. અમદાવાદ બ્રાન્ચનાં ઉદ્ઘાટન પ્રસંગે યુનિવર્સલ સોમ્પો જનરલ ઈન્સ્યોરન્સનાં એક્ઝિક્યુટિવ ચેરમેન શ્રી ઓએન સિંઘે જણાવ્યું હતું કે, અમદાવાદ બ્રાન્ચને શરૂ કરીને અમે અમારા ગ્રાહકોને જોખમ સામે વીમા દ્વારા રક્ષણ આપવાની અને સ્થાનિક આંતરમાળખા દ્વારા ગ્રાહકોની જરૂરિયાતોને સંતોષવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

## Top 5 MIPs

***Top 5 MIP Schemes based on 3 yr. SWP returns***

| Scheme Name | Return Annualised |
|---|---|
| UTI MIS Advantage | 12.24 |
| ICICI Prudential MIP | 12.15 |
| SBI Magnum Monthly | 12.11 |
| HDFC MF Motnhly | 11.42 |
| Franklin India Monthly | 11.22 |

**સંવર્ધક તંત્રી**
**સ્વ.કાન્તિલાલ મ. શાહ**
**તંત્રી : દિલીપ કે. શાહ**

The material contain here in is based on Fundamental & Technical analysis & other Scientific methods, but errors can not be ruled out. The informatiom given above is of advisory nature. The Editor and Publisher does not take any consequences arisigng out of it.

All rights reserved. Reproducing in whole or in part of any matter including features without permission is prohibited

**ARCHI PUBLICATIONS**
**(A divn. of AFCL)**
**311 to 313, Nalanda Enclave, Opp. Sudama Resorts, Pritamnagar 1st Dhal, Ellisbridge, Ahd. - 06**
**Ring : : 26576639/Fax : 26579996**
**: E-mail :**
**smartinvest25@gmail.com**
**smartinvest25@yahoo.in**
**web : smartinvestment.in**

## માર્કેટ ટીપ્સમાં ફરતાં શેરો

Dilip K. Shah

**Godrej Properties (Rs. 332.00) (Code : 533150) (F. V. : 5.00) :-** મુંબઈ સ્થિત અગ્રણી રિયલ એસ્ટેટ કંપની ગોદરેજ પ્રોપર્ટીઝે ગ્રેટર નોઈડામાં સૌપ્રથમ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. કંપનીએ ૧૦૦ એકરની ગોલ્ફ થીમ આધારીત ટાઉનશીપની યોજના શરૂ કરી છે. ગ્રેટર નોઈડા પ્રોપર્ટી માર્કેટ છેલ્લાં ત્રણ વર્ષમાં ઝડપથી વિકસ્યું છે. આ પ્રોજેક્ટ ગ્રેટર નોઈડાના સેક્ટર ર૭માં આકાર લેશે. તે લો-ડેન્સિટી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ રહેશે, જેમાં ૯-હોલનું ગોલ્ફ કોર્સ અને વિલા રહેશે. નેશનલ કેપિટલ રિજનમાં ગોદરેજ પ્રોપર્ટીઝનો આ સાતમો પ્રોજેક્ટ છે. કંપનીએ દરમિયાન પુણેમાં ત્રણ પ્રીમિયમ ટાવરની સ્કીમ લોન્ચ કરી દીધી છે. ગોદરેજ ઈન્ફિનીટ નામથી આ પ્રોજેક્ટ આકાર લઈ રહ્યેય છે. ઓક્સફોર્ડ ગ્રુપ અને એકતા વર્લ્ડ સાથે મળીને કંપની આ પ્રોજેક્ટ વિકસાવીરહી છે. ગોદરેજ પ્રોપર્ટીઝનું બિઝનેસ મોડેલ ખૂબ જ સારું છે અને તે જમીન માલિક સાથે પાર્ટનરશીપ કરીને નફામાં ૫૦ ટકા હિસ્સો મેળવી લે છે. આથી તેનું માર્જિન પણ સારું રહે છે. પ્રમોટરોનું કંપનીમાં ૭૫ ટકા હોલ્ડિંગ છે. ઈન્સ્ટિટ્યૂશન્સનું ૮ ટકા હોલ્ડિંગ છે. આ શેર સતતત નવી ટોચ બનાવે છે. તેમાં ખરીદી કરો.

**Igarashi Motors (Rs. 645.00) (Code : 517380) (F. V. : 10.00) :-** ઈગારશીએ માર્ચના ક્વાર્ટરના એકંદરે સારા પરિણામ આપ્યા છે, જેને પગલે સિસ્ટેમેટિક્સ શેર્સ એન્ડ સ્ટોક્સે તેમાં ૧૨ મહિનાનો ટાર્ગેટ ભાવ રૂ.૬૦૫થી વધારીને રૂ.૭૦૫ કરી નાખ્યો છે. આગામી બે વર્ષમાં કંપની મજબૂત વૃદ્ધિદર દર્શાવશે. આગારશી ગ્લોબલ પાવરટ્રેન ટેક્નોલોજીમાં અગ્રેસર છે અને ઝડપથી આગળ વધી રહ ી છે. વૈશ્વિક ઈટીસી મોટર્સ માર્કેટમાં તે ૩૫ ટકા બજાર હિસ્સો ધરાવે છે. ઈન્ડસ્ટ્રી સ્પેસિફિક અને કંપની સ્પેસિફિક પ્રોડક્ટ્સનું ખૂબ જ સારું સંતુલન કંપનીએ જાળવ્યું છે. મોટર વોલ્યુમ અને નફાકારકતા આગામી બેથી ચાર વર્ષમાં નોંધપાત્ર વધશે તેવી સંભાવના છે. એપ્લિકેશન ડાયવર્સિફિકેશનનો પણ તેને ફાયદો મળશે. કંપનીએ આગામી બે વર્ષમાં તેની આવકનો અંદાજ ૫-૬ ટકા વધાર્યો છે. વોલ્યુમમાં એક ટકાનો વધારો થશે. છેલ્લાં ત્રણ મહિનામાં ઈગારશીનો શેર ૩૦ ટકા ઉછળી ગયો છે. હજી પણ તેમાં મોમેન્ટમ જળવાઈ રહેશે. ખરીદી કરો.

**Indo Count Industries (Rs. 915.00) (Code : 521016) (F. V. : 10.00) :-** ઈન્ડો કાઉન્ટ ઈન્ડસ્ટ્રીઝનો માર્ચના ક્વાર્ટરનો નેટ પ્રોફિટ ચાર ટકા વધીને રૂ.૬૮ કરોડ થયો હતો. તેની આવક ૭ ટકા વધીને રૂ.૫૨૫ કરોડ થઈ હતી. કંપનીએ રૂ.૩૦૦ કરોડની વિસ્તરણ યોજના પણ જાહેર કરી છે. ઈન્ડોકાઉન્ટ દેશની અગ્રણી ઈન્ટિગ્રેટેડ હોમ ટેક્સટાઈલ કંપની છે. ઉત્કૃષ્ટ પ્રોડક્ટ્સ અને પ્રતિષ્ઠિત ગ્રાહકોની સતત વધતી સંખ્યાને કારણે કંપની આજે વોલમાર્ટ, જેસી પેની સહિતની જાયન્ટ મલ્ટિનેશનલ બ્રાન્ડ્સ માટે સપ્લાય કરે છે. કંપની ઈન્ટિગ્રેટેડ ટેક્સટાઈલ સેક્ટરમાં પ્રતિષ્ઠિત નામના ધરાવે છે. બિઝનેસમાં પણ સારું માર્જિન ધરાવે છે. ટેક્સટાઈલ ક્ષેત્રે એનલિસ્ટ્સ માટે તે ફેવરીટ સ્ટોક છે, જેનું ફન્ડામેન્ટલ પણ ખૂબ જ મજબૂત છે. શહેરી વિસ્તારોમાં ઉપભોગનું પ્રમાણ વધી રહ્યું છે અને સતત વધશે તે જોતાં હોમ ટેક્સટાઈલ સ્પેસ રોકાણના અવસર માટે એક આકર્ષક ક્ષેત્ર બની ગયું છે. કંપની તેની પ્રોડક્ટ્સનું ૪૯ દેશોમાં વેચાણ કરે છે. અમેરિકામાંથી સૌથી વધુ ૬૫ ટકા આવક મેળવે છે. વિશ્વમાં હોમ ટેક્સટાઈલ ક્ષેત્રે તે ૧૩મા ક્રમની સૌથી મોટી સપ્લાયર છે. આ શેર મલ્ટિબેગર સાબિત થશે. રોકાણ કરો અને જાળવી રાખો. ઘટાડે વધારે ખરીદી કરો.

**LIC Housing Fin. (Rs. 473.00) (Code : 500253) (F. V. : 2.00) :-** એલઆઈસી હાઉઈસિંગ ફાઈનાન્સનો નેટ પ્રોફિટ ૪૪૮ કરોડ થઈ ગયો હતો, જે ૧૯ ટકાની વૃદ્ધિ દરશાવે છે. તેનો લોન પોર્ટફોલિયો ૩૩ ટકા વધ્યો હતો. માર્જિન પણ ૨.૭ ટકા જેવું વધ્યું હતું. નેટ ઈન્ટરેસ્ટ ઈન્કમ ૨૬ ટકા વધી હતી. કંપની આગામી બે વર્ષમાં વાર્ષિક ૨૦ ટકાના ચક્રવૃદ્ધિદરે વૃદ્ધિ કરશે તેવો અંદાજ છે. RBIએ આગામી મીટીંગમાં વ્યાજદરમાં ઘટાડો કરશે તેવા ચોક્કસ નિવેદન થકી હાઉસિંગ ફાઈનાન્સ કંપનીઓને તેનો સારો એવો ફાયદો થશે. LIC હાઉસિંગ ફાઈનાન્સ દેશની બીજા ક્રમની સૌથી મોટી હાઉસિંગફાઈનાન્સ કંપની છે. તેનુ ધિરાણ રૂ.૧,૦૮,૩૬૧ કરોડનું છે, જે છેલ્લાં સાત વર્ષમાં બમણું થઈ ગયું છે. લોન બુક વાર્ષિક ૨૫ ટકાના જબરદસ્ત ચક્રવૃદ્ધિદરે વધી ગઈ છે, જે આ સેક્ટરની સરેરાશ ૧૫-૧૭ ટકા વૃદ્ધિ સામે ખૂબ જ સારી છે. માર્ચ-૨૦૧૫ના રોજકુલ લોન બુક ૧૯ ટકાવધીને રૂ.૧.૦૮ લાખ કરોડ થઈ હતી. તેનો લોન બુકનો મોટાભાગનો પોર્ટફોલિયો ઈન્ડિવિજ્યુઅલ લોનનો છે. ૯૩ ટકા જેવી લોન રિટેલ પોર્ટફોલિયોાં જ છે. ૮૮ ટકા કસ્ટમર પગારદારવર્ગ જ છે, જેને કારણે જ NPAની સમસ્યા તેને સ્પર્શી નથી. ફન્ડામેન્ટલી મજબૂત આ શેરમાં દરેક ઘટાડે ખરીદી કરો.

**KPIT Technologies (Rs. 185.00) (Code : 532400) (F. V. : 2.00) :-** કેપીઆઈટી ટેક્નોલોજીઝ અગાઉ કેપીઆઈટી ક્યુમિન્સ તરીકે ઓળખાતી હતી. ૧૯૯૦માં તેની આઈટી સર્વિસીઝ કંપની તરીકે સ્થાપના થઈ હતી. હવે તે આઈટી કંપનીમાંથી ખૂબ જ આગળ નીકળી ગઈ છે અને ફ્યુચરિસ્ટિક પ્રોડક્ટ્સ બનાવતી અગ્રેસર ટેક્નોલોજી કંપની બની ગઈ છે. આજે કંપની ૨૦૦ ગ્લોબલ ક્લાયન્ટ્સ ધરાવે છે, જેમાં ઓટોમોબાઈલ, એનર્જી, લાઈફ સાયન્સીસ સહિતના ક્ષેત્રોના ક્લાયન્ટ્સનો સમાવેશ છે. તેનું પીઈએસ ડિવિઝન આવકમાં ૨૯ ટકા યોગદાન આપે છે. એનટરપ્રાઈઝ સોલ્યુશન્સ ડિવિઝન ૩૪ ટકા યોગદાન આપે છે. ઓટોમોબાઈલ અને ટ્રાન્સપોર્ટેશન સૌથી વધુ ૪૦ ટકાનું યોગદાન આપે છે. માર્ચના ક્વાર્ટરમાં KPIT ટેક્નોલોજીઝનો નેટપ્રોફિટ ૨૦ ટકા વધીને રૂ.૮૮ કરોડ થઈ ગયો હતો. ડિસેમ્બરના ક્વાર્ટરમાં પ્રોફિટ રૂ.૭૩ કરોડ હતો. નેટ વેચાણ ૩ ટકા વધીને રૂ.૮૪૦ કરોડ થયું હતું. આ શેર છેલ્લાં ત્રણ મહિનામાં ૩૦ ટકા જેવો ઉછળીને રૂ.૧૮૪ બંધ આવ્યો છે. તેની ઈક્વિટી કેપિટલ રૂ.૩૭ કરોડની છે. આ શેર દરેક ઘટાડે ખરીદો.

*__Disclosures__ as per SECURITIES AND EXCHANGE BOARD OF INDIA (Research Analysts) Regulation, 2014; • I and / or my clients may have investment in this stocks • I/My family have no financial interest or beneficial interest of more than 1% in the company whose stocks I am recommending • Stop loss is useful for Short / Medium Term investor Only • Smart Investment will not be responsible / liable for any loss arising out of investment based on tis advices • Past performance may or may not be substainedin future*

***(Dilip K. Shah) Research Analyst : SEBI Regn No. : INH000002152***

## ધ્યાનમાં રાખવા જેવા શેરો...

**Indusind Bank (Rs. 1112.00) (Code : 532187) (F. V. : 10.00) :-** ઈન્ડસઈન્ડ બેન્કનો માર્ચના ક્વાર્ટરનો નેટ પ્રોફિટ ૨૫ ટકા ઉછળી ગયો હતો અને રૂ.૬૨૦ કરોડ થઈ ગયો હતો. ગત વર્ષે આ ગાળામાં પ્રોફિટ રૂ. ૪૯૫ કરોડ હતો. બેન્કની નેટ ઈન્ટરેસ્ટ ઈન્કમ ૩૭ ટકા ઉછળીને રૂ.૧૨૬૮ કરોડ થઈ ગઈ હતી, જે ગત વર્ષે આ ગાળામાં રૂ.૯૨૫ કરોડ હતી. ગ્રોસ એનપીએ ૩૮ ટકા વધીને રૂ.૭૭૭ કરોડ થઈ હતી. જોકે તેમ છતાં નેટ એનપીએ ૦.૮૭ ટકા જ હતી. ગતવર્ષે આ ગાળામાં નેટ એનપીએ ૦.૮૨ ટકા હતી. ઈન્ડસઈન્ડ બેન્કનું ધિરાણ ૨૮ ટકાવધીને રૂ.૮૮૪૧૯ કરોડ થયું હતું, જ્યારે ડિપોઝીટ ૨૫ ટકા વધીને રૂ.૭૪૧૩૬કરોડ થઈ હતી. બેન્કનું પ્રમોટર હોલ્ડિંગ ૧૪.૯ ટકા છે, જ્યારે ઈન્સ્ટિટ્યૂશન્સનું હોલ્ડિંગ ૫૪.૭૨ ટકા જેવું જંગી છે. આ શેરમાં વર્તમાન ભાવે રોકાણ કરો.

**Zee Entertainment (Rs. 458.00) (Code : 505537) (F. V. : 1.00) :-** ઝી એન્ટરટેઈનમેન્ટે ખૂબ સારા પરિણામ જાહેર કર્યા છે, જેને પગલે તેના શેરમાં પણ ચમકારો જોવા મળ્યો છે. કંપનીનો નેટ પ્રોફિટ ૧૩ ટકા વધીને રૂ.૨૬૧કરોડ થઈ ગયો હતો. તેની આવક ૧૪ ટકા વધીને રૂ.૧૫૩૨ કરોડ થઈ ગયો હતો. કંપનીના માર્જિનમાં પણ સુધારો જોવા મળ્યો છે, જેને પગલે તેની ઈપીએસ પણ વધી છે. બ્રોડકાસ્ટિંગ એડવર્ટાઈઝીંગ આવક ધી રહી છે અને બીજી તરફ દેશના અર્થતંત્રમાં પણ સુધારો જોવા મળી રહ્યેય છે. કંપનીએ ભારત ઉપરાંત આંતરરાષ્ટ્રીય માર્કેટમાં પણ ખાસ્સું ખેડાણ કર્યું છે, જેનો તેને ફાયદો મળી રહ્યો છે. ગલ્ફના દેશોમાંથી પણ કંપનીની આવક વધી રહી છે. આગામી બે વર્ષમાં કંપનીની આવક વધવાનો અંદાજ છે. ડિજિટાઈઝેશન ઝડપથી થઈ રહ્યું છે, જેનો પણ કંપનીને ફાયદો થઈ રહ્યો છે. મીડિયા ક્ષેત્રે ફન્ડામેન્ટલી મજબૂત આ શેરમાં મોટાભાગના બ્રોકરેજ હાઉસીસ બુલિશ છે. તેમાં ખરીદી કરો. ઘટાડે વધુ ખરીદી કરો.

**P. I. Industries (Rs. 677.00) (Code : 523642) (F. V. : 1.00) :-** પીઆઈ ઈન્ડસ્ટ્રીઝનો શેર તાજેતરમાં નોંધપાત્ર ઉછળી ગયો છે. કંપનીનો માર્ચના ક્વાર્ટરનો નેટ પ્રોફિટ ૫૮ ટકા ઉછળીને રૂ.૯૫ કરોડ થઈ ગયો હતો. તેની આવક ૯ ટકા વધીને રૂ.૫૮૫ કરોડ થઈ ગઈ હતી. એબિટા નોંધપાત્ર વધ્યું છે. લાઈસન્સયુક્ત પ્રોડક્ટ્સનો મજબૂત પોર્ટફોલિયો હોવાથી કંપનીને તેનો ફાયદો થયો છે. પીઆઈ ઈન્ડસ્ટ્રીઝ એગ્રોકેમિકલ્સ બિઝનેસ ધરાવતી કંપની છે. કંપની નવી પ્રોડક્ટ્સ લોન્ચ કરવાની તૈયારીમાં છે, જેમાં લેગસી બ્રાન્ડની હર્બિસાઈડનો પણ સમાવેશ છે. ચોમાસાનો કેરળમાં ધમાકાભેર આરંભ થઈ ગયો છે અને ઝડપથી દેશના અન્ય ભાગમાં ફેલાઈ રહ્યું છે, જેને કારણે પીઆઈ ઈન્ડસ્ટ્રીઝની પ્રોડક્ટ્સની માંગ વધશે. કંપનીમાં પ્રમોટરોનો બાવન ટકા હિસ્સો છે,જ્યારે ઈન્સ્ટિટ્યૂશન્સનો ૩૪ ટકા જેવો નોંધપાત્ર હિસ્સો છે. આમ, પબ્લિક પાસે માત્ર ૧૩-૧૪ ટકા શેર છે. આ શેર તબક્કાવાર રીતે ખરીદો.

**Torrent Pharma (Rs. 1352.00) (Code : 500420) (F. V. : 5.00) :-** ટોરેન્ટ ફાર્મામાં અનેક બ્રોકરેજીઝે રેટિંગ અપગ્રેડ કર્યું છે. કંપનીને અનેક નવા એપ્રુવલ મળ્યા છે અને મળી રહ્યા છે. બીજી તરફ કંપની આર એન્ડ ડી પર ખાસ્સો ખર્ચ કરી રહી છે. કંપનીએ તાજેતરમાં જ આર એન્ડ ડીમાં ખર્ચમાં ૫૦ ટકા વધારો કરવાની જાહેરાત કરી દીધી છે, જે દર્શાવે છે કે કંપની આગામી સમયમાં અમેરિકા સહિતના બજારોમાં અનેક મહત્ત્વની દવા મૂકશે. કદાચ આર એન્ડ ડીમાં સૌથી વધારે ખર્ચ ટકાવારીની દષ્ટિએ ટોરેન્ટ ફાર્માનો છે. કુલ વેચાણના આઠ ટકા જેવી રકમ કંપની રિસર્ચ અને ડેવલપમેન્ટ પાછળ ખર્ચ કરશે. કંપની ચાલુ વર્ષમાં જ અમેરિકાના બજારમાં ૧૦ નવી પ્રોડક્ટ્સ લોન્ચ કરવા જઈ રહી છે. કંપની અમેરિકાના માર્કેટમાંથી ૩૦ ટકા વેચાણ મેળવી લે છે. જોકે માર્ચના ક્વાર્ટરમાં યુએસ માર્કેટમાં તેનો બિઝનેસ ૧૨૮ ટકા ઉછળી ગયો હતો. તેના દહેજ સેઝ ખાતેના પ્લાન્ટનું યુએસ એફડીએ ઈન્સ્પેક્શન રિપોર્ટ મળી ગયો છે. આગામી સમયમાં ત્યાંતી પણ સારી એવી નિકાસ થશે. ફન્ડામેન્ટલી મજબૂત આ ફાર્મા શેરમાં રોકાણ કરો.

**Gruh Finance (Rs. 278.00) (Code : 511288) (F. V. : 2.00) :-** ગૃહ ફાઈનાન્સ સૌથી વધુ મૂલ્ય ધરાવતી NBFC કંપની છે. છેલ્લાં ત્રણ વર્ષથી કંપની ૨૮ ટકાની વૃદ્ધિ દર્શાવી રહી છે અને તેનો રિટર્ન રેશિયો પણ ખૂબ જ સારો છે. તેને કારણે આ શેરમાં સતત રિરેટિંગ થઈ રહ્યું છે. ગૃહ ફાઈનાન્સ ખાસ કરીને પશ્ચિમ ભારતમાં એફોર્ડેબલ હાઉસિંગ સેગમેન્ટમાં મજબૂત સ્થાન ધરાવે છે. તેની એવરેજ લોન સાઈઝ આઠ લાખ રૂપિયાની છે. ૬૦ ટકાથી વધુ લોન કર્મચારીઓને જ આપે છે. મતલબ કે પગારદાર વર્ગને આપે છે, જે ખૂબ જ સલામત છે. મહારાષ્ટ્ર અને ગુજરાતના ૯૦ ટકા તાલુકા તેણેકવર કરી લીધા છે. સરકારે ગ્રામીણ ક્ષેત્ર આધારીત બજેટ આપીને સ્પષ્ટ કર્યું છે કે આગામી પાંચ વર્ષ ગ્રામીણ ક્ષેત્રે હાઉસિંગની ખાસ્સી માંગ રહેશે, જેનો ગૃહને સારો એવો ફાયદો થશે. આ શેરમાં વર્તમાન ભાવે અને દરેક ઘટાડે ખરીદી કરતાં રહો.

## શેરબજારમાં અફડા - તફડી બાદ તેજી યથાવત....!!!

# નિફટી ફયુચર ૮૧૩૦ થી ૮૩૦૮ પોઈન્ટ ધ્યાને લેશો !!!

**માર્કેટ મુવમેન્ટ**

NIKHIL BHATT
(+919979380808)
WWW.INVESTMENTPOINT.IN



**● _મુંબઈ શેરબજારનો સેન્સેક્સ_** તા. ૬-૬-૨૦૧૬ ના રોજ ૨૬૮૯૭ પોઈન્ટ ખુલીને ૨૬૬૨૦પોઈન્ટની નીચા મથાળેથી ૨૭૧૦૫ પોઈન્ટના ઊંચા મથાળે સપાટીને




| | PV.CLOSE | OPEN | HIGH | LOW | CLOSE | NET |
|---|---|---|---|---|---|---|
| 16.05.2016 TO 20.05.2016 | 25489.67 | 25489.57 | 25927.31 | 25251.90 | 25301.90 | -187.67 |
| 23.05.2016 TO 27.05.2016 | 25301.90 | 25447.72 | 26677.43 | 25181.47 | 26653.60 | 1351.70 |
| 30.05.2016 TO 03.06.2016 | 26653.60 | 26694.75 | 27008.14 | 26561.58 | 26843.03 | 189.43 |
| 06.06.2016 TO 10.06.2016 | 26843.03 | 26897.84 | 27105.41 | 26620.56 | 26635.75 | -207.28 |

સ્પર્શી સાપ્તાહિક ૪૮૫ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૨૦૭ પોઈન્ટના ઘટાડે ૨૬૬૩૫ પોઈન્ટ બંધ થયેલ !!!

**_સેન્સેક્સ (૨૬૬૩૦)_** :- આગામી વધઘટે સંભવિત સેન્સેક્સ ૨૬૪૪૭ પોઈન્ટ પ્રથમ અને ૨૬૩૩૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડિંગ તરફી ૨૬૭૭૦ પોઈન્ટથી ૨૬૮૦૮ પોઈન્ટ, ૨૬૮૮૦ પોઈન્ટના મથાળે સપાટીને સ્પર્શી શકે તેવી શકયતા ધરાવે છે. ટેકનિકલ ચાર્ટ મુજબ ૨૬૮૮૦ પોઈન્ટ આસપાસ તબક્કાવાર નફો બુક કરવો અતિ જરૂરી...!!

**● _મુંબઈ શેરબજારનો નિફટી ફયુચર_** :- ૬-૬-૨૦૧૬ ના રોજ ૮૨૪૮ પોઈન્ટ ખુલીને ૮૧૭૧ પોઈન્ટના નીચા મથાળેથી ૮૩૧૮ પોઈન્ટના ઊંચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૧૪૮ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૪૩ પોઈન્ટના ઘટાડે ૮૧૯૫ પોઈન્ટ બંધ થયેલ ...!!!

**_નિફટી ફયુચર (૮૧૯૫)_** :- આગામી વધઘટે સંભવિત નિફટી ફયુચર ૮૧૩૦ પોઈન્ટના પ્રથમ અને ૮૦૯૬ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપોલસે ટ્રેડિંગ સંદર્ભે ૮૨૩૦ પોઈન્ટથી ૮૨૮૨ પોઈન્ટ, ૮૩૦૮ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૮૩૦૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી.

અંગત અભિપ્રાયરૂપી સાપ્તાહિક રોકાણઅર્થે સ્ટોક્સ....

**_(૧) તાતા મેટાલિક (૩૪૦)_** :- તાતા ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ. ૩૨૭ આસપાસ પ્રર્વતી રહ્યો છે. રૂ. ૩૧૬ ના સ્ટોપલોસથી ખરીદવા લાયક આ સ્ટોક ટુંકાગાળે રૂ. ૩૬૯ થી ૩૮૧ નો ભાવ દર્શાવે તેવી સંભાવના. રૂ. ૩૮૪ ઉપર તેજી તરફી ધ્યાન.

**_(૨) પીટીસી ઈન્ડ. (૧૬૫)_** :-ટેકનિકલી ચાર્ટ મુજબ ૧૫૬ આસપાસ પોઝિટિવ બ્રેકઆઉટ !!! રૂ. ૧૪૮ ના સપોર્ટથી ખરીદવાલયાક આ સ્ટોક રૂ. ૧૭૭ થી ૧૮૯ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે.

**_(૩) રાજ ટીવી (૬૫)_** :- રૂ. ૬૧ નો પ્રથમ તેમજ રૂ. ૫૪ ના બીજા સપોર્ટથી સાપ્તાહિક ટ્રેડિંગ લક્ષી આ સ્ટોક રૂ. ૭૨ થી રૂ. ૮૧ સુધીની તેજી તરફી રૂખ નોંધાવશે.

**_(૪) એસઆઈએલ ઈન્વેસ્ટમેન્ટ (૯૪)_** :- ફાયનાન્સિયલ સર્વિસ સેકટરનો આ સ્ટોક ટુંકાગાળે ટ્રેડિંગ લક્ષી રૂ. ૧૦૭ થી ૧૧૯ ના ભાવની સંભાવના ધરાવે છે. ૮૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો.

**_(૫) એશિયન હોટેલ્સ (૧૪૦)_** :- રૂ. ૧૩૧ નો પ્રથમ તેમજ રૂ. ૧૨૧ ના સ્ટ્રોંગ સપોર્ટથી હોટલ સેકટરનો રોકાણલક્ષી આ સ્ટોક ટુંકાગાળે રૂ. ૧૫૫ થી ૧૬૧ સુધીના




| | PRV. Close | OPEN | HIGH | LOW | CLOSE | NET |
|---|---|---|---|---|---|---|
| 16.05.2016 TO 20.05.2016 | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] |
| 23.05.2016 TO 27.05.2016 | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] |
| 30.05.2016 TO 03.06.2016 | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] |
| 06.06.2016 TO 10.06.2016 | [illegible] | 8248.00 | [illegible] | 8171.10 | 8195.90 | [illegible] |

ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શકયતા છે.

**_(૬) માસ્ટેક (૧૫૦)_** :- સ્થાનિક ફંડોની લેવાલીની શકયતાએ આ સ્ટોકમાં રૂ. ૧૩૭ આસપાસના સપોર્ટથી ડિલીવરીબેઈઝ રોકાણ રૂ. ૧૬૪ થી રૂ. ૧૮૧ ના ભાવની સપાટી દર્શાવે તેવી સંભાવના છે.

**_(૭) આઈનોક્સ લેઝર (૨૧૬)_** :- રીટેઈલ સેકટરનો ફંડામેન્ટલ આ સ્ટોક ટ્રેડિંગ સંદર્ભે રૂ. ૨૦૪ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક. તેજી તરફી ઉછાળે રૂ. ૨૩૨ થી રૂ. ૨૪૫ ના ભાવ આસપાસ નફો બુક કરવો.

**_(૮) સદ્‌ભાવ ઈન્ફ્રા. (૧૦૨)_** :- આ સ્ક્રીપ નજીકનો પ્રથમ રૂ. ૯૬ ના સ્ટ્રોંગ સપોર્ટ સ્ટોપલોસે સાપ્તાહિક અંદાજીત રૂ. ૧૧૪ થી રૂ. ૧૨૦ ના સંભાવીત ભાવની શકયતા છે.

**_(૯) ક્લેરીસ લાઈફ સાયન્સ (૨૧૯)_** :- ટેકનીકલી ચાર્ટ મુજબ ફાર્મા સેકટરનો આ સ્ટોક રૂ. ૨૦૯ આસપાસ રોકાણકારે રૂ. ૨૩૯ થી ૨૫૫ ના ટાર્ગેટભાવની શકયતાએ તબક્કાવાર રોકાણ કરવું. ટુંકાગાળે રૂ. ૧૯૬ સ્ટોપલોસ ધ્યાને લેવો.

(અનુ. પાના નં ૧૨ ઉપર)

Financial Weekly SMART INVESTMENT

Published on Every Sunday "Permitted to post at Ahmedabad PSO on every Monday (weekly) under Postal Regd. No. GAMC - 1530 / 2016 - 2018 Valid up to 31st December - 2018

## Stock Wave

Sarvesh Ashok Trivedi
(Mumbai) (Mob) 09820728124
www.chartsanketstock.com

# શેરોમાં ઉછાળે વેચવાલી જોવાશે

**BSE Index (૨૬૬૩૫.૭૫) :-** ૨૭૧૦૫.૪૦ ના ટોપથી નરમાઈ તરફી છે. દૈનિક, અઠવાડીક તેમજ માસીક ધોરણે ઓવરબોટ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૨૬૭૨૦ ઉપર ૨૬૮૫૦, ૨૬૯૮૦, ૨૭૧૦૫ પ્રતિકારક સપાટી ગણાય. નીચામાં ૨૬૬૧૫ નીચે ૨૬૫૯૦, ૨૬૪૬૦, ૨૬૩૩૦, ૨૬૨૧૦, ૨૬૦૮૦, ૨૫૯૫૦, ૨૫૮૨૦ સુધીની શકયતા. ઉછાળે વેચવાલી જોવાશે.

**Nifty Future (૮૧૯૦.૦૦) :-** ૮૩૧૮.૯૦ ના ટોપથી નરમાઈ તરફી છે. દૈનિક, અઠવાડીક તેમજ માસીક ધોરણે ઓવરબોટ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૮૨૦૫ ઉપર ૮૨૪૫, ૮૨૮૦, ૮૩૧૫ પ્રતિકારક સપાટી ગણાય. નીચામાં ૮૧૬૫ નીચે ૮૧૨૫, ૮૦૮૫, ૮૦૫૦, ૮૦૦૦, ૭૯૭૦ સપોર્ટ ગણાય.

**Bank Nifty Future (૧૭૭૯૭.૦૫) :-** ૧૮૦૨૬.૮૦ ના ટોપથી વેચવાલી જોવા મળે છે. દૈનિક, અઠવાડીક તેમજ માસીક ધોરણે ઓવરબોટ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૮૨૦૫ ઉપર ૮૨૪૫, ૮૨૮૦, ૮૩૧૮ પ્રતિકારક સપાટી ગણાય. નીચામાં ૮૧૬૫ નીચે ૮૧૨૫, ૮૦૮૫, ૮૦૫૦, ૮૦૦૦, ૭૯૭૦ સુધીની શકયતા.

**CIPLA (૪૭૬.૪૫) :-** નીચામાં ૪૫૭.૪૫ સુધી આવીને પ્રત્યાઘાતી ઉછાળો દર્શાવે છે.

(અનુ. પાના નં ૧૨ ઉપર)

**ઈર્શાદ :-** "જીતવાની ઝંખનાથી પર થયો છું હારથી હું એટલો સધ્ધર થયો છું" -'હેમાંગ નાયક'

**Salzer Ele. (રૂા. ૨૧૨.૦૦) (કોડ : ૫૧૭૦૫૯) :-** અન્ય ઈલે. ઈક્વિપમેન્ટ ક્ષેત્રે કાર્યરત આ કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૧૦ છે. B ગ્રુપની આ કંપનીનો શેર વધીને રૂ. ૩૬૪ અને ઘટીને રૂ. ૧૬૦ જોવાયો હતો. સલ્ઝર ઈલે.ની સ્થાપના ૧૯૮૫માં થઈ હતી. આ કંપની સ્વીચ ગીયર્સ વાયર્સ - કેબલ્સ અને એનર્જી મેનેજમેન્ટ બિઝનેસના ગ્રાહકલક્ષી ઈલે. સોલ્યુશન્સ પુરા પાડે છે. આ કંપની ભારતમાં સીએએમ ઓપરેટેડ રોટરી સ્વીચીઝ અને વાયર DUCTS ની સૌથી મોટી ઉત્પાદક છે. આ બન્ને પ્રોડકટસમાં અનુક્રમે ૨૫ અને ૨૦ ટકાનો માર્કેટ હિસ્સો ધરાવે છે. કંપની ૫ લોકેસન્સ ઉપર ઈનહાઉસ મેન્યુ. સુવિધા ધરાવે છે. જેમાં ચાર ઉત્પાદન કેન્દ્રો કોઈમ્બતુર ખાતે અને એક હિમાચલ ખાતે આવેલો છે. આ કંપનીનો ઈન્ડ. સ્વીચગીયર્સનો બિઝનેસ કુલ આવકમાં ૪૭ ટકા, કોપર બિઝનેસ ૩૭ ટકા, એનર્જી મેનેજમેન્ટ ૧૨ ટકા અને બિલ્ડીંગ પ્રોડકટ હિસ્સો ૪ ટકા થવા જાય છે. કુલ આવકમાં ૨૫ ટકા હિસ્સો નિકાસનો છે. કંપની ૪૦ દેશોમાં નિકાસ કરે છે. આ ઉપરાંત દેશભરમાં ૩૫૦ જેટલા ડિસ્ટ્રીબ્યુટર્સ ધરાવે છે. કંપનીએ નાણાંકીય વર્ષ ૨૦૧૬માં ઓસ્ટ્રેલિયાની TRAFO MODERN કંપની સાથે ટેકનીકલ જોડાણ કર્યુ છે. જે એરકુલ્સ ટ્રાન્સફર્મ, ઈન્ડકટર્સનું ઉત્પાદન કરશે. આ ટ્રાન્સફર્મનો નવો પ્લાન્ટ બીજા ક્વાર્ટરમાં કાર્યરત થશે. ૩૧ માર્ચ ૨૦૧૬ ના વર્ષાંતે કંપનીએ ૩૬૧ કરોડના વેચાણ ઉપર રૂ. ૧૭.૦૪ કરોડનો નેટ પ્રોફિટ અને ૧૩.૬૪ કરોડની ઈક્વિટી ઉપર ૧૨.૪૯ નો ઈપીએસ નોંધાવ્યો છે. કંપનીએ ૧૬ ટકા ડિવિડંડ જાહેર કર્યુ છે. માર્ચ ૨૦૧૬ ના ક્વાર્ટરમાં કંપનીએ ૯૯ કરોડના વેચાણ ઉપર ૩.૯૨ કરોડનો નેટ પ્રોફિટ નોંધાવ્યો હતો. કંપનીની વર્તમાન કામગીરી અને વિસ્તરણને ધ્યાનમાં લેતાં આગામી વર્ષાંતે ૨૦ ટકાનો ગ્રોથ નોંધાવે તેવી સંભાવના છે. પ્રમોટર્સ સ્ટેક ૨૫.૯૧ ટકા છે. બુકવેલ્યુ રૂ. ૧૩૮ છે. આ સ્ટોક ટુંકાથી મધ્યમગાળે ૨૫૦ અને લાંબાગાળે ૩૫૦ ની સપાટીને ટચ કરતો જોવાય.

## શ્યોર શોટ્સ

- Dilip K. Shah

**Salzer Ele., TCPL Packaging
Mangalam Cement
Omkar Speciality
Sharda Motor Ind.**

**TCPL Packaging (રૂા. ૫૬૯.૦૦) (કોડ : ૫૨૩૩૦૧) :-** અગાઉ આ કંપની ટ્વેન્ટી ફર્સ્ટ સેન્ચુરી પ્રિન્ટર્સ લીમીટેડ તરીકે ઓળખાતી હતી કંપની પેકેજીંગ સેકટરમાં સક્રિય છે અને સિલવાસા, ગોવા અને હરિદ્વાર ખાતે ફેક્ટરી ધરાવે છે. કંપની સિગરેટ, લીકર, ફૂડ, FMCG જેવા સેકટરની સાથે ઓટોમોબાઈલ્સ, સ્ટેશનરી, ફાર્માસ્યુટીકલ્સ અને એરલાઈન્સ ઈન્ડસ્ટ્રીઝ માટે પણ પેકેજીંગ સોલ્યુશન્સ પુરા પાડે છે. BSE ખાતે B ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસવેલ્યુ રૂ ૧૦ છે.

(અનુ. પાના નં ૧૪ ઉપર)

# RBIની રેટ જાળવણીએ માર્કેટનો મૂડ બગાડ્યો

## Expert's Eye



Dilip Davda
e-mail : dilip_davda@rediffmail.com

ગત સપ્તાહે RBIની મોનેટરી પોલીસીને કારણે મહત્વનું હોવા છત્તાં ગ્લોબલ પરિબળો માર્કેટને ટ્રેડિંગ ઝોનમાં સક્રિય રાખ્યું હતું. અંતે સતત બે પોઝિટિવ સપ્તાહ બાદ રેડમાં બંધ રહ્યું હતું. આરબીઆઈ પોલિસી મિટિંગ સ્ટેટસ ક્વો જાળવશે તે અપેક્ષિત હતું તેથી દરેક ઉછાળે પ્રોફિટ બુકીંગની અસર જોવા મળી હતી. અત્રે એ નોંધવું જરૂરી છે કે, રેન્જ બાઉન્ડ મુવમેન્ટ છત્તાં અઠવાડિયાના મોટાભાગના ગાળામાં પેટર્ન ધીમી પડવા સાથે સૂચકાંકો ૨૦૧૬ ના કેલેન્ડર વર્ષની નવી ટોચ બનાવી હતી.

**Best Buy**
**Abbott India, Indo Tech, Prima Plast**

અઠવાડિયા દરમ્યાન નિફટી ૮૨૯૪.૯૫ થી ૮૧૬૨.૮૫ અને સેન્સેક્સ ૨૭૧૦૫.૪૦ થી ૨૬૬૨૦.૫૦ ની રેન્જમાં ટ્રેડ થયા હતા.

**સેકન્ડરી માર્કેટ**

સોમવારે બજાર સુધારા સાથે ખુલ્યું અને રેડમાં બંધ રહ્યાં પહેલા વોલેટાઈલ ટ્રેડિંગ થવા પામ્યું હતું. નિફટી ૧૯.૭૫ પોઈન્ટ ઘટીને ૮૨૦૧.૦૫ અને સેન્સેક્સ ૬૫.૫૮ પોઈન્ટ ઘટીને ૨૬૭૭૪.૪૫ ના લેવલે બંધ રહ્યા હતા. આરબીઆઈની પોલિસી મીટીંગના પગલે બેન્કિંગ કાઉન્ટરો સુધર્યા હતા જ્યારે સ્મોલ - મિડકેપ માં પ્રોફિટ બુકીંગ જોવા મળ્યું હતું. એફઆઈઆઈ કેશમાં નેટ બાયર હતા.

મંગળવારે બજાર ઊંચા લેવલે ખુલ્યું અને સૂચકાંકો સાંકડી રેન્જમાં મુવ થયા હતા અને અંતે ગ્રીનમાં બંધ રહ્યા હતા. નિફટી ૬૫.૪૦ પોઈન્ટ વધીને ૮૨૬૬.૪૫ અને સેન્સેક્સ ૨૩૨.૨૨ પોઈન્ટ વધીને ૨૭૦૦૯.૬૭ ના લેવલે બંધ રહ્યા હતા. યુએસ ફેડ બેન્કે ટુંકાગાળાના દરો જાળવવા સંકેત સારા જ્યારે આરબીઆઈ પણ સ્ટેટસ ક્વો જાળવી રાખ્યું તેને પગલે બન્ને તરફી મુવ થયું હતું. એફઆઈઆઈ નેટ બાયર જોવા મળ્યાં હતા.

**Dividend Announcement**

During the week till Wednesday dividend announcements came in from Hind Alum (16%), Kesar Terminal (10%), Shalibhadra Fin (10%), Intec Cap (2.5%), Nivedita Merc (5%), SMIFS Cap (7.5%), Info Edge (10%) etc.

બુધવારે માર્કેટ ફર્મ નોટ સાથે ખુલ્યું હતું અને ફ્લેટ રહેવા સાથે ગ્રીનમાં બંધ રહ્યું હતું. નિફટી ૬.૬૦ પોઈન્ટ વધીને ૮૨૭૩.૦૫ અને સેન્સેક્સ ૧૦.૯૯ પોઈન્ટ વધીને ૨૭૦૨૦.૬૬ ના લેવલે ગ્રીનમાં બંધ રહ્યા હતા. ખાંડ ક્રુડ છેલ્લાં ૧૦ મહિનાની નવી ટોચે સ્પર્શ્યા હતા અને વર્લ્ડ બેન્કે વર્લ્ડ જીડીપી ટાર્ગેટ ઘટાડતા સૂચકાંકો સૂધર્યા. કેરલમાં ચોમાસાના આગમન અને એફઆઈઆઈ નેટ બાયર રહેતા બજાર ગ્રીનમાં બંધ રહ્યું હતું.

**Jiya Eco board is meeting on 16.06.16 to consider bonus issue**

ગુરૂવારે પણ સૂચકાંકો રેન્જ બાઉન્ડ ટ્રેડ થયા હતા અને રેડમાં બંધ રહ્યા. નિફટી ૬૯.૪૫ પોઈન્ટ ઘટીને ૮૨૦૩.૬૦ અને સેન્સેક્સ ૨૫૭.૨૦ પોઈન્ટ ઘટીને ૨૬૭૬૩.૪૫ ના લેવલે બંધ રહ્યા હતા.

(અનુ. પાના નં ૧૨ ઉપર)

## Smart Tips

Smita N. Zaveri

**Sanghi Industries, Dhanlaxmi Bank, Sintex Ltd., Ashok Leyland, AVT Natural Pro.**

**Sanghi Industries (રૂા. ૭૨.૦૦) (કોડ : ૫૨૬૫૨૧) :-** સીમેન્ટ અને સીમેન્ટ પ્રોડકટસનું ઉત્પાદન કરતી B ગ્રુપની આ કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૧૦ છે. શેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને રૂ. ૭૯ અને ઘટીને રૂ. ૪૪ જોવાયો હતો. સાંધી ઈન્ડ. તે ગુજરાતનું અગ્રણી સીમેન્ટ ગ્રુપ છે. સીમેન્ટ પ્રોડકટસની વધતી જતી માંગના પગલે આ કંપનીનું યોગ્ય લોકેશન તેમજ ઓપરેટીંગ ક્ષમતાને ધ્યાનમાં લેતાં સારો એવો લાભ મળતો જોવાશે. ચાલુ વર્ષે સામાન્ય કરતાં સારા ચોમાસાના આશાવાદે રૂરલ ઈકોનોમી ડેવલપમેન્ટ ઉપર સરકારનું ફોકસ, ઈન્ફ્રા ક્ષેત્રે પ્રવૃત્તિમાં થઈ રહેલ વૃદ્ધિ અને વર્ષોથી ખોરવાયેલા પ્રોજેક્ટ ફરીથી કાર્યરત બનતા સીમેન્ટ ઈન્ડ. ટર્નએરાઉન્ડ તબક્કામાં પ્રવેશી ચુકી છે. સાંધી ઈન્ડ. એ છેલ્લાં બે વર્ષ દરમ્યાન સાધારણ કામગીરી નોંધાવ્યા બાદ આ કંપનીના નાણાંકીય કામગીરીમાં ઝડપી રીકવરી જોવાઈ છે. આગામી વર્ષમાં સીમેન્ટ ડિસ્પેચીસ ૮ ટકાના CAGRથી ગ્રોથ હાંસલ કરે તેવી સંભાવના છે. કંપનીએ ૩૧ માર્ચ ૨૦૧૫-૧૬ ના અંતે રૂ. ૭૭૭ કરોડની આવક ઉપર ૧.૫૩ કરોડનો નેટ પ્રોફિટ નોંધાવ્યો હતો. ઓપરેટીંગ પ્રોફિટ માર્જીન ૧૦.૭૧ ટકાના રહ્યા હતા. ઈક્વિટી ૨૬૨.૬૪ કરોડ, નેટવર્થ ૯૫૪ કરોડ, માર્કેટ કેપ રૂ. ૧૫૯૫ કરોડ, બુકવેલ્યુ રૂ. ૪૨ છે. આ કંપનીએ તાજેતરમાં સીમેન્ટના ભાવમાં ૮ થી ૯ ટકાનો વધારો કર્યો છે જેની અસર આગામી ક્વાર્ટરમાં જોવાશે. આ સ્ટોક ટુંકા ગાળે બાવન સપ્તાહની સપાટી કુદાવી બે થી ત્રણ ક્વાર્ટરમાં ૧૦૦ ની નજીક ક્વોટ થતો જોવાય.

**Dhanlaxmi Bank (રૂા. ૨૧.૦૦) (કોડ : ૫૩૨૧૮૦) :-** પ્રાઈવેટ સેકટરની ધનલક્ષ્મી બેન્ક B ગ્રુપની કંપની છે. શેરની ફેઈસવેલ્યુ રૂ. ૧૦ છે. શેરનો બાવન સપ્તાહનો હાઈ ભાવ વર્ષ દરમ્યાન વધીને રૂ. ૩૪ અને ઘટીને રૂ. ૧૭ જોવાયો હતો. કેરળ સ્થિત આ ખાનગી બેન્ક હાલમાં મૂડીની અછતને કારણે આરબીઆઈ તેને નોટિસ ફટકારી હતી. ટુંક સમયમાં બેન્ક મુડી મેળવવા માટે વ્યુહાત્મક રોકાણકારોનો સંપર્ક સાધવાની ફરજ પડશે.

(અનુ. પાના નં ૧૪ ઉપર)

# D(en)O(f)W(ealth) : કરેક્શનના તબક્કામાં પણ ધમાકેદાર ધડાકો

## Dow Scheme :-

## સબસ્ક્રાઈબર્સને જોરદાર રિર્ટન્સ

**તા. 3 મે ૨૦૧૬ ના રોજ Dow Scheme દ્વારા IOL Chemicals નો સ્ટોક રૂ. ૧૦૩ ના ભાવે ખરીદવા જણાવ્યો હતો જે સ્ટોક માત્ર એક જ મહિનાનાના ટુંકાગાળામાં વધીને રૂ. ૧૩૦ થઈ ગયો છે એટલે કે, અમારા સબસ્ક્રાઈબર્સને એક જ મહિનામાં ૨૬ ટકાનું માતબર રીર્ટન મળ્યું છે. આ સિવાય જોઈએ તો, અમોએ અહીંથી ભલામણ કરેલ Gandhi Sepcial Tubes માં BTST ટ્રેડમાં ૧૫ ટકાનું રીર્ટન મળ્યું છે. BAJAJ ELE. માં રૂ. ૨૩૩ વાળો શેર માત્ર ૧૫ દિવસના ટુંકાગાળામાં ૧૦ ટકા વધીને રૂ. ૨૫૭ જેટલો થઈ ગયો. થોડા પાછળ જઈએ તો, સૂર્યલક્ષ્મી કોટનમાં બે મહિના કરતાં ઓછા સમયમાં ૩૮ ટકા અને સુદર્શન કેમિકલ્સના શેરમાં 3 જ મહિના કરતાં ઓછા સમયમાં ૬૦ ટકા જેટલુ માતબર રીર્ટન રોકાણકારોને મળેલ છે. આ જો કોલમમાં ભલામણ કરેલ KEI ઈન્ડ. ૧૮ જુનના રોજ ભલામણના દિવસે માત્ર રૂ. ૬૩ હતો જે હાલ વધીને રૂ. ૧૦૫ નો ભાવ બોલાય છે. આ ઉપરાંત અનેક સ્ટોક્સમાં હાલ સારા એવા રીર્ટન મળી રહ્યાં છે જેની વિગતવાર માહિતી અત્રે બોક્સમાં દર્શાવેલ છે.**

| Date | Stock | Reco. Rate | Target (Rs.) | Achieved Rate | Return (%) |
|---|---|---|---|---|---|
| 22nd May | SUZLON | 25 | 32-45 | 28 | 12% |
| 26th May | GOLDIAM INT | 28 | 38 | 64 | 129% |
| 28th May | PONDY OXIDE | 75 | 82 | 155 | 107% |
| 9th June | INDUS BANK | 810 | 880 | 1132.5 | 40% |
| 18th June | KEI IND | 63 | 90 | 126.4 | 101% |
| 18th June | VRL LOGI | 305 | 335-350 | 479 | 57% |
| 18th June | KALPATARU POWER | 241 | 270 | 292 | 21% |
| 18th June | SUPRAJIT ENG | 128 | 150 | 175 | 37% |
| 26th June | IBULLS HOUSING | 620 | 675-900 | 820 | 32% |
| 2nd July | MRPL | 76.5 | 85-105 | 83 | 8% |
| 13th July | FSL | 33.25 | 40-55 | 45.9 | 38% |
| 14th July | JAIN IRRIGATION | 75 | 95-125 | 79 | 5% |
| 28th July | BAJAJ FINANCE | 5150 | 5600 | 8095 | 57% |
| 31st July | JINDAL SAW | 78 | 95-125 | 85.5 | 10% |
| 3rd Aug | HFCL | 15 | 20-35 | 24.7 | 65% |
| 5th Aug | SUBEX | 16.5 | 18.5-22 | 18.35 | 11% |
| 17th Aug | J M FIN | 52.5 | 60 | 54 | 3% |
| 11th Sep | NAVKAR CORP | 166 | 185-190 | 221 | 33% |
| 11th Sep | ECLERX SERVICES | 1760 | 2000 | 1949 | 11% |
| 11th Sep | KSCL | 457 | 530-550 | 543 | 19% |
| 24th Sep | GHCL | 142 | 165-200 | 176 | 24% |
| 6th Oct | CHENNAI PETRO | 238 | 275-350 | 247 | 4% |
| 7th Oct | HFCL | 16.7 | 20-25 | 24.7 | 48% |
| 12th Oct | ARSS INFRA | 36.5 | 50-54 | 58.7 | 61% |
| 14th Oct | ASHOK LEYLAND | 94.25 | 105-110 | 112.8 | 20% |
| 4th Nov | LLOYD ELE | 274 | 315-350 | 329 | 20% |
| 16th Nov | TANLA SOL | 36.5 | 50 | 52.6 | 44% |
| 21st Nov | PRIMA PLAST | 83 | 100-125 | 172 | 107% |
| 26th Nov | PRATIBHA IND | 45 | 55 | 51 | 13% |
| 16th Dec | COMPETENT | 140 | 185-190 | 178 | 27% |
| 21st Dec | SUN PHARMA | 750 | 1000 | 898 | 20% |

| Date | Stock | Reco. Rate | Target (Rs.) | Achieved Rate | Return (%) |
|---|---|---|---|---|---|
| 30th Dec | MAN IND | 98 | 130-170 | STOP LOSS | |
| 7th Jan | SUNIL HITECH | 265 | 300-350 | STOP LOSS | |
| 8th Jan | ASM TECHNO | 195 | 230-300 | 220 | 13% |
| 15th Jan | TYCHE IND | 50 | 72 | STOP LOSS | |
| 27th Jan | ASHOKA BUILD | 192 | 230 | STOP LOSS | |
| 5th Feb | SWISS GLASS | 118 | 150 | 134 | 14% |
| 19th Feb | ELEGANT MARBLE | 95 | 125 | 121 | 27% |
| 3rd March | SHIVALIK BI | 22 | 27-35 | 26 | 18% |
| 8th March | SUDARSHAN CHE | 86 | 115 | 138 | 60% |
| 21st March | J K TYRE | 83 | 105-135 | 88.3 | 6% |
| 21st March | NHPC | 21.85 | 27-32 | 24.9 | 14% |
| 29th March | LLOYD ELE | 235 | 300 | 285 | 21% |
| 5th April | ELECON ENG | 59 | 75 | 66.6 | 13% |
| 5th April | MAN IND | 68 | 85 | 75 | 10% |
| 8th April | SURYALAKSHMI COTTON | 112 | 130-175 | 155 | 38% |
| 8th April | SUBEX | 10.1 | 13.75-16.5 | 11 | 9% |
| 13th April | CAREER POINT | 118 | 135-175 | 125 | 6% |
| 13th April | KLRF | 58 | 75-110 | 67 | 16% |
| 26th April | BENGAL TEA | 50 | 60-65 | 56 | 12% |
| 29th April | WALCHAND PEOPLE | 106 | 145 | 130 | 23% |
| 3rd May | IOL CHEM | 103 | 150-250 | 130 | 26% |
| 5th May | INDIGO | 1075 | 1200 | 1095 | 2% |
| 6th May | PPAP AUTO | 144 | 175-200 | 157 | 9% |
| 13th May | HP COTTON | 53 | 75 | 59 | 11% |
| 16th May | GANDHI SPE TUBE | 235 | 300 | 269.85 | 15% |
| 16th May | BAJAJ ELE | 233 | 265 | 257 | 10% |
| 19th May | ITD CEMENT | 127 | 175 | 132 | 4% |
| 19th May | ASM TECHNO | 195 | 220 | 203 | 4% |
| 27th May | KUSHAL TRADE | 145 | 175-225 | 151 | 4% |

Printed by Dilip K. Shah, Published by Dilip K. Shah, Owner by Dilip K. Shah. Printed at Allied Offset Printer Pvt. Ltd. 14/2, Kalidas Mill Compound, Gomtipur, Ahmedabad-380021. Published from 311 to 313, Nalanda Enclave, Opp. Sudama Resorts, Pritam Nagar1st Dhal, Ellisbridge, Ahmedabad. Editor : Dilip K. Shah